# શિક્ષણ વિચારવિશ્વ

## હસ્તલિખિત અંક

વર્ષ : ૨૦૨૩-૨૪



કૉલેજ ઑફ એજ્યુકેશન-ખરોડ
મુ.પો. ખરોડ તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, ગુજરાત
પીન-૩૯૪૧૧૫

Scanned with CamScanner

Page :
Date : 05 / 09 /2023

## ૩૩મો કૉલેજ સ્થાપના પર્વ અને શિક્ષકદિન નિમિત્તે

કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ એટલે શિક્ષણ-પ્રશિક્ષણ ની તાલીમી સંસ્થા. ભાવિ શિક્ષકોને ઘડનારની સંસ્થા. અહીં પ્રવેશ મેળવનાર પ્રશિક્ષણાર્થી ભાઈ-બહેનો પોતાની વ્યાવસાયિક કારકિર્દી તરીકે શિક્ષક વ્યવસાયને પસંદ કર્યો છે ત્યારે શિક્ષક, શિક્ષણ, કેળવણી જેવા શબ્દો, વિભાવના અને મહાન વિચારકો જેવા કે ટાગોર, ગાંધીજી, રાધાકૃષ્ણન, ગુણવંત શાહ જેવા અનેક ખ્યાતનામ વિચારકો દ્વારા અપાયેલ શિક્ષણ અંગેના વિચારો ને સમજે અને પોતાના શિક્ષક વ્યવસાયને વધુ ઉમદા અને સેવાકારી બનાવી સંનિષ્ઠ શિક્ષક તરીકે આગવું સ્થાન મેળવે તેવા શુભઆશય સાથે F.Y. B.Ed. (૨૦૨૩-૨૪) ના પ્રશિક્ષણાર્થી દ્વારા આ હસ્તલિખિત અંક તૈયાર કરવાનું IQAC માં નિશ્ચિત કરવામાં આવ્યું.

પ્રાચાર્ય, પી. આર. માસ્ટર સાહેબની સંમતિથી આ વિચારને આકાર આપતાં "શિક્ષણ વિચાર વિશ્વ" શીર્ષક હેઠળ તૈયાર થયેલ હસ્તલિખિત ૨૦૨૩-૨૪ આપની સમક્ષ રજૂ કરતાં આનંદ ની ક્ષણોનો અનુભવી રહ્યા છું. આ તબક્કે અંક તૈયાર કરવામાં શૈક્ષણિક સ્ટાફ નો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ રહ્યો છે. તે બદલ તેઓ માટે આભારની લાગણી વ્યક્ત કરું છું. આ હસ્તલિખિત અંક બનાવવા માટે F.Y. B.Ed ના 40 જેટલા વિદ્યાર્થીઓનો સહયોગ પ્રાપ્ત થયો છે. તેમના પ્રયત્નને અભિનંદન પાઠવું છું.

Librarian
College of Education
Kharod, Ta. Ankleshwar,
Dist. Bharuch (Guj.)
Pin: 394115



03
SAKHEE
Scanned with CamScanner

Page :
Date : / /202

વાંચી, વિચારી શિક્ષણ પ્રક્રિયાનું કામ કરતાં શિક્ષકો, વિચારકોના વિચારો ઉપર સતત ચિંતન, વિચાર પ્રક્રિયા થતી રહે છે.

શિક્ષણકાર્યના વ્યવસાયમાં ડગલાં ભરતાં આગામી પ્રશિક્ષણાર્થીઓ આ પ્રક્રિયામાં સંલગ્ન છે તેનું પરિણામ નમૂના આ રહ્યા.....

મનુષ્યનાં લક્ષણ બદલવાની પ્રક્રિયા વિશે અહીં નોંધાયેલ વાતો દ્વારા આંખ અને પાંખ મેળવવાના નાના, નાના પ્રયત્નો.....

પ્રણામ માર.૨૨

PRINCIPAL
College of Education
Kharod, Ta. Ankleshwar.



SAKHEE

Scanned with CamScanner

COLLEGE OF EDUCATION
KHAROD
Code 32
(DP)

Page :
Date : / /202

વ્યક્તિના જીવનને ઘણા પરિબળો પ્રભાવિત કરે છે. એ પૈકીનું એક મહત્વપૂર્ણ પરિબળ એટલે શિક્ષણ. શિક્ષણનું આપણે કેટલું મહત્ત્વ સમજીએ છીએ, એના કરતા અનેકગણું વધારે છે. શિક્ષણ માણસને સાચા અર્થમાં માણસ બનાવે છે. શિક્ષિત વ્યક્તિ કોઈનો ક્યાં મહોતાજ થાય છે.... શિક્ષણ મેળવનાર વ્યક્તિ એક રીતે ગૌરવાન્વિત થાય છે.... સાથે સાથે સમાજ અને રાષ્ટ્રનો પણ ઉદ્ધાર થાય છે. સમાજ ઘડતર અને સમાજોદ્ધાર એ શિક્ષણનું અંતિમ લક્ષ્ય છે. આ દિશામાં કોલેજના પ્રયાસો પ્રશંસનીય એ દિશા જ આવકાર છે.... આવો જ એક પ્રયાસ એટલે પ્રસ્તુત હસ્તલિખિત અંક.

કોલેજના પ્રશિક્ષણાર્થીઓ - ભાવિ શિક્ષકો દ્વારા આકાર પામેલ આ હસ્તલિખિત અંક પ્રશિક્ષણાર્થીઓને વિચાર કરવાની દિશામાં પ્રવૃત્ત કરશે એવી અપેક્ષા છે.

સૌનો આભાર, સૌને અભિનંદન

COLLEGE OF EDUCATION
KHAROD
Code 32
(DP)

4.8.2023

શિક્ષણ એક વ્યાપક અને વિસ્તૃત સંજ્ઞા છે. શિક્ષણ પ્રત્યેક મનુષ્યના ઘડતર તથા જીવન વ્યાપન માટે એક પાયાના સ્તંભ છે, તેમાં પણ શિક્ષણ માટે વિચાર કરીએ તો બાળકના સંપૂર્ણ વિકાસમાં શિક્ષણ એ મુખ્ય ભૂમિકા ભજવે છે. સાંપ્રત સ્થિતિમાં શિક્ષણ અંગે વિચાર કરીએ તો આપણું હાલનું શિક્ષણ પોતાની પ્રભાવકતા ગુમાવી રહ્યું છે. તેનું મુખ્ય કારણ માર્કશીટવાદને અસી ગણાવી શકાય શિક્ષણને ખાલી માર્કશીટ પૂરતું સીમિત કરવું એ ભૂલ ભરેલું છે. સાચું શિક્ષણ માનવીને જીવનના પડકારો સામે નિર્ભિક, સ્વતંત્ર, સ્વાવલંબી અને મહેનતુ બનાવે છે. આ પરિપ્રેક્ષ્યમાં આપણે એવું ઇચ્છીએ કે શિક્ષણ પોતાનું ગુમાવેલું ગૌરવ ફરી મેળવે અને માણસને સ્વતંત્ર અને સક્ષમ બનાવવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે.

- ડૉ. અનિરુદ્ધસિંહ રાઉલજી

4-8-2023



03 SAKHEE

Scanned with CamScanner

COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)

Page :
Date : / /202

" વ્યક્તિના વ્યક્તિત્વમાં એના તન-મનના અને હૃદયમાં ભંડારાયેલી અનેકાનેક સંભાવનાઓને વાસ્તવિક રીતે પરિણત કરનારું બળ તે શિક્ષણ. માનવીની છૂપી શક્તિઓને બહાર લાવવાનું શક્ય કરે તે બળ છે શિક્ષણ. સાચું શિક્ષણ કલ્પનાશક્તિ, સર્જનશક્તિ અને સુરુચિની શક્તિનું સંયોજન છે. શિક્ષણ થકી વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની કાયાપલટ થઈ જ છે. વ્યક્તિના વ્યક્તિત્વનું રાષ્ટ્રના વિકાસનું અમોઘ શસ્ત્ર પણ શિક્ષણ છે. આમ, શિક્ષણ દ્વારા જ આ સૃષ્ટિ પરનો માનવી વિકસિત અને સુખી બની શકે છે. "

* ડૉ. પલ્લવીબેન કુલદીપ કાપડીયા

" શિક્ષક ક્યારેય વૃદ્ધ થતો નથી. તેની સામે બેઠેલા ભૂલકાંઓ - વિદ્યાર્થીઓ કે જે ખૂબ ચંચળ છે, વર્તમાન પ્રવાહોથી વાકેફ અને તેની આસપાસ ઘેરાયેલા છે. પોતાની આસપાસના વાતાવરણમાંથી નવી નવી બાબતો શીખતો રહે છે. તો વર્ગખંડમાં તેની સામે ઊભેલો શિક્ષક હરહંમેશ યુવાન રહેશે. શિક્ષક હંમેશા પ્રફુલ્લિત, લાગણીઓથી ભરેલો, ઉત્સાહી, મૃદુભાષી, પોતાની આંખોમાં વિદ્યાર્થીઓ માટેનો પ્રેમ અને થનગનાટ, સ્મિતસભર, પરિવર્તન ને અપનાવનાર અને સ્વીકારનાર વિદ્યાર્થીઓના ભાવિનો ઘડવૈયો છે. શિક્ષક તરોતાજા - માજા રહે."

— ડૉ. ધાર્મિબેન બળદેવભાઈ પટેલ

COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)



SAKHEE

Scanned with CamScanner

COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)

Page :

Date : / /202

* શિક્ષણની પ્રક્રિયા વ્યવસાય નથી. પરંતુ એની પાછળ પ્રયોજનારા શ્રમ પ્રત્યે શ્રદ્ધા હોય અને સંપૂર્ણ ઇમાનદારીની ભાવના હોય, એ સાથે ઉત્તરદાયિત્વની સક્રિય જાગરૂકતા હોય એ જરૂરી છે. અને આવું થાય ત્યારે તે વ્યાસંગ બને છે. અને શિક્ષણની પ્રક્રિયાને વ્યાસંગ બનાવવાનું કામ પ્રતિબદ્ધ શિક્ષક સારી રીતે કરી શકે છે. સતત નવું-નવું વાંચન અને તેના પર વિચાર અને તેનું અમલીકરણ તેને વધુ સક્રિય બનાવે છે.

શિક્ષણની આ પ્રક્રિયા દ્વિધ્રુવી છે. એક ધ્રુવ પર શિક્ષક છે જે પ્રતિબદ્ધ છે, પરંતુ બીજા ધ્રુવ પર રહેલા વિદ્યાર્થીએ શિક્ષકનાં કાર્યનું, વાવેલાં વિચારોની પ્રતિક્રિયા બરાબર સમજીને, અર્થઘટન કરીને પૂરી નિષ્ઠા સાથે આપવાની છે. ત્યારે જ આ દ્વિધ્રુવી પ્રક્રિયારૂપી વહાણ નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચી શકે.

શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનાં સંબંધને મજબૂત બનાવવા માટે જરૂર છે પરસ્પર પ્રેમ, આદર અને સમજની. એકબીજામાં મૂકેલા વિશ્વાસને દૃઢાવવાની.

— ડૉ. પારુલબેન બુધાભાઇ ટંડેલ

> કેળવણી એટલે સ્ત્રી કે પુરુષમાંના મન, શરીર અને આત્મામાં રહેલા ઉત્તમ અંશો બહાર લાવી સંસ્કારવા
> - ગાંધીજી

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિનું આ વર્ષ છે. અને એટલા માટે જ આપણે એમની યાદને ભેગી કરીને એમના હિંદુ સ્ત્રીઓનો ઉદ્ધાર અને સ્ત્રીકેળવણી વિષયક વિચારો વિશે સમજીશું. ગાંધીજી માનતા હતાં કે અહિંસાના પાયા પર રચાયેલી જીવનની યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો ને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક સ્ત્રીને છે. દહેજનો કુરિવાજ નાબૂદ થવો જ જોઈએ. લગ્ન એટલે માતા-પિતાએ પૈસા માટે કરેલો સોદો એ મટવું જ જોઈએ. સ્ત્રીઓને યોગ્ય શિક્ષણ મળવું જોઈએ. એમ હું માનું છું પણ હું એમ અવશ્ય માનું છું કે સ્ત્રી પુરુષની નકલ કરીને કે તેની સાથે હોડમાં ઉતરીને જગતના હિતમાં પોતે ફાળો નહીં આપી શકે. પુરુષની સાથે એ હોડ તો શકશે, પણ તે પુરુષની નકલ કરવા જશે તો જે ઉંચાઈ સુધી ચડવાની પોતાની શક્તિ છે. ત્યાં લગી ચડી નહીં શકે. સ્ત્રી એ તો પુરુષની પૂર્તિરૂપ બનવું રહ્યું છે. પુરુષ જે કરી જ ન શકે તે એણે કરવાનું છે. ગાંધીજીના સ્ત્રીકેળવણીના વિષયક વિચારોની વર્તમાન પરિસ્થિતિઓના સંદર્ભમાં વિચારીએ તો આજે પણ તે વિચારોની સાર્થકતા એટલી જ છે જે તે સમયે પણ હતી. ગાંધીજી પણ માનતાં કે સમાજમાં વર્તવાના કે વહેવાર કરવાના નિયમો સ્ત્રીને પુરુષ બંને પરસ્પર સહકાર ને સમજૂતીથી નક્કી કરે. એ નિયમોના પાલનને માટે બહારની કોઈ સત્તાની જબરદસ્તી કામ ન આવે.

પુરુષે સ્ત્રી પાસેથી જનસમાજના સ્વાભાવિક હક્કો છીનવી લેવાનું અથવા તેઓને તે હક્કો ન આપવાનું કારણ વિદ્યાનો અભાવ ન હોવો જોઈએ. એ મેં વ્યવસ્થિત બતાવ્યું છે. પણ એ સ્વાભાવિક હક્કો નિભાવવાને સારુ દીપાવવાને સારુ, તેનો પ્રચાર કરવાને સારુ વિદ્યાની આવશ્યકતા છે.જ. વળી. વિદ્યા વિના લાખોને તો શુદ્ધ આત્મજ્ઞાન પણ ન મળી શકે.


SAKHEE

સ્ત્રી અને પુરુષ એક દરજ્જાનાં છે. એક જ નથી; એ અપૂર્વ જોડી છે, એકબીજાની પૂરણી છે. અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ નથી, પણ જો પુરુષ અથવા તો સ્ત્રી સ્થાનભ્રષ્ટ થાય તો બંનેનો નાશ થાય, એ સિદ્ધાંત ઉપલી સ્થિતિમાંથી જ નીકળી આવે છે. તેથી સ્ત્રી કેળવણીની રચના ઘડનારે આ વાત નિરંતર યાદ રાખવી જોઈએ. દંપતીની બાહ્ય પ્રવૃત્તિમાં પુરુષ સર્વોપરી છે. તેથી સ્ત્રી કેળવણીની રચના ઘડનારે આ વાત નિરંતર યાદ રાખવી જોઈએ. તેથી બાહ્ય પ્રવૃત્તિનું વિશેષ જ્ઞાન તેને આવશ્યક છે. અંતર પ્રવૃત્તિમાં સ્ત્રીનું પ્રાધાન્ય છે, તેથી ગૃહવ્યવસ્થા, બાળકોની માવજત, તેઓની સ્ત્રી કેળવણી વગેરે વિષયોમાં સ્ત્રીને વિશેષ જ્ઞાન જોઈએ. કોઈ પણ જ્ઞાન લેવાની કોઈને બંધી કરવાની અહીં કલ્પના નથી. પણ કેળવણીનો ક્રમ આ વિચારોને ઉદ્દેશીને ઘડાયેલો ન હોય. તો બંને વર્ગને પોતાનાં ક્ષેત્રોમાં પૂર્ણતા મેળવવાની તક ન મળે.

મને તો લાગ્યું છે કે, આપણા સાધારણ ક્રમમાં સ્ત્રી અથવા પુરુષ એ માંથી એકેને સારુ અંગ્રેજી આવશ્યક નથી. કમાણીને અર્થે અને રાજ્યપ્રકરણી પ્રવૃત્તિને સારુ જ પુરુષોને અંગ્રેજી ભાષાના જ્ઞાનની જરૂર હોઈ શકે. સ્ત્રીને નોકરીઓ શોધવાની કે વેપાર કરવાની ઉપાધિ વિશે હું માનતો નથી. એટલે અંગ્રેજી ભાષાનું જ્ઞાન થોડી સ્ત્રીઓ જ લેશે. જેને લેવું હશે. તે પુરુષોને સારુ સ્થપાયેલી શાળામાં જ લઈ શકશે. સ્ત્રીઓને સારુ સ્થપાયેલી શાળામાં અંગ્રેજી ભાષામાં શીલો ભાર ખમનો જેમ પુરુષોને તેમ સ્ત્રીઓને મળવો જોઈએ. એ વાક્ય મેં ઘણેમુખેથી સાંભળ્યું છે.

સ્ત્રીઓને યોગ્ય શિક્ષણ મળવું જોઈએ એમ હું માનું છું. પણ હું એમ અવશ્ય માનું છું કે સ્ત્રી પુરુષની નકલ કરીને કે તેની સ્પર્ધાઓમાં ઉતરીને જગતનાં હિતમાં પોતાનો ફાળો નહી આપી શકે.

વસાવા જાગૃતિ

> ઉત્તમોત્તમ શિક્ષણ એ કહેવાય જે મનુષ્યને માત્ર માહિતી આપતું નથી, પરંતુ મનુષ્યના જીવનને સકલ અસ્તિત્વ સાથે સુસંવાદી બનાવે છે.
>
> – ગુરુદેવ ટાગોર

જ્ઞાન, વિદ્યા અને શિક્ષણ - એ ત્રણ શબ્દોનો ઉપયોગ જુદી-જુદી જગ્યાએ જુદી-જુદી રીતે થતો રહ્યો છે. ઉપનિષદકાળમાં દરેક શબ્દની સાથે 'જ્ઞાન' શબ્દ જોડવામાં આવતો. જેમ કે, 'બ્રહ્મજ્ઞાન', 'અધ્યાત્મજ્ઞાન', 'આત્મજ્ઞાન' વગેરે. મધ્યકાલીન યુગમાં વિદ્યા શબ્દ વધારે પ્રચલિત હતો. એ સમયમાં રાજા-મહારાજાઓ 'અસ્ત્રવિદ્યા', 'શસ્ત્રવિદ્યા' જેવી જુદી-જુદી વિદ્યાઓને મહત્વ આપતા. તેમ છતાં અધ્યાત્મની ભૂમિકા પર 'જ્ઞાન' અને 'વિદ્યા' એ બંને શબ્દો સમાનરૂપે વપરાતા આવ્યા છે.

જીવનલક્ષી શિક્ષણ બીજું પુસ્તકોથી પ્રાપ્ત થાય છે. પુસ્તકો જેવો કોઈ મિત્ર નથી તથા તેમના જેવો કોઈ સાથી નથી. પુસ્તકો એક શિક્ષકની ગરજ સારે છે. તેઓ આપણી પાસે કોઈ વેતન લેતાં નથી. સારા પુસ્તકોનું વાચન વ્યક્તિમાં ચોક્કસ ચારિત્ર્યનું નિર્માણ કરી શકે.

જગતમાં જો આ એક જ પ્રકારનું શિક્ષણ ચાલતું રહે તો માણસની પ્રગતિ થવાની જગ્યાએ અધોગતિ થઈ જાય. લોકોનો માત્ર બૌદ્ધિક વિકાસ થાય, મની માઇન્ડેડ બની જાય. અને શિક્ષણ એક બોજ બનીને રહી જાય. પોતાના હોદ્દાનો અહંકાર, જ્ઞાનનો અહંકાર, બુદ્ધિની તીવ્રતા અને ડીપ્રેશન એ આ પ્રકારના શિક્ષણની નબળી બાજુ છે. બોર્ડની પરીક્ષા અને પરિણામો પછી થતા આપઘાતની વાતો કોણ નથી જાણતું! બંને પ્રકારના શિક્ષણની યોગ્ય માત્રા જ આપણને આ બધામાંથી બચાવી શકે. એ માત્રા નક્કી કરવાનું હજુ કદાચ આપણે શીખ્યા નથી.

એ કારણને લીધે આ પ્રકારના શિક્ષણમાં દંભ, બાહ્ય, આડંબર અને દેખાદેખી ખૂબ ફાલ્યાં છે. વ્યવસાયલક્ષી શિક્ષણ પોતે એક વ્યવસાય બની ગયું છે. ને નવા ક્લાસીસો ખુલતાં ગયાં છે.

બીજા પ્રકારના શિક્ષણનું નામ 'વ્યવહારલક્ષી' છે. આપણે તેને 'જીવનલક્ષી' શિક્ષણ પણ કહી શકીએ. આ શિક્ષણમાં મુખ્ય ઉદ્દેશ 'સંસ્કાર' સિંચનનો છે. આ પ્રકારના શિક્ષણમાં પહેલાથી નક્કી કરેલા અભ્યાસક્રમો નથી હોતા પણ શિક્ષકના અનુભવો એ વિદ્યાર્થીનો અભ્યાસક્રમ બને છે. આ પ્રકારના શિક્ષણમાં શિક્ષકો કોણ ? આ પ્રકારના શિક્ષણની શરૂઆત કુટુંબથી થાય છે. માટે માતા-પિતા, દાદા-દાદી તરફથી મળતો સંસ્કાર વારસો વિદ્યાર્થીના જીવન ઘડતરનો પાયો બને છે. માટે કુટુંબના સભ્યો એ આ પ્રકારના શિક્ષણના શિક્ષકો કહી શકાય. માતા-પિતા તરફથી મળતા નીતિના બોધપાઠો જીવનમાં બહુ મોટું કામ કરે છે. આમાં, વળી માતાનો તો મુખ્ય ફાળો હોય છે. કહેવાય એટલે જ કહ્યું એક 'એક માતા સો શિક્ષકોની ગરજ સારે' માતા હંમેશા વ્યવહારલક્ષી શિક્ષણ આપે છે. દાદા-દાદી વાર્તાઓ કહીને બાળકની કલ્પના શક્તિનો વિકાસ જે રીતે કરી શકે છે તે આજની કાર્ટૂન ફિલ્મોથી થઈ શકતો નથી. પરિસ્થિતિને સહન કરવાની ક્ષમતા, માનસિકતા, શક્તિ એ બધુ કુટુંબના વડીલો પાસેથી મળે છે. સદાચાર, સદ્દગુણો અને સભ્યતા વગર કોઈ પણ પ્રકારનું શિક્ષણ અધૂરું છે. કુટુંબીજનો દ્વારા જો આ પ્રકારનું વ્યવસ્થિત શિક્ષણ મળે તો જીવનની દિશા બદલાઈ જાય. આ પ્રકારના શિક્ષણના કોઈ વર્ગ હોતા નથી. આ પ્રકારના શિક્ષણનું કોઈ વેતન હોતું નથી. આ પ્રકારના શિક્ષણનું કોઈ મૂલ્ય આંકી શકાતું નથી તેમજ આ શિક્ષકોનું ઋણ કદાપિ ચૂકવી શકાતું નથી.

આ પ્રકારનું શિક્ષણ જીવનભર ચાલતું રહે છે. કોઈએ સાચું જ કહ્યું છે કે,' જીવન એક પાઠશાળા છે.' બંનેનો સમન્વય આપણા જીવનને ઉમદા કરી શકે.

વસાવા જાગૃતિ

> ગુરુની કૃપા હોય તો શિષ્ય કોઈ પણ ગ્રંથ વાંચ્યા સિવાય પંડિત થઈ શકે છે.
>
> - સ્વામી વિવેકાનંદ

ભારતીય સંસ્કૃતિમાં મહાન અને પવિત્ર શબ્દ એટલે 'ગુરુ'. 'ગુરુ' શબ્દનો અર્થ 'શત વિંધનાર' અને અજ્ઞાન દૂર કરનાર એમ થાય. ગુરુ એટલે જ્ઞાનનો ઘૂઘવતો સાગર. ગુજરાતી સાહિત્યના એક ચિંતક નોંધે છે: "ગુરુ દેવો ભવ:" શબ્દ તપોવન સંસ્કૃતિ તરફથી મળ્યો છે. સાચવવા જેવો છે. ગુરુ પારસમણિ સમાન છે, જે શિષ્યને જ્ઞાનરૂપી સ્પર્શથી કંચન સમાન બનાવે છે.

पारस और गुरु में इतना अंतर जान,
पारस लोहि कंचन करि, गुरु करि आप समान।

વીતેલા સમયમાં જરા ડોકિયું કરીએ તો ખ્યાલ આવશે કે ગુરુ પરંપરા ખૂબ જ પ્રસિદ્ધ હતી. જનકનાં ગુરુ જ્ઞાનવલ્ક્ય હતાં. અને જનક શુકનાં ગુરુ હતાં., નિવૃત્તિનાથના ગુરુ જ્ઞાનદેવ હતા. અને વિવેકાનંદનાં ગુરુ રામકૃષ્ણ પરમહંસ હતાં. એ જ રીતે પાશ્ચાત્ય દેશોમાં "હું એમનો શિષ્ય છું" એમ કહેવામાં લોકો જીવનની કૃતાર્થતા સમજતાં અને પ્લેટો મારા ગુરુ છે. એમ કહેવામાં એરિસ્ટોટલને જીવન ધન્ય લાગતું.

સરસ્વતીના મંદિર સમી કોઈ પણ શૈક્ષણિક સંસ્થાનો પ્રાણ આજે પણ ગુરુ જ છે. એક તેજસ્વી શિક્ષક અનેક વિદ્યાર્થીના જીવનમાં અત્તરની સુગંધ મૂકતો જાય છે. એ કેવળ ભણતર આપતા જ નથી ભણાવતો, પરંતુ ભણાવવું એ પણ હૃદયને ઠાલવીને ભણાવવું એ તેનો નિજાનંદ છે.


SAKHEE
Scanned with CamScanner

Page :

Date : / /202

આ કે શિક્ષકને જોતાં વિદ્યાર્થીઓમાં આદરભાવ જાગે એવું વ્યક્તિત્વ સ્વયં શિક્ષકમાં હોવું જોઈએ." ઉપનિષદોના કાળમાં શિક્ષકો પોતાની વાણીથી શીખવે તેના કરતાં પોતાના જીવન વ્યવહારથી શીખવે તેની ઘણી મોટી કિંમત છે."

ગાંધીજીના શબ્દોમાં 'શિક્ષક પોતાનો વિષય શીખવવાની જવાબદારી સમજે પણ વિદ્યાર્થીઓના ચારિત્ર્યની જવાબદારી ન સમજે તો તે શિક્ષક કહી શકાય નહીં." આજ સંદર્ભે વાક્ય સ્પર્શી ગયું એવું છે:" ઊંચી લાયકાતવાળો શિક્ષક મેળવી શકાય. પણ શીલ અને સંસ્કાર વિનાનો શિક્ષક તો ન જ ચાલે. વિદ્યાર્થીનું ભાવિ ઘડતર શિક્ષક દ્વારા જ થાય છે. શિક્ષક દેશ માટે સારા નાગરિકો ઘડે છે. તે દેશને બુદ્ધિજીવી, શીલવંત અને નીતિકુશળ માનવી સમાજ કે દેશના ચરણે ધરે છે. માટે જ કોઈ ચાણક્યનું વિધાન શિક્ષકો માટે પ્રેરણાપ્રદ છે. શિક્ષક રાષ્ટ્રના ધ્યેય અને નવી પેઢી વચ્ચે કડીરૂપ છે. તે માત્ર દીવાઓનો વાહક જ નથી. પરંતુ વિદ્યાર્થીઓને ધ્યેય તરફ લઈ જનારો ભોમિયો છે. શિક્ષક રાષ્ટ્રનો સારથિ છે.

બીજું સ્પર્શી ગયું એવું વાક્ય છે:" શિક્ષકની ઈમારત એવી ચણો કે તે કદાચ તોડી પડે તો પણ તેના ખંડેર જોનાર તેની પ્રશંસા કરી શકે." આવી શિક્ષણની ઈમારતના ઘડવૈયા કે ચોકીદાર શિક્ષકો છે.

શાળાના વર્ગખંડની દીવાલ પર" સ્વપ્નો રસ્તો મારા વર્ગખંડમાંથી પસાર થાય છે."

ગુરુ અને શિષ્યની પરંપરાના આવા અનેક ઉદાહરણો છે. જેના વિશે જાણીને કહી શકીએ કે ગુરુને શિષ્ય અને શિષ્યને ગુરુ બનાવવામાં કેવી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.

વસાવા જ્યોતિ



SAKHEE

Scanned with CamScanner

> શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સાચો સંબંધ એ શિક્ષણ નું સર્વોત્તમ સાધન છે.
>
> — જે કૃષ્ણમૂર્તિ

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ કંઈક અલગ જ હોય છે. જેમાં વિદ્યાર્થી તોફાની, બળવાખોર, નવા વિચારો ને આગળ લાવનારો, વારં વાર પ્રશ્નો પૂછનારો, શંકા કરનારો... ત્યારે શિક્ષકનું કામ જ શાંત અને સ્થિર મનથી આ બધું સ્વીકારીને વિદ્યાર્થીને પોતાનો બનાવવાનું છે.

જે શિક્ષક એમ કહેતો ફરે કે "આજનો વિદ્યાર્થી બગડી ગયો છે." "હવે પહેલા જેવું ક્યાં છે?" તો માનવું કે તે શિક્ષકની નિષ્ફળતા છે. અને વિદ્યાર્થીનું દુર્ભાગ્ય...!! વિદ્યાર્થી આજે પણ શિક્ષક ને સમર્પિત થવા તૈયાર છે, જરૂર છે, "શાંત ચિત્ત શિક્ષકની..."

વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો સંબંધ ખૂબ જ ખાસ છે. માતા-પિતા પછી શિક્ષકને બાળકો માટે બીજા ગુરુ ગણવામાં આવે છે. શિક્ષકો પણ બાળકોના ભવિષ્યને સુધારવામાં કોઈ કસર છોડતા નથી. પરંતુ ક્યારેક વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો સંબંધ બહુ મજબૂત હોતો નથી. જો શિક્ષકો ઇચ્છે તો વાત શાળામાં જ નહિ' પરંતુ પછીથી પણ તેઓ બાળક સાથે જીવનભરનું બંધન બનાવી શકે છે.

શાળામાં શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપ્યા બાદ શિક્ષકો બાળકોની પ્રશંસા કરે છે, તો તેઓ બાળકોને ભૂલ કરવા બદલ ઠપકો આપવાનું પણ ચૂકતા નથી. આવી સ્થિતિમાં મોટાભાગના બાળકો સાથે શિક્ષકનો સંબંધ બહુ સારો બનતો નથી.


SAKHEE
Scanned with CamScanner

પહેલાના સમયમાં આપણા દેશમાં તપોવન પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું. શિક્ષક સવારે (મળસ્કે) ક્લાસ લઈને વિદ્યાર્થીઓને ઉઠાડવા માટે જતા." દીકરા ઉઠો સવાર થવા આવી છે." અને રાત્રે એક ક્લાસ લઈને જતા અને કહેતા..." દીકરા સૂઈ જાવ ખૂબ જ રાત થઈ ગઈ છે. સવારે જલ્દી ઉઠવાનું છે." આમ વિદ્યાર્થીઓમાં "તનાવ નહીં લગાવ" ઉભો કરવાનો છે. સાથે શિક્ષક એ છે જે વિદ્યાર્થીઓમાં પોતાના વિષય પ્રત્યે તેમજ શિક્ષણ પ્રત્યે રસ જાગૃત કરી શિક્ષણને સરળ, સહજ, રસપ્રદ બનાવી વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન લાવી દે. વર્ગમાં એવું વાતાવરણ ઉભું કરી દે કે વિદ્યાર્થી જાતે ભણતો થાય. આટલું માત્ર કરવાથી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર દૂર કરી આત્મીયતા કેળવી શકાશે.

શિક્ષકોએ વિચાર અને રાતી ગુરુજીના મીઠા ટહુકાથી પતી હતી. આજે તો આ બાબતની કલ્પના પણ કરી શકાય નહિ. ગુરુ અને વિદ્યાર્થી વચ્ચેનો ભાવનો 'અભાવ' જોવા મળે છે.

બાળકના જીવનમાં, મુખ્ય વસ્તુ માત્ર સહપાઠીઓ સાથે સંબંધ સ્થાપિત કરવા માટે નથી, પણ શિક્ષક સાથે પણ, વિદ્યાર્થીને ટીકા અને પ્રતિક્રિયાઓ પર કેવી રીતે પ્રતિસાદ આપવો તે શીખવું પડશે. અને માતા-પિતાએ શિક્ષકો સાથે અને તેમના પોતાના બાળક સાથે સંપર્કવ્યવહાર કરવા અને સ્થાપિત કરવા શીખવું પડશે.

શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ બદલાયો. અને શીખવાની બદલાવ તરફના વલણ. અને પરિણામે વિરોધાભાસ અને સંઘર્ષો છે. અને એક શિક્ષકને એવા માંગીએ છીએ જે વિદ્યાર્થીને આદર કરે, તેને વ્યક્તિ તરીકે વિકસાવે છે. તે ખૂબ જ અગત્યનું છે કે શિક્ષક નબળા અને શરમાળ બાળકો પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે.

વસાવા જાગૃતિ



SAKHEE

Scanned with CamScanner

"ભારતનું ભાવી આજે તેના વર્ગખંડમાં ઘડાય રહ્યું છે."

- રાષ્ટ્રીય શિક્ષણપંચ.

ઉપરોક્ત વિધાનમાં કહેવામાં આવ્યું છે. કે ભારતનું ભવિષ્ય એ વર્ગખંડમાં ઘડાય રહ્યું છે.

પ્રાચિન સમયથી જ શિક્ષકનું સ્થાન ઘણું મહત્વનું જોવા મળે છે કારણ કે શિક્ષક એ વિદ્યાર્થીના જીવનને ઘડવાનું કાર્ય કરતા હોય છે અને આજ ના વિદ્યાર્થી એ આવનારા સમયનું આયોજન કર્તા છે.

આજના દિવસે શાળામાં બેસેલું બાળક ભવિષ્યમાં શિક્ષક, ડોક્ટર, વકીલ વગેરે પદવી મેળવશે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી છે, તેથી બાળકો એ ખૂબ જ મહત્વની મૂડી ગણાય છે.

શું આવનારા ભારતના ભાવી પર ભણતરનું વધુ પડતું ભારણ આપવું યોગ્ય છે?

શિક્ષકનું કામ વિદ્યાર્થીની પોતાની ખોજ્ય કરાવવાનું છે તે પહેલાથી જ ઘણુ જાણે છે. શિક્ષકે ફક્ત બાળકને વિચારતા કરવાનું છે. તેનામાં રહેલી વિશિષ્ટતાની ખોજ્ય કરાવવાની છે.

ભારતનું ભાવી જેમના હાથમાં છે. તે બાળકોનું બાળપણ છીનવી લેવા કરતા તેમને ખીલવા દેવું જોઈએ તે જ ભવિષ્યમાં ભારત એ સ્વર્ગ જેમ સુંદર પુષ્પનું વન બની શકે છે.



SAKHEE

Scanned with CamScanner

આજ નું બાળક એ કાલે બાળક રહેવાનું નથી. પરંતુ તેને મળેલા શિક્ષણ ને આધારે પોતાની ઓળખ બનાવશે અને દેશના વિકાસમાં પોતાનું યોગ દાન આપશે.

આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે જ્યારે બાળકો ને સંબોધે છે ત્યારે તે ભારતનું ભાવિ કહીને સંબોધે છે.

તેથી જ રાષ્ટ્રીય શિક્ષણ પંચ કહે છે. કે ભારતનું ભાવિ આજે તેના વર્ગખંડમાં ઘડાય રહ્યું છે.

શેખ ઉમ્મેકુલસુમ અ. હફીઝ

Page :
Date : / /202

" બાળકોને વાંચીને હું શિક્ષક બન્યો."

– ગિજુભાઈ બધેકા.

ઉપરોક્ત વિધાનમાં ગિજુભાઈ બધેકા કહે છે કે બાળકોના ચહેરા વાંચીને તેઓ શિક્ષક બન્યા છે.

ઘણાં પુસ્તકો વાંચીને તેને યાદ રાખીને શિક્ષક બની શકાતું નથી. શિક્ષક બનવા માટે બાળકોના ચહેરા વાંચવા પડે છે. અર્થાત્ કે બાળક શું વિચારે છે કોઈ ઘટના બનતાં તેના પ્રતિભાવ કેવા છે. અને બાળકનું વર્તન કેવું છે અને તેના પાછળનું કારણ શું છે? એ જે શિક્ષક ન જાણી શકે તો તેને શિક્ષક કહેવું અયોગ્ય છે.

કહેવાય છે કે પ્રત્યેક બાળકે બુદ્ધિ બદલાય, વર્તન બદલાય. અને શિક્ષકે કોઈ એક બાળકને શિખવાનું હોતુ નથી તેથી દરેક શિક્ષક બાળમનો-વિજ્ઞાન જાણતો હોવો જોઈએ. જો તે બાળકના વર્તન અને અભિવ્યક્તિ પાછળનું કારણ જાણવાનો પ્રયત્ન કરશે તો તે બહુ સારા શિક્ષક બની શકે છે.

અનિલ જોશી એ કહ્યું છે કે.....,

" બાળકનું દફતર વાંચવા ઈચ્છીએ તો
આપણી આંખને બાળકનો ચહેરો વાંચતા
શીખવું પડશે."



SAKHEE®

Scanned with CamScanner

Page :

Date : / /202

ખરેખર શિક્ષકનો સર્વ માહિતી આપવાનો નથી. પરંતુ બાળક પાસેથી માહિતી મેળવીને તેમની વિચારતા કરવાનું છે.

જેમ - જેમ શિક્ષક બાળક પાસેથી માહિતી મેળવે છે. તેમ તેમ તે વધુ ને વધુ શિખતો જાય છે. તેથી જ ગિજુભાઈ બધેકાએ કહ્યું છે કે બાળક ને વાંચીને હું શિક્ષક બન્યો.

રાવળ મયુર. બી.



SAKHEE

Scanned with CamScanner

# જીવનને સમજવાની અને માણવાની સંવેદન શક્તિ આપે તે શિક્ષણ

-ભૂપત વડોદરિયા

- આપણે બધા આપણા જીવનમા શિક્ષણનુ મુખ્ય માનીએ છીએ. એજ્યુકેશન શબ્દ લેટિન શબ્દ educare પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે. 'આપણને લાવવા.' હા શિક્ષણ આપણને સમાજમાં મોટા થવા માટે શિક્ષણ ખુબ જરૂરી છે. શિક્ષણનો અર્થ માત્ર જ્ઞાન મેળવવાનો નથી. શિક્ષણનો બીજો અર્થ થાય છે. જીવનમા કઇ રીતે રહેવુ વડીલો સાથે કઇ રીતે રહેવું મોટાઓનુ સન્માન વગેરે બધી વિગતો જીવનને સમજવાની શક્તિ પુરી પાડે છે. શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જે વ્યક્તિની તેની માનસિક શક્તિ વધારવામા મદદ કરે છે. તેનાથી માણસનુ વ્યક્તિત્વ પણ સુધરે છે. આપણુ જીવન આપણને ઘણુ શીખવે, તેને અનૌપચારિક શિક્ષણ છે.

જીવનમા શિક્ષણનુ મહત્વ ઘણુ છે. તે સમાજના પાયાને મજબુત બનાવે છે. સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર કરવામા શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે. બાળક નાનપણથી જ શિક્ષણની પ્રક્રિયામા સામેલ થાય છે.

જીવનમા શિક્ષણની ઘણી ખુશીઓ મળે છે. અને તેને જીવવાની ઘણી શક્તિઓ પ્રાપ્ત થાય છે.

શિક્ષણ આપણા જીવનમા સફળ થવાના ઘણા રસ્તાઓ ખોલે છે. તે માત્ર આપણુ વ્યક્તિત્વ જ સુધારતુ નથી પણ માનસિક, આધ્યાત્મિક બૌદ્ધિક રીતે પણ આપણને અપગ્રેડ કરે છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમા સફળતા મેળવતા માંગે છે. આ ત્યારે જ શક્ય બની શકે જ્યારે બાળકને યોગ્ય શિક્ષણ મળે.

જીવનમા દરેક ક્ષેત્રમા શિક્ષણનું મહત્વ છે. આજના યુગમા શિક્ષણ વિના સફળતાની ક્યારેક જ કલ્પના કરી શકાતી નથી. રાષ્ટ્રના સામાજિક-આર્થિક વિકાસ માટે શિક્ષણ મહત્વપુર્ણ છે.



SAKHEE
Scanned with CamScanner

* શિક્ષણ આપણુ મન ખોલે છે. અને આપણને સફળતા અને સમૃદ્ધિના વિવિધ માર્ગો બતાવે છે. જીવન આપણી સામે વિવિધ પડકારો લાવે છે. પરંતુ શિક્ષણ આપણને તે પડકારોનો સામનો કરવામા મદદ કરે છે. શિક્ષણ આપણા સમાજમાંથી અંધશ્રદ્ધા, બાળલગ્ન, દહેજપ્રથા વગેરે જેવી વિવિધ સામાજિક દુષણોને પણ દૂર કરે છે. એકંદરે આપણા જીવનમા શિક્ષણના મહત્વને નકારી શકીએ નહી.

" શિક્ષણ એ સૌથી શક્તિશાળી હથિયાર છે.
જેનો ઉપયોગ તમે વિશ્વને બદલવા માટે કરી શકો છો."

વ્યક્તિના સામાજીકીકરણમા શિક્ષણનો ખુબ મોટો ફાળો છે.

પ્રભાવિત કરે તેવું નહી પરંતુ પ્રકાશિત કરે તેવુ શિક્ષણ શિક્ષક આપવુ જોઇએ. જેમની પાસ નરસાના વિવેક ભર્ગ છે. અને તેના વડે જીવનને સમજવાની અને માણવાની શક્તિ આવતી હોય છે.

નામ: દાથરા ફાઈઝાદ

Page :
Date : / /202

"એક જ જગ્યા પર વર્ષો સુધી ઊભા રહી હંમેશાં વિદ્યાર્થીઓને યોગ્ય દિશા બતાવતો અને ભણતર સાથે એક સારાં નાગરિક બનવાનાં બીજ વાવતો વ્યક્તિ અર્થાત એક શિક્ષક."

– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન.

વર્ગખંડમાં ભણાવતાં - ભણાવતાં વિદ્યાર્થીને કેળવે, વિદ્યાર્થીને આદર્શ જીવન - કળાં પણ શીખવે તેને એક 'આદર્શ શિક્ષક' કહી શકાય. આદર્શ શિક્ષક માત્ર આદર્શ વિદ્યાર્થીઓ જ નહિ, ભવિષ્યનાં આદર્શ નાગરિકોને ઘડી શકે છે. આદર્શ શિક્ષક જ આદર્શ સમાજનું નિર્માણ કરી શકે. આ માટે આદર્શ શિક્ષકે વિદ્યાર્થીઓમાં સારાં સંસ્કારનું સિંચન કરવું જરૂરી બને છે.

શિક્ષક એટલે કે સાદાઈની મૂર્તિ. તે સાદગીભર્યું અને ઉચ્ચ વિચારોથી ભર્યું જીવન જીવે છે. એને માટે આચરણ એ જ ઉપદેશ છે. શિક્ષક પોતાનાં આદર્શ આચરણથી જ વિદ્યાર્થીઓ પર અસરકારક પ્રભાવ પાડી શકે છે. ઠાલો ઉપદેશ આપવાથી વિદ્યાર્થીઓ પર કોઈ પ્રભાવ પડતો નથી.

"જે પુસ્તકમાંથી શીખી શકાતું નથી તે શિક્ષકનાં જીવન દ્વારા શીખી શકાય છે."

આદર્શ શિક્ષક પૂરી નિષ્ઠાથી તથા ઉત્સાહથી પોતાનાં કર્તવ્ય ભાવનાનું પાલન કરે છે. પોતાનાં વિષયમાં તે

નિષ્ણાંત હોવા છતાં તે વિષયની પૂર્વ તૈયારી કરીને જ વર્ગમાં જાય છે. વિદ્યાર્થીઓને ભણવામાં રસ પડે અને વિદ્યાર્થીઓ સારી રીતે ભણી શકે તેની તે પૂરતી કાળજી રાખે છે. તે અભ્યાસમાં નબળાં વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન અને હોશિયાર વિદ્યાર્થીઓને આગળ ને આગળ વધવાનું પ્રોત્સાહન આપે છે.

શિક્ષક પોતાનાં વિદ્યાર્થીઓને ફક્ત વિષયલક્ષી કે પરીક્ષાલક્ષી શિક્ષણ આપવાને બદલે જીવનને લક્ષી કેળવણી આપે છે. તે વિદ્યાર્થીઓને ઈતર-વાચનની પણ પ્રેરણા આપે છે. વિદ્યાર્થીઓ અલગ-અલગ અભિરુચિ ધરાવનારાં હોય છે. આદર્શ શિક્ષક દરેક વિદ્યાર્થીને તેનાં રસનાં વિષય અનુસાર માર્ગદર્શન અને વાતાવરણ પૂરું પાડે છે.

વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરી તેને સહૃદયતાથી ઉકેલવા પ્રયત્ન કરે છે.

શિક્ષક એ વિદ્યાર્થીઓને નાટક, રાસગરબા, ચિત્ર, સંગીત, રમતગમત વગેરે ઈતરપ્રવૃત્તિઓમાં ભાગ લેવાં માટે પ્રોત્સાહિત કરે છે અને આવી અવનવી પ્રવૃત્તિઓ માટે તેમને યોગ્ય તાલીમ પણ આપે છે. શિક્ષક એ એવો વ્યક્તિ છે કે જે એક જ જગ્યાની ઉપર વર્ષો સુધી ઊભા રહીને હજારો વિદ્યાર્થીઓને યોગ્ય દિશા બતાવતો અને ભણતર આપી એક સારો નાગરિક બનવાનાં બીજ વાવતો વ્યક્તિ છે. શિક્ષક વિદ્યાર્થીને જુદાં-જુદાં ભૌગોલિક પરિસ્થિતિ, લોકજીવન અને લોકસાહિત્યનો પ્રત્યક્ષ પરિચય કરાવે છે.

"શિક્ષક એ વ્યક્તિ છે કે એક બગીચાને જુદાં-જુદાં રંગરૂપનાં ફૂલથી સમર્થ છે.

— ચાણક્ય.

રૂચિ દિનેશભાઈ પંચાલ.

" શિક્ષક એવો વ્યક્તિ હોય છે જે કોઈ વ્યક્તિને અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય છે."

— રવિન્દ્રનાથ ટાગોર

આપણાં ઇતિહાસમાં, શિક્ષકને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કારણ કે, શિક્ષક માનવ મૂલ્યોને આકાર આપે છે જે આપણાં સમાજને માનવતા તરીકે વધુ મજબૂત બનાવે છે. અને તેને પ્રગતિશીલ બનવામાં મદદ કરે છે. એક શિક્ષક વિદ્યાર્થીઓને જીવનમાં સારા માર્ગ પર લઈ જવા માટે હમેશાં તકોની બારી ખોલે છે. વિદ્યાર્થી અને શિક્ષકનો સંબંધ કુંભાર અને માટી જેવો હોય છે.

કોઈ ગઠ્ઠો ન હોય તેની ખાતરી કરવા માટે કુંભાર માટીને જીગર કરે છે. અને પછી તેને એક સુંદર કલા રચનામાં બનાવે છે. એ જ રીતે, શિક્ષક ક્યારેક આપણાં માટે મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ અંતે, તેઓ ફક્ત એટલું જ ઇચ્છે છે કે આપણે 'આપણી જાતનું શ્રેષ્ઠ સંસ્કરણ બનીએ.

પ્રિય શિક્ષકો, અમને જ્ઞાન, મૂળભૂત મૂલ્યો અને નિશ્ચયવાદ આપી જીતા છો.

"શિક્ષક રાષ્ટ્રની સંસ્કૃતિનાં મધુર માળી હોય છે."

તમે અમને શીખવશો કે જીવનમાં સમસ્યાઓનો


SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

હિંમત અને મજબૂત મન અને હૃદયથી કેવી રીતે સામનો કરવો તેમ અમને અહેસાસ કરાવ્યો છે કે માનવ જીવનને માત્ર પોતાનાં માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે પણ શ્રેષ્ઠ બનાવવાની અનંત શક્યતાઓ છે. આભાર કહેવાં તમામ શિક્ષણ તેમનો દિન હોય છે.

શિક્ષક એ એવું વ્યક્તિ છે જે કોઈ પણ વ્યક્તિને અંધારામાંથી ઉગારીને તે વ્યક્તિને / વિદ્યાર્થીને અજવાળાં તરફ લઈ જાય છે. ગુરુ એક એવી વ્યક્તિ છે જે હંમેશાં વિદ્યાર્થીઓનાં જીવનને ઉજાગર કરે છે.

સંસ્કૃતમાં, ગુરુનો શાબ્દિક અર્થ થાય છે. અંધકાર દૂર કરનાર. તેથી જ ભારતીય પરંપરામાં ગુરુને અવિભાજ્ય મહત્ત્વ અને આદર આપવામાં આવે છે. શિક્ષકોને આજના વિશ્વમાં ગુરુ માનવામાં આવે છે કારણ કે તેઓ તેમનાં વિદ્યાર્થીઓને જ્ઞાન અને શક્તિ સ્થાનાંતરિત કરે છે.

“સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગખંડમાં લઈ આવતો હોય છે.”

શિક્ષક એટલે એક સમુદ્ર જ્ઞાનનો, પવિત્રતાનો એક આદરયુક્ત મૂર્તિ.”

રુચિ દિનેશભાઈ પંચાલ.

1) "Guru govind dau Khade, kake lagun payen
Balihari Guru apne, Govind diyo milay."

– Kabir Das.

The above mentioned quote is of "Kabir Das" who is well known to the world by his work in hindi literature and dohe. Dohe, is a Hindi word which means a stanza consisting of two successive lines of verse; usually rhyming to one another.

Kabir Das was a 15th Century Indian mystic poet and saint, whose writings influenced Hinduism's Bhakti movement and his verses are found in Sikhism's scripture "Guru Granth Sahib".

The couplet highlights the significance of the guru or spiritual Teacher [One Teacher who has connection with god through meditation] in one's journey towards realization to the divine Energy. Kabir acknowledges the importance of both the guru and the govind, but gives priority to the Guru (Spiritual Master].

According to Kabir, the Guru is one who guides and Enlightens the disciple, leading them to the realization of God. If Disciple follow their guru they will lead to Salvation. Without the Guru's guidance, one may not be



Scanned with CamScanner

able to recognize or know God. Therefore, Kabir Expresses his gratitude and reverence towards the Guru by Saying, "Balihari Guru aapki" which means I Sacrifice myself to the Guru and acknowledges that it is because of the Guru's grace and teachings that he has been able to connect with God.

In this way, Kabir Explains the Importance of Guru [Teacher] in student's life. God or the Guru is Supreme but, among both Guru or Govind is the Superior to God, coz he shows the way to acheive the Ultimate God.

Kumavat Pawankumar
F.Y. B.ed.
B.Ed.



SAKHEE
Scanned with CamScanner

② "A person who never made a mistake never tried anything new."

– Albert Einstein.

The above quote is given by a very talented and well known personality. Albert Einstein was a great theoretical Physicist. His work in the field of science is known to the world. He was awarded "Nobel prize in Physics".

How often do you make mistakes when you are doing Something which you have mastered? When was the last time you fell down while walking? When was the last time you stabbed yourself in the face with a fork while trying to Eat?

We all have mastered this skills Since, childhood. Similarly when we expand the boundaries of knowledge, we enter new and unexplored territory, and we typically work at the limits of Human knowledge and the Human mind.

The very recent example of ISRO [Indian Space Research Organization] the Scientist of ISRO worked on the mission Chandrayan-I but, failed due to failure of the star tracker and poor thermal shielding. In July 2019 they launched


SAKHEE

Scanned with CamScanner

chandrayan - II which also failed due to Some small Errors.

They never lost the hope and learned from their mistakes and Today India has successfully launched CHANDRAYAN - III which is an proud movement for the nation. It is successfully inserted into the lunar orbit.

Similarly, One should keep on learning from our mistakes. Making mistakes is not an big issue but, one should learn from those mistakes and increase one knowledge that is the "Real Education".

Kumavat Pawankumar
F.Y. B.ed



SAKHEE

Scanned with CamScanner

"One child, one teacher,
one book, one pen can
change the world."
-Malala yousafzai

The quote "one child, one teacher, one book, one pen can change the world." by Malala yousafzai beautifully immense power of education. At once Nelson Mandela said :- "Education is the most powerful weapon which you can use to change the world." And he is right Education is a powerful tool that empowers individuals, opens doors to opportunities, and fosters personal growth. It equips us with knowledge, skills and critical thinking abilities. Education is a lifelong journey that helps us understand the world, pursue our passions, and make a positive impact on society. It plays a vital role in shaping our future and creating a more inclusive and equitable world.

When we are talk about Malala yousafzai quote, one child, one teacher, one book, one pen can change the world, when we thought about child and teacher, then we first ~~than~~ thought is one child has the potential to change the world in various ways. They can raise



SAKHEE®

Scanned with CamScanner

Page :

Date : / /202

awarness about important issues, inspire others through their action and make a diffrence in their community. They can become advocates for causes they believe in, promote kindness and empathy, and contribute to positive change. one teacher can change the world by inspiring and empowering their students. They can ignite a love for learning, instill confidence and help students discover their passions.

A pen can change the world by giving a voice to those who may not have one. with a pen ideas, stories, and knowledge can be shared empowering individuals and sparking conversation that lead to positive change. one book have also ability to change the world. Books have the incredible ability to shape our perspectives and spark revolutions.

In conclusion, we see how one child, one teacher, one book, one pen ~~can change the world.~~ have ability to change the world. so let's continue to champion education and empower the next genaration to become agents of change.

—Patel Mubassira Ilyas.



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

"good teachers know how to bring out best in students."
—charles kuralt

The ~~you~~ quote "good teachers know how to bring out best in students". Good teacher posses the remarkable ability to bring out the best in their students. They understand that each student is unique and has their own strenghts, talents and potential. By creating a supportiv and inclusive learning, enviorment, good teachers foster a sense of belonging and encourage students to explore their intrest and passions.

"What the teacher is, is more important than what he teaches". by karl manniger. The role of teacher extends far beyoud just importing knowledge. good teachers Possess a deep understanding of their students unique ability. Their impact extends far beyond the classroom, shaping the lives and future of the students they inspire.

— patel Mubassira



SAKHEE

Scanned with CamScanner

"Invest in our teachers, and our children will succeed."

– Barack obama.

The quote "Invest in our teachers and our children will succeed" written by Barack obama. Investing in our teachers is crucial because they play a vital role in shaping the future of our children. By providing proper training, support, and resources to our educators, we empower them to provide quality education, when teachers are equipped to inspire and guide their students, our children have a greater chance of succeeding academically and in life.

Invest in our teachers means to train them properly in there training to make them Inovative because inovation is the only key to sucess for the teacher and the student.

Scanned with CamScanner

Page :
Date : / /202

Investing in our teacher are like planting seeds of knowledge that will blossom into a bright future for our children. when we prioritize their professional development, provid fair compensation, and create supportive enviornments teachers can thrive and inspire young minds. By investing in our teachers, we invest in the success and well-being of our children. Let's nurture the educators who shape the Next genrationt.

Name :- Shaikh Mo. Saad

Scanned with CamScanner

Page :
Date : / /202

"What the teacher is, is more important than what he teaches."

— Karl Maninger.

The role of a teacher extends far beyond just imparting knowledge. It's not just about what they teach, but who they are as individuals that truly makes a difference. A great teacher embodies qualities like empathy, passion, patience, and dedication.

They create a safe and inclusive environment where students feels values and supported. By being a positive role model, a teacher can inspire their student to become lifelong learners, critical thinkers and compassionate individual. Ultimately, it's the teacher's character, values and ability to connect with students on a personal level that leaves a lasting impact. So let's recognize and appreciate the profound influence that teachers have on shaping the lives of their students! "Good teachers know how to bring out best in students." Investing in our teachers is like planting seeds of knowledge that will blossom into a bright future for our



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

children When we prioritize their professional development, provide fair compensation and create supportive enviroments, teachers can thrive and inspire young minds. By investing in our teachers, we invest in the success and well-being of our children. Let's nurture the educators who shape the next generation!

Name:- Shaikh Mo. Saad.


SAKHEE

Scanned with CamScanner

Page :

Date :     /     /202

" રોટલો કેમ રળવો તે નહીં પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો ? તેની કેળવણી આપવાનું કામ શિક્ષકનું છે....."

- જેમ્સ એન્જલ

પોતાના કર્તવ્ય પ્રત્યેકનું સમર્પણ ભાવના હશે, તો જ કાર્યમાં નિષ્ઠા આવશે. અને તો જ શિક્ષકને પોતાના મહાન કાર્યની પ્રતીતિ થશે. પરંતુ દુર્ભાગ્યે આજના ચારિત્ર્ય ઘડતર અને સર્વાંગી વિકાસ કરતાં પૈસા પ્રત્યે વિશેષ રસ હોવાથી આ યજ્ઞકાર્ય માંથી નિષ્ઠા ચાલી ગઈ છે. અને નિષ્ઠાનો લોપ થતાં શિક્ષકો પણ ધંધાદારી વલણ દાખવતા થઈ ગયા છે. આ પવિત્ર વ્યવસાય દુષિત થઈ ગયો છે. જ્યારે શિક્ષણ બગડે છે ત્યારે રાષ્ટ્રનું ભાવિ અસલામત બની જાય છે. આવી રાષ્ટ્રને સુદૃઢ અને ઉન્નત બનાવવા



SAKHEE

Scanned with CamScanner

શિક્ષણને બચાવવું પડશે. પ્રાચીન ભારત કેટલું તો મહાન હતું. સમૃદ્ધ હતું, જ્ઞાની આલોકિત હતું. કેમ કે તે સમયે શિક્ષણ કાર્ય જ્ઞાનને સમર્પિત તપસ્વી ઋષિઓના હાથમાં હતું આ ઋષિઓના આશ્રમમાં શિષ્યોનું ઉત્તમ ચારિત્ર્યનિર્માણ થતું. આવા શિષ્યો ઉત્તમ, મનુષ્યરૂપે સમાજને પ્રાપ્ત થતાં. દુર્ભાગ્યે આપણું શિક્ષણ કથળી ગયું છે. આથી જ સમાજમાં ભ્રષ્ટાચાર વ્યાપક બન્યું છે. આ ભ્રષ્ટાચારરૂપી રાક્ષસની ચૂડ માંથી છોડાવવાની તાકાત શિક્ષક માં રહેલી છે. ધ્યેય નિષ્ઠ શિક્ષકો સમગ્ર સમાજની કાયાપલટ કરવાની શક્તિ ધરાવે છે. ચાણક્ય એક સામાન્ય શિક્ષક જ હતા. પણ ધનનંદ ના, ક્રૂર અન્યાયી શાસન સામે તેમણે પોતાના શિષ્ય ચંદ્રગુપ્ત મૌર્યને એવા તૈયાર કરી દીધા અને પછી તેના દ્વારા સમગ્ર નંદવંશના મૂળિયાં ઉખેડવાથી નાંખ્યા આવાં તો અનેક ઉદાહરણો આપણા ઇતિહાસમાં જોવા મળે છે.

वसावा निशा

"સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગમાં લઈ આવતો હોય છે."

- મનુભાઈ પંચોળી

સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગમાં લઈ આવતો હોય છે. મનુભાઈ પંચોળી 'દર્શક' ના આ વિધાન સાથે શૈક્ષણિક સંસ્થાને ચલાવનાર ઇચ્છતા સંમત થશે. શિક્ષક સતત શીખતો ન રહે તો તે કદી શીખવી ન શકે. ટાગોરના આ વિધાન સાથે શાળા-કોલેજના આચાર્ય સંમત થશે. શિક્ષણશાસ્ત્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના માનમાં 5 સપ્ટેમ્બરે ઉજવતા શિક્ષકદિન નિમિત્તે આજે ફરી એક વાર વિદ્યાર્થી બની જઈએ.

"ના ખુદા કે રામ કાગળ પર લખવું,
ફક્ત મારું નામ કાગળ પર લખવું.
શબ્દથી લાગી રહી જ્યાં રોશની
એ દાખવતું ધામ કાગળ પર લખવું."



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

શિક્ષક રિન્કુ રાઠોડ 'રોશની' ની આ પંક્તિઓ પ્રમાણે શિક્ષકને પણ માતાની મંડામણ ઓળખી શકાય. માસ્તર સુધી પહોંચાડવાનું કામ શિક્ષક જ કરી શકે. આપણે જાણીએ છીએ કોરી પાટી સાથે એમાં અક્ષરનો ક્રમમ પામવાનું કામ શિક્ષકનું છે. એનું કામ છે. વિષયનો અને વિષયનો પરિચય કરાવવાનું પછી વિદ્યાર્થીએ પોતાની પ્રતિભા પ્રમાણે પગલાં પાડવાનો હોય છે. જેમાં વ્યાપી પડતાં હંમેશા વાત લાગે છે. એવું ગણિત હેમંત ગોહિલ 'મર્મર' સાથે લાગીએ....

"સાવ સાદા ને સરળ દાખલા બે ત્રણ ગણો,
આપણામાંથી જ લ્યો, આપણા બે ત્રણ ગણો
આમ શિક્ષક થઈ અને કામ સાથે રોજ રોજ
સાવ કોરો હૈયે વાદળાં બે ત્રણ ગણો"


SAKHEE
Scanned with CamScanner

આજ એક સનાતન શિક્ષક છે.
એક સારો શિક્ષક નાનકડા વર્ગખંડમાં
ચૈતન્યનો ધોધ વહાવતો રહે તો
આભ જેટલું વ્યાપી શકે કારણ પાટિયું.
ડિબાંગમાંથી બુલંદ બની શકે અને
એક બુલંદને તપાવતું ચોકટ છે.
સુરેશ દલાલ જ્યારે કે.સી. કોલેજમાં
ગુજરાતી વિષય ભણાવતા ત્યારે અન્ય
કોલેજના વિદ્યાર્થીઓ પણ ભણવા આવતા
360 ડિગ્રીએ વિષયને સમજવી પાછા
કેન્દ્ર સુધી - સુધી લઈ આવવાનું કામ
હોશિયાર શિક્ષક પાર પાડે છે.
ગૌરાંગ ઠાકર કહે છે. એમ અઘરા
વિષયને પણ સહેલો બનાવવો પડે.

દોસ્ત, વિસ્મય વિષય તો અઘરો છે.

કોઈ બાળક વગર ભણાય નહિ.



Scanned with CamScanner

Page :

Date : / /202

એક ચોપડી, એક કલમ, એક
બાળક અને એક શિક્ષક સમગ્ર
દુનિયાને બદલી શકે છે. મલાલા
યુસુફઝઈના આ વાક્ય સાથે,
ભવિષ્યનો ઈતિહાસ ટામી, પુરાવશે.
હું કદી, શીખવતો નથી. એવા
સંજોગો પેદા કરું છું જેમાં
વિદ્યાર્થી શીખે. આલ્બર્ટ આઈન્સ્ટાઈનના
આ વાક્ય સાથે પ્રત્યેક ભણતર
સાહિત્યકાર સંમત થશે. કિરીટ
ગોસ્વામી કહે છે. એમ કાચું
નહીં સાચું ભણાવવું જરૂરી છે....

- વઘાયા નિશા

Page :
Date : / /202

" શિક્ષણ એવું હોવું જોઈએ કે તે વિદ્યાર્થીના મન, શરીર અને આત્માનો વિકાસ કરે. "

- સરદાર પટેલ

વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય છે. આ પંક્તિમાં સરદાર પટેલ એમ કહે છે કે શિક્ષણ એવું હોવું જોઈએ કે તે વિદ્યાર્થીના મન, શરીર અને આત્માનો વિકાસ કરે. શિક્ષણ એ મનુષ્યની એક અનન્ય ગુણવત્તા છે. શિક્ષણ વડે જ મનુષ્ય પ્રગતિના શિખરે પહોંચે છે.

' શિક્ષણ એ સ્વસ્થ શરીરમાં રહેલા સ્વસ્થ મનની એવી અવસ્થા છે જે મનુષ્યની કાર્યક્ષમતાને ઉજાગર કરે છે. '

શિક્ષણ વ્યવસ્થા એવી હોવી જોઈએ જે દરેક પ્રકારના અવરોધોને દૂર કરી મનુષ્યને શ્રેષ્ઠ બુદ્ધિમત્તા અને આત્મગૌરવ સાથે તેના ઉત્તરદાયિત્વ માટે તૈયાર કરે. ડૉ. રાધાકૃષ્ણ, ગાંધીજી અને ટાગોર જેવા મહાપુરુષોએ એ વાત પર ભાર મૂક્યો કે ' શિક્ષણ એવું હોય જે વ્યક્તિ અને સમાજને નૈતિકતા વડે આધ્યાત્મિકતાના મુલ્યો શીખવે.

આજે આપણને શિક્ષણ નીતિ થોડી કડળની દેખાય આવે છે. પહેલાનું સમયમાં શિક્ષણનું એક આગવું મહત્ત્વ હતું. તે સમયમાં જીવનલક્ષી શિક્ષણ દરેક વિદ્યાર્થીને આપવામાં આવતું હતું. વૈદિક વાંગ્મયમાં શિક્ષણની ખુબ વિશાળ વ્યાખ્યા આપવામાં આવી છે.

SAKHEE

Scanned with CamScanner

આજે ફક્ત રોટલી કેમ કમાવવી તેનું જ શિક્ષણ આપવામાં આવે છે. જ્યારે વૈદિક કાળમાં જીવનલક્ષી શિક્ષણ આપવામાં આવતું હતું. ગુરુકુળમાં હજી ૧૦ હજાર વિદ્યાર્થીઓ ભણતા હતા. ગુરુ અને શિષ્ય વચ્ચે આત્મીય ભાવ તથા મનમેળ હતો. ગુરુ અને શિષ્ય (શિક્ષક અને વિદ્યાર્થી) વચ્ચે એક આદરભાવ હતો. ગુરુ જંગલમાં ચાલતાં-ચાલતાં વૃક્ષોને બતાવી શિષ્યને વનસ્પતિશાસ્ત્ર શીખવી દેતા. માનસશાસ્ત્રનો પણ અભ્યાસ અને શરીર વિજ્ઞાન એટલે કે યોગ દ્વારા સ્વસ્થ શરીર કેમ રાખવું તે પણ શીખવતાં કારણ કે સ્વસ્થ શરીર હશે તો જ વિવિધ સિદ્ધિની પ્રાપ્તિ કરી શકે. માટે વ્યક્તિ, વિદ્યાર્થી અને માનવનો સર્વાંગી વિકાસ એ જ સાચું શિક્ષણ.

> " વ્યક્તિના શરીર અને આત્મામાં રહેલા ઉત્તમ અંશોનું આવિષ્કરણ એટલે શિક્ષણ. "
>
> – ગાંધીજી

મારા મંતવ્ય પ્રમાણે શિક્ષણ એવું હોવું જોઈએ જે માનવીના શારીરિક વિકાસ અને માનસિક વિકાસ સાથે સંકળાયેલું હોય. શિક્ષણ દ્વારા વ્યક્તિનો સર્વાંગી વિકાસ થવો જોઈએ.

ગાંધર્વ હેવાંશીબેન મનોજભાઈ
રોલ નં : 5


SAKHEE
Scanned with CamScanner

Page :
Date : / /202

> " શિક્ષક કોઈ દિવસ સામાન્ય નથી હોતો, પ્રલય અને નિર્માણ હંમેશા તેના ખોળામાં રમતા હોય છે. "
>
> - ચાણક્ય

શિક્ષક માટે એવું કહેવાય છે કે શિક્ષકનો વ્યવસાય પવિત્ર વ્યવસાય છે. તે આવનારી પેઢીને તૈયાર કરે છે. અને બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે છે. શિક્ષક કોઈ દિવસ સામાન્ય નથી હોતો, પ્રલય અને નિર્માણ હંમેશા તેના ખોળામાં રમતા હોય છે. શિક્ષક ધારે એ વિદ્યાર્થીને જે બનાવવો હોય એ બનાવી શકે છે. ચોર પણ બનાવી શકે છે અને કલેક્ટર પણ બનાવી શકે છે. વિદ્યાર્થી તેના ઘરે કદાચ એના મમ્મી- પપ્પાની વાતથી સહમત નહીં થાય. પણ જો એમના શિક્ષકે કહ્યું છે તો એ 100% સાચું જ હોય છે, એવું માની લેતા હોય છે.

પ્રત્યેક વ્યક્તિ જન્મજાત કશું શીખીને નથી આવતો, પોતે પ્રયત્નો કરીને જ સારું શિક્ષણ મેળવીને જ મહાન બની શકાય છે. તેથી જ સમાજમાં કંઈક કરી છૂટવાની ભાવનાં વાળાને જો સાચો શિક્ષક મળે તો સમાજમાં વૈચારિક ક્રાંતિ આવે. સમાજમાં રહેલી કુભાવનાં ફેલાયેલી હોય તેને દૂર કરવી સહેલી નથી. પણ આવા સમયમાં એક સાચો શિક્ષક જેનાં જીવનમાં ઉચ્ચ ધ્યેય, ઉન્નત ભાવનાં અને અદમ્ય સાહસો થી તે સમાજની દિશા બદલી શકે છે. " આજની શિક્ષણની દશા બદલવા માટે દિશા બદલવાની જરૂર છે અને તે એક સાચો શિક્ષક જ કરી શકે. "



Scanned with CamScanner

આ સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો તે શિક્ષકનો છે.

'આજનો વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે.'

તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબુત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકુ ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ખુબ સાદી અને સરળ રીતે કહી શકાય કે,

'જે શિક્ષા આપે તે શિક્ષક'

'જે જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનના મુલ્યની સાચી સમજ આપે એ શિક્ષક.'

શિક્ષકનું યોગદાન સમાજમાં ઘણું મહત્વનું છે. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણ એ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી અને પોતાના જીવનને સાર્થક બનાવ્યું. વિદ્યા જેવું અમુલ્ય ધન મેળવવા માટે આપણે હંમેશા એક સારા ગુરુની શોધ કરતા આવ્યા છે.

'બાળકનો પહેલો શિક્ષક તો તેની 'માં' જ કહેવાય.'

'માં' સૌ શિક્ષકની ગરજ સારે છે. તેથી જ આચાર્ય ચાણક્યે કહ્યું છે કે શિક્ષક ક્યારેય સામાન્ય નથી હોતો. પ્રલય અને નિર્માણ તો તેનાં ખોળામાં રમતાં બે જેવો સમાન છે.

એક સારા શિક્ષક જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. સારા શિક્ષક એ જ છે કે જે કાર્ય કરતાં પહેલાં વિચારે છે, કાર્ય કરતી વખતે વિચારે છે. અને કાર્ય કર્યા બાદ પણ તેનું જ ચિંતન કરે છે.

" સાચો શિક્ષક એ જ બની શકે જે આજીવન સાચો વિદ્યાર્થી બની રહે. "

ગાંધર્વ દેવાંશીબેન મનીષભાઈ
રોલ નં. : 5



SAKHEE
Scanned with CamScanner

Page :
Date : / /202

"સારા શિક્ષકો નહિ હોય તો આપણે બાળકોને સારી કેળવણી આપી શકીશું નહી."

— એચ. એમ. પટેલ

આ દુનિયામાં જે એક શિક્ષક સારો નહિ હોય તો બાળકોને સારી કેળવણી એટલે કે શીખામણ કોણ આપે? તો સારી શીખામણ આપવા માટે સારા શિક્ષકનું હોવું જરૂરી છે એવું એચ. એમ. પટેલ એ ઉપરોક્ત વિધાન માં જણાવ્યું છે.

સારા શિક્ષક વગર સારી કેળવણી અશક્ય છે. તો સારા શિક્ષક કહેવુ કોને? સારા શિક્ષકનું વ્યાખ્યાન વર્ણ નહીં પણ મૌન હોય છે.

પ્રવીણ ક. લહેરી એ કહ્યું છે કે....,

"શિક્ષક આછું કે પાતળું શિક્ષણ ભલે આપે પણ એના ચારિત્ર્યનો પ્રભાવ પડતો હોય તો તે શિક્ષક ઘણું કરી શકે."

એટલે કે સારો શિક્ષક ભલે ઓછું જ્ઞાન ધરાવતો હોય પરંતુ તેના વર્તન અને કથનમાં સામ્યતા હોવી એ મહત્વનું છે. શિક્ષક સારા સંસ્કાર શિખવે છે. પરંતુ તેના વર્તનમાં શિસ્ત જોવા ન મળે તો, વિદ્યાર્થી તેમની પાસેથી શું શિખશે.

કિશોરલાલ મશરૂવાળાએ કહ્યું છે કે....,



SAKHEE

Scanned with CamScanner

" ગમે તેવા સારાં પુસ્તકો અને સર્વાંગપૂર્ણ યોજનાઓ ઘડ્યા હોય પણ જો તેને માટે યોગ્ય શિક્ષક મળી ન શકે તો એ પુસ્તકો અને યોજનાઓ વિદ્યાર્થીઓને કશો લાભ ન આપી શકે."

એટલે કે જો વિદ્યાર્થીને સારા-સારા પુસ્તકો અને સર્વાંગપૂર્ણ યોજનાઓનો લાભ મળે તો પણ જો તેને યોગ્ય શિક્ષકના મળે તો આ બધી વસ્તુ નકામી છે. તેનો કંઈ અર્થ સરતો નથી. તેથી જ કહેવાય છે કે સારા શિક્ષક વગર સારી કેળવણી એ અશક્ય છે.

"શિક્ષકના શિક્ષણકાર્ય અને વર્તણની અસર
વિદ્યાર્થીના મન પર અનંતકાળ સુધી રહે
તો જ એ સફળ શિક્ષક....

- હેન્રી એડમ્સ

પટેલ જાનકીબેન બીપીનભાઈ

"ભણતર માટે પરીક્ષા લેવાતી હતી
ત્યારે પરિક્ષા માટે ભણતર થયું છે.
સાધન સાધ્ય બની ગયું છે."

- મુનિ ઉદયવલ્લભવિજય

ઉપરોક્ત વિધાન મુનિ ઉદયવલ્લભવિજય કહ્યું છે કે ભણતર માટે પરિક્ષા લેતી હતી હવે પરીક્ષા માટે ભણતર થાય ગયું છે.

મુનિ ઉદયવલ્લભવિજય એ ખૂબ જ ગંભીર સમસ્યા નું વર્ણન કર્યું છે કે પરીક્ષ ને ભણતર માટે ગોઠવવામાં આવી હતી પરંતુ સમય જતા પરીક્ષા આપવા માટે લોકો પુસ્તકો નો ઉપયોગ કરતા થયા છે.

મારા એક અનુભવની વાત કરુ કે અમે કે તેજ કક્ષા એ અભ્યાસ કરતા ત્યારે એક વિદ્યાર્થી પરીક્ષાના 15 દિવસ પહેલા ભણવાનું ચાલું કરે છે અને તે પરીક્ષામાં 70% થી 75% માર્કસ લાવે છે તો શું માર્કસની કશી અર્થે છે ખરી? આ ભણતર વિદ્યાર્થીના વર્તનમાં કે વ્યવહારમાં કશી ફેરફાર લાવતી નથી.

ભણતરનો ખરો અર્થ થાય છે કેળવણી જે નાનાભાઈ ભટ્ટ કહે છે કે......

"કેળવણીના કોઈ પણ પ્રક્રિયા ત્રણ વસ્તુની અપેક્ષા રાખે છે."

1> કેળવણી આપનાર
2> કેળવણી લેનાર
3> કેળવણી આપનાર અને લેનારની પરસ્પરની, સંબંધ



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

પરંતુ આજની પરિસ્થિતિ નાનાભાઈ ભટ્ટે કરેલી વાત થી તદ્દન વિપરિત જોવા મળે છે.

ભણતરમાં વિદ્યાર્થી અને શિક્ષકો વચ્ચે પરસ્પર સંબંધ આજે જોવા મળતો નથી. વિદ્યાર્થી ફક્ત પરીક્ષામાં માર્ક્સ લાવવા ખાતર અભ્યાસ કરે છે. પણ હકીકતમાં પરીક્ષા એ ભણતર ને ચકાસવા માટે લેવાતી હોય છે.

અનિલ જોશીએ કહ્યું છે કે.....

" આપણી શિક્ષણવ્યવસ્થા બાળકો ને ચશ્મા આપે છે, પરંતુ દૃષ્ટિ આપતી નથી."

અટલે કે પરીક્ષા માટે બાળકો જે અભ્યાસ કરે છે. તે માટે આપણી શિક્ષણ વ્યવસ્થા પણ કંઈ જગ્યા એ જવાબદાર જોવા મળે છે. તો કેટલીક જગ્યાએ શિક્ષકોની બેદરકારી તો કેટલીક જગ્યાએ શિક્ષકોની બેદરકારી તો કેટલીક જગ્યાએ વિદ્યાર્થીઓ અસંસ્કાર પણ આ માટે જવાબદાર જોવા મળે છે.

પટેલ જાનકીબેન વિપીનભાઈ



SAKHEE

Scanned with CamScanner

" આપણો બૌદ્ધિક સંવાદિતા અને
વૈશ્વિક કરુણાના આજીવન સાધન થવાનું છે.
આવા ગુણો જ સાચા શિક્ષકને
બીજાથી અલગ પાડે છે."

– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન.

કયા ગુણો શિક્ષકને બીજાથી વિશિષ્ટ બનાવે છે. એ વાત ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનએ ઉપરોક્ત વિધાનમાં કરી છે.

ઘડાને ધાર્યો આકાર આપવાની વિશિષ્ટતા કુંભાર માં છે. તેવી જ રીતે શિક્ષકે જ્ઞાન સત્ય છે કે નહિ. તેનો નિર્ણય કરવા માટે અનુભૂતિની વિશિષ્ટ હકીકતો પ્રત્યે નિર્દેશન કરી, તેની ખાતરી કરી લેવી અત્યંત જરૂરી છે. જેમ અરૂણભાઈ દવેએ કહ્યુ છે કે " શિક્ષકમાં જ્ઞાનનું ઝરણું સતત વહેતું રહેવું જોઈએ. સાધન અને સાધ્ય વચ્ચેનો ભેદ જે તે તબક્કે સારવી - તારવી શકવાનું ડહાપણ શિક્ષક ધરાવતો હોવો જોઈએ."

મનુભાઈ ત્રિવેદીએ કહ્યુ છે કે " રાષ્ટ્રીય આયોજની જાળવણીમાં શિક્ષકનું પ્રદાન મહામૂલુ છે." પરંતુ શિક્ષકનું પ્રદાન એ રાષ્ટ્ર પૂરતું સીમિત નથી. પરંતુ સમગ્ર વિશ્વને આવરી લેનાર છે. ડૉ. રાધાકૃષ્ણનએ કહ્યુ તેમ શિક્ષકે આજીવન વૈશ્વિક કરુણાના સાધક થવાનું છે. શિક્ષકે એકતા, સમાનતા, બંધુત્વતાના પાઠો વ્યવહારમાં ઉતારી વિદ્યાર્થીઓને શિખવવાના છે. ધર્મ, જાતિ, જ્ઞાતિના ભેદભાવ મુક્ત બની સમૃદ્ધિ અને જાગૃતિ દરેક પ્રત્યે રાખવી અનિવાર્ય છે.

SAKHEE
Scanned with CamScanner

શિક્ષણના જ પાયામાં મૂલ્યો છે. તેમાં શિક્ષકને પાકી શ્રદ્ધા હોય જ એ મૂલ્યોને પોતાના આચાર-વિચારમાં, વ્યવહારમાં, વાણી ને વર્તનમાં કેમ ઉતારવા એની મથામણમાં સાચા શિક્ષકનો રસ હોવો જોઈએ.

" અક્ષર-અક્ષર સમજાવે એ છે. શિક્ષક
શબ્દ-શબ્દ સમજાવે એ છે. શિક્ષક
પ્રેમની સાથે ઠપકો પણ આપે એ છે. શિક્ષક "

શિક્ષક કે બાળકે અક્ષર-અક્ષર અને શબ્દ-શબ્દનો અર્થ સમજવવો હોય છે. અને એ ત્યારે જ શક્ય છે જ્યારે શિક્ષક પોતે તે અક્ષર અને શબ્દનો યોગ્ય અર્થ સમજ્યાની અને સમજાવવાની શક્તિ કે વિશિષ્ટતા ધરાવતો હોય. સામાન્યમાં સામાન્ય મુદ્દાને પણ કંઈ વિશિષ્ટ રીતે શીખવવુ એ કેવા શિક્ષકમાં હોવી અત્યંત આવશ્યક છે. તો જ શિક્ષક બાળ માનવી ની વિશિષ્ટ બની શકે છે.

" સાચા શિક્ષક બનવુ એ ઘણી કઠિન
પરંતુ કરવા જેવી વડી સાધના છે."

- ચંદ્રકાન્ત શેઠ.

શેખ ઉમ્મેકુલ્સુમ અ. હફીઝ.

Page :

Date :  /  /202

" કેળવણી એટલે માનવ અને સમાજનું નિર્માણ."

- ડૉ. રાધાકૃષ્ણન

ડૉ. રાધાકૃષ્ણન ઉપરોક્ત વિધાનમાં કહે છે કે માનવ અને સમાજનું નિર્માણ એ જ કેળવણી છે.

જેમ કે શિક્ષક શાળામાં બાળકોને ટ્રાફિકના નિયમો શિખવે છે. બાળક તેને યાદ રાખે છે. પરિક્ષામાં વધારે માર્ક્સ લાવે છે. પરંતુ બાળક જ્યારે રસ્તા પર નિકળે છે ત્યારે તે નિયમોને અનુસરતું નથી તો તેણે શિક્ષણ મેળવ્યુ નથી. ફક્ત માહિતી મેળવી છે. માહિતી યાદ રાખવાનું કામતો, કોમ્પ્યુટર પણ કરે છે.

" હું માનવી માનવ થાવ તો ઘણું"

આ કહેવત હું જ્યારે નાની હતી ત્યારે સાંભળતી તો મને પ્રશ્ન થતો કે માનવીનું માનવ બનવું એટલે શું? શું મનુષ્ય માનવ નથી? પરંતુ સમય પ્રસાર થતા અને મારી સમજણ વિકસતા મને સમજાયું કે માણસ અને પ્રાણી વચ્ચે જે ભેદ છે તે આનવવર્તનો છે. અને જ્યારે માનવી પરા અવધિમાં કેળવણી પ્રાપ્ત કરે છે. ત્યારે તે માનવ બને છે. અને પ્રત્યેક નાગરિક આ રીતે પરા અવધિમાં શિક્ષણ પ્રાપ્ત કરે છે. ત્યારે એક સમાજનું નિર્માણ થાય છે.

આપ પોતે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ જ્યારે બાળક આપણા વ્યક્તિતના વર્તનમાં ફેરફાર લાવે છે ત્યારે તેને કેળવણી કહેવામાં આવે છે.

સંગીતા દીપક જય વસાવા એ કહ્યું છે કે......,

" આવેગ આવવા એ કુદરતી ઘટના છે. પરંતુ તે આવેગ પર નિયંત્રણ મુકવુ એ કેળવણી છે!!"

જય વસાવાના આ વિધાનમાં આવેગ એટલે માનવીમાં આવતો ગુસ્સો, નફરત, રુદન, હાસ્ય એ કુદરતી પરિબળો છે પરંતુ માનવી જ્યારે આ આવેગો પર પરિસ્થિતિ પ્રમાણે નિયંત્રણ મૂકવા જે પ્રયત્ન કરે છે એ કેળવણી છે.

કેળવણી એ સ્વભાવિક રીતે થતી પ્રક્રિયા નથી પરંતુ કેળવણી કેળવવી પડે છે. ત્યારે માનવી ખરા અર્થમાં માનવ બને છે અને આ રીતે એક સમાજની રચના કરે છે.

તેથી જ ડૉ. સર્વપલ્લી, રાધાકૃષ્ણને કહ્યુ છે કે કેળવણી એ માનવ અને સમાજનું નિર્માણ છે.

શેખ ઉમ્મેકુલસુમ અ. ફકીરુ,

"જે શિક્ષક હોય તે વિદ્યાર્થી પણ હોય છે"

— વિનોબા ભાવે

જે શિક્ષક હોય તેઓ એ હંમેશા વિદ્યાર્થીની ભૂમિકા ભજવવાની હોય છે. આ વાત વિનોબા ભાવે એ ઉપરોક્ત વિધાનમાં કરી છે.

શિક્ષક - વિદ્યાર્થી નો સંબંધ એ શિક્ષક અને તેમના વચ્ચેની ગતિશીલ ક્રિયાપ્રતિક્રિયા છે, જેમાં વર્ગખંડની અંદર અને બહાર એમની ક્રિયા પ્રતિક્રિયાઓનો સમાવેશ થાય છે. શિક્ષક જ્ઞાન નુ એ આગાર છે, જે વિદ્યાર્થીના જીવનને ઉજ્જવળ બનાવે છે.

શિક્ષક યુવાન મનને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ તેઓ માત્ર જ્ઞાન આપનાર નથી. તેઓ પોતે પણ આજીવન શીખનાર છે. તેમના વિદ્યાર્થીઓની જેમ, શિક્ષકો હંમેશા નવા જ્ઞાનની શોધમાં હોય છે, વિવિધ શિક્ષણ વ્યૂહરચનાઓનુ અન્વેષણ કરે છે, અને નવીનતમ શૈક્ષણિક વલણો સાથે અપ-ટુ-ડેટ રહે છે.

શિક્ષક પોતે શીખતો ન રહે
તો એ કદી શીખવી ન શકે

— રવીન્દ્રનાથ ટાગોર

આથી જ વિદ્યાર્થી બનવાથી શિક્ષકો તેમની શિક્ષણ કૌશલ્યમાં સતત સુધારો કરી શકે છે.



SAKHEE
Scanned with CamScanner

સંપૂર્ણપણે શિક્ષકો માત્ર શિક્ષકો જ નથી પણ જીવનભર શીખનારા પણ છે. તેઓ વર્ગખંડમાં તેમની અસરકારકતા વધારવા માટે સતત નવા જ્ઞાન, કૌશલ્યો અને શિક્ષણ વ્યૂહરચનાઓ શોધે છે.

શ્રી ડેવિસ એક અંગ્રેજી શિક્ષક, તેમને નવા સાહિત્યનું અન્વેષણ કરવા બુક ક્લબમાં જોડ્યા હતા. આજ રીતે શ્રીમતી થોમ્પસન, એક વિજ્ઞાન શિક્ષક હતા. તેમને નવીનતમ સંશોધન સાથે અપડેટ રહેવા માટે વ્યાવસાયિક વિકાસ અભ્યાસક્રમોમાં હાજરી આપી. આજ રીતે શિક્ષક પણ એક વિદ્યાર્થી હોય છે.

શિક્ષણ એ જીવનની તૈયારી નથી;
શિક્ષણ જ જીવન છે.

- જ્હોન ડેવી

- પરમાર રોતન કુમાર.કે.

" શિક્ષણ એ સમજણનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ છે. "

- એરિસ્ટોટલ

પ્રસ્તુત પંક્તિમાં લેખક શિક્ષણ એ સમજણનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ ગણાવે છે. શિક્ષણ કે જે સદાચારને રોપે અને પોષે છે. તે જ સાચી સમજણ આપે છે.

શિક્ષણ આપણને જીવનમાં લક્ષ્યો બનાવીને સફળતા તરફ લઈ જાય છે. શિક્ષણ એ એક આવશ્યક સાધન છે. જે વ્યક્તિનાં જીવનને સુધારવા માટે જ્ઞાન પ્રદાન કરે છે. શિક્ષણ દ્વારા આપણને સમાજની નૈતિકતા અને સંસ્કૃતિને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિને યોગ્ય- અયોગ્યની સાચી સમજણ મળતી હોય છે.

" શિક્ષણ વ્યક્તિનાં કૌશલ્યો, ક્ષમતાઓ, જ્ઞાન, વલણ અને વ્યક્તિમાં સુધારો કરે છે. શિક્ષણ ધીરજ, સહનશીલતાનું મૂલ્ય દર્શાવે છે. "

શિક્ષણ લોકોને જીવનની કસોટીઓ સમજવામાં પણ મદદ કરે છે. શિક્ષણ ઘણી બધી તકોનું પોર્ટલ ખોલે છે. જે માણસને જીવનમાં સફળ બનવા તરફ દોરી જાય છે. શિક્ષક એ વ્યક્તિનાં જીવનમાં તેના લક્ષ્યને હાંસલ કરવા એક શિક્ષકની મહેનત હોય છે. શિક્ષક વિદ્યાર્થીઓને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે.

Scanned with CamScanner

એમ કહી શકાય કે " શિક્ષકો એ માર્ગદર્શક તારાઓ છે. કે જે વિદ્યાર્થીઓને તેમની સાચી ક્ષમતા તરફ દોરી જાય છે. "

'જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનનાં મૂલ્યની સાચી સમજ આપે એ શિક્ષક' જે શિક્ષા આપે એ શિક્ષક છે. શિક્ષણ દરેક વ્યક્તિનાં જીવનમાં વિકાસનો માર્ગ મળે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિનાં વિચારોમાં પરિવર્તન આવે છે. પરિવર્તનોથી વ્યક્તિને સાચી સમજણ પ્રાપ્ત થાય છે.

શિક્ષણ એ એક આવશ્યક સાધન છે. જે વ્યક્તિનાં જીવનને સુધારવા માટે જ્ઞાન પ્રદાન કરે છે. શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષણની ગુણવત્તા પર આધાર રાખીને નૈતિકતાં અને સંસ્કૃતિને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

નામ :- રાજ તૃપ્તિબેન જયસિંહ
રોલ નં :- 41



Scanned with CamScanner

"શિક્ષણ આત્મવિશ્વાસ પેદા કરે છે.
આત્મવિશ્વાસ આશાને જન્મ આપે છે.
આશા શાંતિનું નિર્માણ કરે છે."

– કન્ફ્યુશિયસ

'ભારતનું ભાવી તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે" આ ઉક્તિ ઘણીવાર શિક્ષણ જગતમાં કાને અથડાતી રહે છે. "શિક્ષણ મણ અક્ષરનો પરંતુ એક લાંબી આજીવન ચાલતી પ્રક્રિયા પંરતુ શિક્ષણ એ સ્થિર નથી, પરિવર્તનશીલ છે. પળેપળે વિશ્વ બદલાય છે. સમાજ બદલાય છે. અને સામાજિક, શૈક્ષણિક નીતિનિયમો પણ બદલાતા રહે છે. પરિવર્તન એ આવકાર્ય કહેવા કરતાં 'અનિવાર્ય' કહેવું વધુ ઉચિત છે.

સમયની માંગ અને વિકસિત જ્ઞાનની સાથે સાથે આપણે પરિવર્તન લાવવું પડે છે. કાળક્રમે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને ભૌતિક પરિવર્તનો માનવજાતની પ્રગતિ માટે સુલભ બન્યા છે. પ્રાચીન શિક્ષણપ્રથા, ગુરુકુળ પ્રણાલી મધ્યયુગીન શિક્ષણ, ગાંધીયુગનું શિક્ષણ અને પ્રવર્તમાન ક્રમશઃ શિક્ષણનું આધુનિકીકરણ online education જોવા મળે છે. કહી શકાય કે તબક્કાવાર શિક્ષણનું વિસ્તરણ થયું છે.

" આત્મવિશ્વાસ જીવનની સૌથી સારી ભાવના છે. આત્મવિશ્વાસની જ આપણું જીવન સુખદ અને સફળ થઈ શકે છે. "

" આત્મવિશ્વાસનો અર્થ છે. પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા "

- મહાત્માં ગાંધી

આત્મવિશ્વાસ એટલે પોતાની શક્તિ પર પોતાનો અતૂટ અને અડગ વિશ્વાસ 'આ કામ મારાથી નહીં થાય' એવી નબળી કલ્પનાનો શિકાર બનનાર કોઈપણ કામમાં સિદ્ધિ મેળવી શકતો નથી. પોતાને રંક, નિરુપાય અને લાચાર માનવો એ જાત પ્રત્યેનો અવિશ્વાસ છે.' આત્મવિશ્વાસે નરેન્દ્ર નામનાં યુવકને સ્વામી વિવેકાનંદ બનાવ્યો "

" મોહનદાસ કરમચંદ ગાંધીને "મહાત્મા ગાંધીજી" બનાવ્યા."

એક ગુલામનાં પુત્ર અબ્રાહમ લિંકનને અમેરિકાનો રાષ્ટ્રપ્રમુખ બનાવ્યો.

માણસે હંમેશા આત્મનિરીક્ષણની આદત કેળવવી જોઈએ અને જે ગુણની ઉણપ પોતાના કાર્યોને નિરાશા બક્ષે છે. તેને હાંકી કાઢવાની હિંમત કેળવવી પડે. તેને હાંકી કાઢવાની. શિક્ષણ દ્વારા

Page :
Date : / /202

આત્મવિશ્વાસમાં વધારો થાય છે. આત્મવિશ્વાસ વધવાથી વ્યક્તિ કોઈ પણ કાર્ય સરળતાથી અને સારી રીતે પૂર્ણ કરી શકે છે. આત્મવિશ્વાસ દ્વારા એક આશાનું નિર્માણ થાય છે. કે " આ કાર્ય હું કરી શકું છું" આત્મવિશ્વાસ દ્વારા એક આશાનું નિર્માણ થાય છે. આ આત્મવિશ્વાસ દ્વારા સારી રીતે, શાંતિપૂર્વક તે કાર્ય પાર પડે છે. આ આત્મવિશ્વાસ લાવવામાં શિક્ષણ ખૂબ જ મહત્વનું કાર્ય કરે છે.

વ્યક્તિને પોતાના વ્યક્તિત્વની ઓળખ એક શિક્ષક જ સારી રીતે કરાવી શકે. વ્યક્તિમાં રહેલી શક્તિ, ઊણપ, સારી રીતે જાણી શકે છે. વ્યક્તિને માર્ગદર્શન આપી પ્રગતિના પંથે આગળ વધવા પ્રેરણા આપે છે. આ રીતે વ્યક્તિના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. વ્યક્તિ જ્યારે હતાશ, નિરાશ, નાસી-પાસ થાય, ત્યારે જીવનમાં હાર માની લે ત્યારે એક શિક્ષક આત્મવિશ્વાસ દ્વારા એક આશાનું નિર્માણ કરે છે. માતા-પિતા એ બાળકોને સંસ્કાર આપે છે, પરંતુ શિક્ષક એ જીવન જીવવાની રીત, વ્યક્તિત્વ ઘડતર નું નિર્માણ કરે છે.

નામ :- શાહ તૃપ્તિબેન જયસિંહ
રોલ નં. :- ૪૧

Page :
Date : / /202

" બુદ્ધિ વત્તા ચારિત્ર્ય - એ જ શિક્ષણનું લક્ષ્ય છે."
- માર્ટિન લ્યુથર કિંગ, જુનિયર.

પ્રસ્તુત પંક્તિમાં લેખક શિક્ષણનું મુખ્ય ધ્યેય બુદ્ધિ અને વ્યક્તિનાં ચારિત્ર્ય નિર્માણ છે.
લેખક કહે છે કે બુદ્ધિની સાથે સાથે વ્યક્તિના ચારિત્ર્ય ઘડતરનો પણ વિકાસ કરવો શિક્ષણનું મુખ્ય ધ્યેય છે. જેવી રીતે મજબૂત ઇમારત માટે સુદૃઢ પાયાની જરૂર છે. એ જ રીતે વ્યક્તિ વિકાસ માટે ચારિત્ર્યનું ઘડતર થવું પણ જરૂરી છે. માત્ર બુદ્ધિનો જ વિકાસ એ શિક્ષણ નથી. પણ વ્યક્તિમાં ચારિત્ર્યનું ઘડતર કરવું ઘણું જ અગત્યનું છે.

સ્વામી વિવેકાનંદજી પણ કહે છે ચારિત્ર્ય એટલે બીજું કઈ નહીં પરંતુ વારંવાર કાર્યમાં પરિણમતી ટેવોનો સમૂહ જ સંસ્કારો અને પ્રભાવોમાંથી આવે છે. મનુષ્યની અંદર ઘણી બધી શક્તિઓ છે. તે બધામાં શ્રેષ્ઠ સ્થાન ચારિત્ર્યનું છે. જે શક્તિ દ્વારા માણસ પોતાનામાં સારા આચરણ અને ગુણોનો વિકાસ કરે છે. તે ચારિત્ર છે.

" બુદ્ધિથી પૈસા કમાવી શકાય છે પરંતુ પૈસાથી બુદ્ધિ નહીં."

" વ્યક્તિ ઉંચા સ્થાને બેસીને ઉન્નત થતો નથી, પરંતુ તે હંમેશા તેના ગુણોથી ઉન્નત બને છે."
ચારિત્ર્ય એ માણસની ખરી તાકાત છે. માણસનાં જીવનમાં ચારિત્રનો બહુ મોટો રોલ હોય છે. તેને માણસની સૌથી મોટી સંપત્તિ માનવામાં આવે છે.
એમ કહેવાય છે કે બધુ કોપી કરી શકાય છે. પરંતુ ચારિત્ર, વ્યવહાર, સંસ્કાર અને જ્ઞાન કોપી થઇ શકે નહીં.
" ધનની ચોરી થાય પરંતુ ક્યારે જ્ઞાનની ચોરી ના થાય."



SAKHEE

Scanned with CamScanner

ચારિત્ર્ય સંબંધી એક પ્રચલિત અંગ્રેજી કહેવત પણ છે. કે " જે માણસની સંપત્તિનો નાશ થાય છે તો કશું જ નષ્ટ થતું નથી. પરંતુ જો તેનું ચારિત્ર્ય નાશ થાય છે, તો બધુ જ નાશ પામે છે."

ચારિત્ર્ય સંપત્તિ એ સૌથી મોટી સંપત્તિ છે. વ્યક્તિ ભલે બુદ્ધિથી ધનવાન હશે પરંતુ તેની પાસે ચારિત્ર્ય સંપત્તિ ના હશે તો એ કાંઈ જ ઉપયોગી નથી.

આજે આદર્શ મહાપુરુષ શ્રી રામનું ચરિત્ર કોનાથી છુપાયેલુ છે. મહાત્મા ગાંધીજી, સ્વામી વિવેકાનંદજી ઘણા મહાન પુરુષો તેમના ચારિત્ર્યને કારણે એક સામાન્ય વ્યક્તિમાંથી ઉપરીને આજના યુગના મહાન માણસ તરીકે ઓળખવામાં આવે છે. આપણા પ્રાચીન કેળવણી કારો શિક્ષણનું પ્રથમ ઉદ્દેશ્ય ચારિત્ર્ય નિર્માણને આવશ્યક માન્યુ હતું.

કહેવાય છે કે " શિક્ષણ જગતમાં ગાગરમાં સાગર" રૂપે કહી શકાય.

નામ: પ્રતિક્ષાબેન એચ. વસાવા.



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

> " એક બાળક, એક શિક્ષક, એક પુસ્તક, એક પેન દુનિયા બદલી શકે છે."
>
> - મલાલા યુસુફઝાઈ

પ્રસ્તુત પંક્તિમાં લેખક બાળકનાં જીવનમાં શિક્ષકનું વિશેષ મહત્વ છે.
લેખક કહે છે કે " શિક્ષકો એ માર્ગદર્શક તારાઓ છે કે જે વિદ્યાર્થીઓને તેમની સાચી ક્ષમતા તરફ દોરી જાય છે."

" શિક્ષણની કળા એ શોધમાં મદદ કરવાની કળા છે."

કોઈ પણ દેશનાં વિકાસમાં શિક્ષણ પ્રગતિ વિશેષ સેવા મળતી હોય છે. પથ્થર કોઈ પણ હોય એમાંથી શિલ્પ ઘડવાનું કામ શિલ્પકારનુ છે. શિલ્પકાર ધારે તો ગમે તેવા પથ્થરમાંથી મૂર્તિ ઘડી શકે છે.
આ જ રીતે જ્યારે શિક્ષક પણ તોફાની, ઠોઠ કે પછી અણસમજુ એવા કોઈ પણ પ્રકારનાં વિદ્યાર્થીમાંથી મહાન માણસ સર્જી શકે છે. શિક્ષક આપણા સમાજનું અનિવાર્ય અંગ છે. શિક્ષકની સાથે બાળકનો સામાજીક, શારીરિક અને માનસિક વિકાસ થાય છે.

" એક શિક્ષક, એક બાળક, પુસ્તક અને એક પેન વિશ્વને બદલી શકવાની ક્ષમતા ધરાવે છે."

દુનિયામાં જ્યાં પણ તમને અસાધારણ વસ્તુ મળશે ત્યાં તમને એક મહાન શિક્ષકના ફિંગર-પ્રિન્ટસ અવશ્ય મળશે. બાળકના મનની કુદરતી જીજ્ઞાસાને ઉજાગર કરવાનુ કામ એક માત્ર શિક્ષક જ કરે છે. શિક્ષક નવી પેઢીનાં બાળકોમાં જ્ઞાન ટ્રાન્સફર કરે છે. દરેકનાં જીવનમાં શિક્ષક માર્ગદર્શક, મિત્ર સાથે વાલી બનીને જીવનમાં મૂલ્યો



SAKHEE
Scanned with CamScanner

Page :

Date : / /202

સાથે શિસ્તનું ઘડતર કરીને શ્રેષ્ઠ નાગરિકનું નિર્માણ કરે છે. સૌના જીવનમાં પ્રગતિ કરવામાં આ મહાન વ્યક્તિ રૂપરેલ કે એક શિક્ષકની મહેનત હોય છે.

મને લાગે છે કે શિક્ષણનો વ્યવસાય આપણા સમાજમાં અન્ય કોઈ એક વ્યવસાય કરતા વધુ ફાળો આપે છે. સમાજના સૌથી જવાબદાર અને મહત્વપૂર્ણ સભ્યો શિક્ષક છે. કારણ કે તેમના વ્યાવસાયિક પ્રયત્નો પૃથ્વીના ભાવિને અસર કરે છે.

“ શિક્ષણ એ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે જેનો ઉપયોગ વિશ્વને બદલવાની ક્ષમતા ધરાવે છે.”

“ શિક્ષકોને પરિવર્તનના જ્યોતિર્ધર ગણવામાં આવે છે.” દરેક બાળક વિશિષ્ટ છે. તેની શીખવાની શક્તિ અલગ-અલગ છે. કેળવણી દ્વારા તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ ઉજાગર કરવું, આ કાર્ય એક શિક્ષક જ કરે છે. જેવી રીતે એક કુંભાર માટીને પકવી માટીની વસ્તુઓને યોગ્ય આકાર આપી, સુશોભન અને ચમક આપી, માટીને ઘાટ આપી વસ્તુઓ બનાવે છે. એવી જ રીતે શિક્ષકે પણ કુંભારની ભૂમિકા રહીને વિદ્યાર્થીઓને તૈયાર કરવાના છે, વિદ્યાર્થીઓ ને ઘડાની જેમ પકવવાના હોય છે. ઘડતર કરવા માટેનું સહુથી મહત્વનું પરિબળ શિક્ષક જ છે.

ડૉ. એ.પી. જે અબ્દુલ કલામ આપણા આદરણીય રાષ્ટ્રપતિજી એમના પુસ્તક “India-2020 A vision of the new millenium” માં લખે છે.

“ જો તમે કોઈપણ શાળામાં શિક્ષક હો તો તમારે ઘણો જ મહત્વનો ભાગ ભજવવાનો છે. કારણ કે બીજા કોઈપણ કરતાં તમે ભાવિની પેઢીને સહુથી વધારે અસરકારક ઘાટ આપી શકો છો.”



SAKHEE

Scanned with CamScanner

શિક્ષક માટે હું એટલું કહીશ.....

નાનપણમાં જ્યારે સમજણ ની હતી ગેરહાજરી.....
ત્યારે એકડે એકથી જીવનમાં સમજણની જેણે પુરાવી હાજરી...
એ જ તો કહેવાય શિક્ષક.....
જ્યારે કોઈને માન આપવાનું ન હોતું ભાન....
ત્યારે એકડે એકથી શીખવાડ્યું તેમને બધાને આપતા સન્માન.
એ જ તો કહેવાય શિક્ષક.....
જ્યારે શૂન્ય હતું ભણતર અને શૂન્ય હતું ગણતર....
ત્યારે એકડે એકથી તેમના માર્ગદર્શન થકી આપ્યું જ્ઞાનનું ચણતર.
એ જ તો કહેવાય શિક્ષક.....
જ્યારે લક્ષ્યની દિશાઓ હતી અનેક અને મૂંઝવણો નો હતો પાર.
ત્યારે બની અનુયાયી, દોર્યા તેમણે સાચો માર્ગ, અને સમજાવ્યો જ્ઞાનનો સાર.....
એ જ તો કહેવાય શિક્ષક.....

સારાંશ: બાળકને નાનપણમાં કોઈ સમજણ ના હતી ત્યારે જીવનની સમજણ તેના શિક્ષક આપે છે. જ્યારે કોઈને માન આપવાનું સમજણ ના હતી ત્યારે શિક્ષક બધાને સન્માન આપતા શીખવાડ્યું. જ્યારે બાળક પાસે કોઈ જ્ઞાન ન હતું ત્યારે શિક્ષક માર્ગદર્શન થકી જ્ઞાનનો ભંડાર અર્પે છે. જ્યારે બાળક સમક્ષ લક્ષ્યની દિશાઓ અનેક, સાથે મૂંઝવણો હોય છે તો એક શિક્ષક જ અનુયાયી, માર્ગદર્શક, બની સાચી દિશા તરફ આગળ વધવા પ્રેરે છે, એ જ તો કહેવાય શિક્ષક.

નામ: પ્રતિક્ષાબેન એસ. વસાવા.



SAKHEE
Scanned with CamScanner

"શિક્ષણ કોઈ સમસ્યા નથી. શિક્ષણ એક તક છે"

"લિન્ડન બી જોહ્ન્સન"

શિક્ષણ વ્યક્તિમાં રહેલી શક્તિઓને ઉપજાવતી અને કેળવતી પ્રક્રિયા, શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. વ્યક્તિ જે કંઈ જુએ છે, સાંભળે છે, વાંચે છે તેની કોઈક અસર વ્યક્તિ પર પડતી હોય છે. શાળા કોલેજમાં શિક્ષણ ની તક આપણને મળતી હોય છે તેનો લાભ આપણે લેવો જોઈએ. શિક્ષણ એ માનવીના અસ્તિત્વ સાથે જોડાયેલું છે.

"શિક્ષણ એ ખુબ જ આદર્શ વ્યવસાય છે. તે વ્યક્તિના ચરિત્ર અને ભવિષ્યને આકાર આપે છે. જો મને એક ટીચર તરીકે જોવામાં આવે તો, મારા માટે શ્રેષ્ઠ સન્માન હશે."

– "એપીજે અબ્દુલ કલામ"

વ્યક્તિની માનસિક શક્તિઓ, જેવી કે બુદ્ધિ, તર્ક, કલ્પના સ્મૃતિ અર્થગ્રહણ, તુલના, નિષ્કર્ષ, કુતુહલ વગેરે અને ક્ષમતાભંડાર ભરે છે, જે એને શીખવા અને સતત શીખતા રહેવા એક બળ પુરુ પાડે છે. એ સમાજ દ્વારા પોતાના પરિવાર માટે અને સમાજના જે અનેકવિધ ઘટકો સાથે તે સંકળાયેલો હોય છે. આમ માનવી શિક્ષણની દરેક તકનો લાભ લેવો જોઈએ.

શિક્ષણને માનવીના માનવ તરીકેના અસ્તિત્વ સાથે સાંકળવામાં આવે છે.



SAKHEE
Scanned with CamScanner

Page :
Date : / /202

શિક્ષણથી બુદ્ધિ અને જીવનનું ઘડતર થાય છે. સારું શિક્ષણ પ્રાપ્ત કરવું અત્યંત જરૂરી છે. વ્યક્તિનો સર્વાંગી વિકાસ શિક્ષણના કારણે થાય છે. નક્કી કરેલા લક્ષ્યને પ્રાપ્ત કરવા શિક્ષણ ખુબ જ જરૂરી છે.

"શિક્ષણ મૂળ કડવા હોય પણ.
તેના ફળ મીઠા હોય છે."

શિક્ષણ એ આપણું ઉજ્જવળ ભવિષ્ય છે. માનવીય વરિષ્ઠ, મહાનુભવો મારા શિક્ષકો અને શિક્ષકો પ્રિય સાથીઓ મારા બધા નમ્ર સજ્જનો જેમ કે આપણા સહમત હોઈએ સામાજિક અને વ્યક્તિગત રીતે સમય ખુબ જ મહત્વપુર્ણ અને યોગ્ય જરૂરી છે.

"એક ચોપડી, એક કલમ, એક બાળક
અને એક શિક્ષક સમગ્ર દુનિયાને
બદલી શકે છે."

સારું શિક્ષણ આપણને જીવનમાં લક્ષ્યો બનાવીને સફળતા તરફ લઇ જાય છે. શિક્ષણનું આપણા જીવનમાં ઘણું મહત્વ છે.

આજે આપણને નિતિ થોડી કઠ્ઠેલી દેખાય છે. પહેલાના સમયમા શિક્ષણનું એક આગવું મહત્વ હતુ તે સમયમાં જીવનલક્ષી શિક્ષણ દરેક વિદ્યાર્થી ને આપવામાં આવતું હતું.

નામ:- વસાવા નિકુબેન રાયમલભાઈ.
રોલનં:- 08



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

"શિક્ષક એવા વ્યક્તિ હોય છે. જે કોઈ વ્યક્તિને અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય છે."

— "ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ."

શિક્ષક એવા વ્યક્તિ હોય છે જે વિદ્યાર્થીને તેના જીવનની દિશા શોધવામાં મદદ કરે છે. વિદ્યાર્થીને પોતાની ક્ષમતાઓની ઓળખ કરાવે છે. અને તેના જીવનને ઉચ્ચ પ્રગતિ તરફ લઈ જાય છે. જ્યારે-ચારે બાજુથી મળતી હોય અસફળતાઓ ત્યારે શિક્ષક જ હોય છે. જે કહે છે. કે હાર ના માનીશ તું કરીશ જ શકે છે?

"જીવંત શિક્ષણ માટે શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે. આઈ કોન્ટેક્ટ મહત્વનો છે."

— "અનિલ રાવલ."

"ગુરુના હાથમાં એટલી શક્તિ હોય છે. કે તેઓ એક વિદ્યાર્થી દ્વારા દુનિયા બદલી શકે છે." માણસમાં રહેલી કળાઓ માણસને ખૂબ આગળ વધારી શકે છે. આમ શિક્ષક એ વ્યક્તિને સારું શિક્ષણ આપી તેને શિક્ષણ તરફ આગળ વધારી શકે છે. શિક્ષક એ આપણા જીવનમાં ખૂબ જ અગત્યનું પાસું છે."

"એક વ્યક્તિને શિક્ષિત કરવો. એ આખા પરિવારને તારવા સમાન છે."

— રમેશભાઈ એમ. પટેલ.

Page :
Date : / /202

"શિક્ષણ એ જીવનની તૈયારી નથી, શિક્ષણ એજ જીવન છે." - "જોન ડેવી.

શિક્ષણ વગર માનવી માટે શીખવાની પ્રક્રિયા એક સહજ નૈસર્ગિક અને સરળ પ્રક્રિયા છે. શિક્ષણ માનવીને પોતાની જાત સાથે સમાજની અન્ય વ્યક્તિઓ સાથે અને સમગ્ર પર્યાવરણ સાથે અનુકૂલન સાધતા શીખવે છે. શિક્ષણ માનવીને જરૂરી, જ્ઞાન સમજ, વલણો, અભિગમો અને વર્તનો 'શીખવતું' હોય છે. શિક્ષણ ફક્ત ઉપરછલ્લા પરિવર્તનો નથી કરતું બલકે માનવીના વ્યક્તિત્વનું પુનઘડતર કરે છે.

" બાળકોને ગણતરી કરવાનું શીખવવું ઠીક છે. પરંતુ તેમને શું ગણવું તે શીખવવું શ્રેષ્ઠ છે."

- " બોબ તાલબર્ટ"

સાચા શિક્ષણથી તો વ્યક્તિ અને વ્યક્તિત્વની નવી વ્યાખ્યા બાંધી છે. " માનવી શિક્ષણ દ્વારા મન, હૃદય અને આત્માનો એવી કક્ષાનો વિકાસ સાધે કે જેથી એને જીવનસાર્થક્ય ની અનુભૂતિ થાય એનું જીવ્યું ધન્ય ધન્ય થઈ જાય.

શિક્ષણ દ્વારા સમાજમાં સંકલ્પના સંસ્કારભાવના સાંસ્કૃતિક વિવિધતાઓ માટે સન્માન સહિષ્ણુતા અને સન્માનની ભાવના સમાજમાં ઉપસ્થિત નથી. થતી સમસ્યાઓ, વિવાદો, અને તકરારોના નિરાકરણ શાંતિ માટે શિક્ષણ જરૂરી છે.

નામ:- વસાવા નિકુબેન રાયમલભાઈ
રોલનં:- 08


SAKHEE

Scanned with CamScanner

Page :

Date : / /202

> કેળવણી એટલે એવી પ્રક્રિયા છે. જેમાં અને જેનાં વડે વ્યક્તિનાં જ્ઞાન, ચારિત્ર અને વર્તનનું ઘડતર થાય છે.

- વ્હાઈટ હેડ

પ્રસ્તુત પંક્તિ માં કેળવણી એ સતત ચાલતી પ્રક્રિયા છે. જે થોભતી કે થંભી જતી નથી. કેળવણી કે શિક્ષણ આપવા માટે શિક્ષક એ મહત્વની ભૂમિકા ભજવે છે. જે વિદ્યાર્થી કે વ્યક્તિનાં જ્ઞાનમાં વધારો કરી આપવામાં અને સદ્ગુણો, નૈતિક કરશે, વિદ્યાર્થીના ચારિત્ર ને ઘડવામાં મહત્વનો ભાગ ભજવે છે. જે વિદ્યાર્થીઓનાં વર્તન અને વ્યવહાર કેળવવાં માં શિક્ષકની ભૂમિકા અતિ મહત્વની છે. વિદ્યાર્થી નાં જીવનમાં સારા ગુણો, નૈતિક પ્રકારનું વર્તન કરવામાં અને વિદ્યાર્થીઓના જીવનને યોગ્ય વળાંક માં વાળવા માટે એક શિક્ષકની ભૂમિકા મહત્વની છે.

" કેળવણી એ તો પુસ્તકાલયોના દરવાજા ખોલવાની ચાવી જ છે."

શિક્ષણ એ અલગ- અલગ પ્રકારના વિષયોના પુસ્તક અંગેનું, મેગેઝિન, વાર્તાઓ, લેખો, લાઈબ્રેરીમાં ઉપલબ્ધ થતાં પુસ્તકો જે વિદ્યાર્થીઓ વાચન કરી પોતાના જ્ઞાનમાં વધારો કરી શકાય.

જ્યારે શિક્ષક શિક્ષણ કાર્ય કરે ત્યારે વિદ્યાર્થીઓ શીખે છે. સાથોસાથ શિક્ષક એ નિયમો, સદ્ગુણો, સારા વિચારો, સારી ટેવો વિદ્યાર્થીઓના જીવનમાં વિકસાવી વિદ્યાર્થીના ચારિત્ર પર સારી અસર થવા પામે છે. તેનામાં રહેલાં સદ્ગુણો ને ખીલવવા માટે શિક્ષક મદદરૂપ બને છે.



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

વિદ્યાર્થીઓએ કેવા પ્રકારનું વર્તન-વ્યવહાર કરવું. શું સારું છે, ખરાબ છે. એ અંગેનું જ્ઞાન આપે અને શિસ્તમાં રહેવાનું શીખવે, જે જીવન નૈતિક મૂલ્યો, સંસ્કાર આપી વિદ્યાર્થીઓને સારાં બનાવે છે.

આદર્શ શિક્ષક એવા એક વ્યક્તિ છે. જે એક બગીચાને જુદાં-જુદાં રંગરૂપના ફુલોથી સજાવે છે. જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હમીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનું કારણ સમજાવે છે. તે પ્રેરણાના ફુવારાથી બાલકરૂપી મનને સીંચીને તેના પાયાને મજબૂત કરે છે. અને તેના જ્ઞાનની સાથે નૈતિક મૂલ્યો અને સંસ્કારરૂપી શિક્ષાના માધ્યમથી એક ગુરૂ જ શિષ્યના સારા ચારિત્રનું ઘડતર કરી શકે છે. આપણા દેશના આદર્શ શિક્ષકોએ વિદ્યાર્થીઓના જીવનને ઘડવા માટે ઘણો મહત્વનો ફાળો પ્રદાન કરે છે.

એક જ જગ્યા પર વર્ષો સુધા ઊભા રહી હજારો વિદ્યાર્થીઓને યોગ્ય દિશા બતાવતો અને ભણતર સાથે એક સારા નાગરિક બનવાના બીજ વાવતો વ્યક્તિ એટલે એક શિક્ષક .....

નામ:- વસાવા ભાવનાબેન રમેશભાઈ
રોલ નંબર:- 23



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

" જે વ્યક્તિ અઘરી બાબતોને સહેલી બનાવે છે. તે શિક્ષક છે."

- એમર્સન

પ્રસ્તુત પંક્તિમાં એમ કહેવાયુ છે. કે એક આદર્શ શિક્ષક અઘરી બાબતોને પણ સરળ અને સમજાય એ રીતે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરે છે. જેથી વિદ્યાર્થીઓને સરળતાથી સમજણપડે. વિદ્યાર્થીઓના ગુરુ કે શિક્ષકનું સ્થાન વિદ્યાર્થીના જીવનમાં ખુબ જ મહત્વનું ગણાય છે. જે વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉપરાંત સામાજિક જીવનમાં ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે.

અક્ષર - અક્ષરનો અર્થ સમજાવે એ છે. શિક્ષક !
શબ્દ - શબ્દનું અર્થ સમજાવે એ છે. શિક્ષક !
પ્રેમની સાથે કથરિય કપકો પણ આપે એ છે. શિક્ષક !

જે મા ના સ્તર સુધી જઈને ભણાવે તે માસ્તર;
મા જેવું વાત્સલ્ય, મા જેવો પ્રેમ અને મા જેવુ વર્તન જે શિક્ષકનું હોય તેને માસ્તર કહી શકાય.
આજના યુગમાં શિક્ષક સ્ત્રી હોય કે પુરુષ શિક્ષક હંમેશા આદર્શ હોવા જોઈએ. આજના યુગમાં માત્ર ડીગ્રી ધારી શિક્ષકો નહિ પણ પ્રેમ લાગણી સહાનુભૂતિથી છલકાતાં હૃદયવાળા શિક્ષકોની આવશ્યકતા છે.

આદર્શ શિક્ષક ને માટે જ્ઞાન તો આવશ્યક જ છે. પણ એ પુરતું નથી. એ જ્ઞાન પચાવવા, સરળ બનાવવા

શિક્ષકોના કે વિદ્યાર્થીઓના મનમાં ઉતારવા મહેનત કરવી જોઈએ. ઉદ્યમ કરવો જોઈએ. શ્રમ કરવો જોઈએ. વર્ગમાં જતા પહેલા તેની તૈયારી કરવી જોઈએ. તાલીમ અને વિદ્યાર્થીઓને ભણાવતાં - ભણાવતાં સરળ અને અઘરી બાબતોને સરળ કરી વિદ્યાર્થીઓ સમક્ષ સહેલી કે સરળ લાગે એ રીતે રજૂ કરવું જોઈએ.

શિક્ષકે મેઘ નહિ, માળી બનવાનું છે.
વાદળું તો વરસી જશે, વરસાદ પડી જશે.
વરસાદનું વરસી જવું એ એક વાત છે.
ને છોડને પાણી સિંચવું ને માવજત કરવી બીજી વાત છે.
માળીનું કામ એ છે કે કયા છોડને કેટલું પાણી જોઈએ?
પાણી નકામું જતું રહે તે પણ તેને નહીં ગમે.
ખરેખર, માસ્તર એ માળીની જેમ બાળકોની
કાળજી રાખનારો શિક્ષણ પ્રહરી છે.

શિક્ષક એ વિદ્યાર્થી અને સમાજ માટે અગત્યનો ભાગ ભજવે છે. જે અઘરી વસ્તુઓને સરળ અને સહેલાઈથી યાદ રહી જાય તે પ્રમાણે કાર્ય કરવા પાછળ એક શિક્ષકના હાથ છે. જે પછી ગણિતના દાખલા હોય, કે અંગ્રેજીનું ગ્રામર હોય. આ કઠિન બાબતોને સરળમાં ફેરવે એ છે. શિક્ષક.

શિક્ષક એ વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ અને સાથે-સાથે સારાં માર્ગદર્શન કરનાર પણ હોય છે. જેથી વિદ્યાર્થી જીવનમાં શિક્ષકનું સ્થાન ઘણું જ શ્રેષ્ઠ છે.

નામઃ- વસાવા ભાવનાબેન રમેશભાઈ
રોલ નંબર :- 23


SAKHEE

Scanned with CamScanner

# "શિક્ષણ"

" કોઈની બુદ્ધિના પીંજરામાં લાગણીનું પંખી થઈ
ટહુકયા કરવાનું મને મંજૂર નથી.
પોતાની આંખ હોય, પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય, પોતાનું ગીત હોય,
મનનો માલિક હું મારે તો બીક શી?
હું તો મૌલિક છું.
હામાં હા કહીને ઠીક ઠીક રહીને,
મને ઠીક ઠીક રહેવાનું મંજૂર નથી."

સન્માન્ય મંચસ્થ મહાનુભાવો, આદરણીય આચાર્ય શ્રી વંદનીય અધ્યાપકગણ અને મારા સહ તાલીમાર્થી ભાઈઓ અને બહેનો.

સૌપ્રથમ અહીં ઉપસ્થિત અને મારા જીવનકાળ દરમિયાન મને એક ક્ષણ પણ શિક્ષણ આપનાર સમગ્ર શિક્ષકગણને શિક્ષક દિનની હાર્દિક શુભકામનાઓ.

શિક્ષણ શબ્દ એ ફક્ત ત્રણ અક્ષરનું બનેલું છે. પરંતુ તેનો અર્થ વ્યાપક છે. એવું તો સૌ સ્વીકારે છે કે શિક્ષણનો અર્થ શીખવાની પ્રક્રિયા સાથે છે. પરંતુ ખરેખર શિક્ષણ એટલે શું? પોતાની પાસે જે જ્ઞાન છે. તેના ફળ સ્વરૂપે બાળક આપવા માનવીના વર્તનમાં જે ફેરફાર થાય છે એ જ શિક્ષણ છે. શિક્ષણ એ માનવ અને માનવી વચ્ચે અલગતાની એક વિશિષ્ટ રેખા બનાવે છે. શિક્ષણ વ્યક્તિના કૌશલ્ય, ક્ષમતા અને વ્યક્તિત્વમાં સુધારો કરે છે. શિક્ષણ એ વ્યક્તિની પરિવર્તનશીલ અસર છે. શિક્ષણ ધીરજ, સહનશીલતા નું મૂલ્ય દર્શાવે છે. શિક્ષણ લોકોમાં નફરત અને ગુસ્સાની સમસ્યાનું નિરાકરણ લાવે છે. જાણીતા લેખક જય વસાવા એ કહ્યુ છે

કે "આવેગ આવવો એ કુદરતી બાબત છે. પરંતુ તેના પર નિયંત્રણ મૂકવો એ કેળવણી છે." શિક્ષણ સમાધાન, નિસ્વાર્થકાર્યો, હિંમતના મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. ચંદ્રકાન્ત મહેતાએ કહ્યુ છે કે

"શિક્ષણ એટલે જ્ઞાનનો વિસ્તાર, હૃદયનો વિસ્તાર,
મનનો વિસ્તાર સંકુચિતતા અને સ્વાર્થમાંથી
મુક્ત થવાની આરાધના."

શિક્ષણને સાર્થક બનાવવા માટે સારા શિક્ષક એ અત્યંત આવશ્યક છે. હવે પ્રશ્ન થાય કે સારા શિક્ષક કોને કહેવાય? જે દર વર્ષે પોતાનું શૈક્ષણિક કાર્ય સમયસર પુરુ કરે છે. પરંતુ દર વર્ષે તેમની ભણાવવાની પદ્ધતિ એકની એક જ છે. તેમની પદ્ધતિમાં કોઈ નવીનતા દેખાતી નથી. તો શુ તેમને સારા શિક્ષક કહેવાય? ન કહેવાય. એમ. એચ. પટેલ કહ્યું છે કે....

"સારા શિક્ષક ન હોય તો
બાળકો ને સારુ શિક્ષણ
આપી શકાય નહી."

શિક્ષક કોઈ યંત્ર સાથે કે નિર્જીવ પ્રણાલી સાથે કામ કરવાનું નથી. શિક્ષકે તો જીવંત, નિર્દોષ, હજારો સપના મનમાં સમેટી આકાશને આંબવાની ઇચ્છા રાખનાર અને ખીલી રહેલા નાનકડા છોડ સમાન વિદ્યાર્થીના જીવનને ઘડવાનું અને દિશા આપવાનું કાર્ય કરવાનું છે. તેથી સારા શિક્ષક એ જે ફક્ત વાણી નહીં પરંતુ પોતાના વર્તન અને અનુભવોના ઉદાહરણો આપી વિદ્યાર્થીને સતત શીખવતો રહે, સમય સાથે પોતાની ભણાવવાની પદ્ધતિને બદલતો રહે, કોઈ એક અઘરા મુદ્દાને દસ વાર શીખવું પડે તો દસ વાર શીખવવાની પદ્ધતિ જુદી-જુદી હોય એ જ સારું શિક્ષક.

"અક્ષર - અક્ષરનો અર્થ સમજાવે એ છે શિક્ષક
શબ્દ - શબ્દનો અર્થ સમજાવે એ છે શિક્ષક
પ્રેમની સાથે ક્યારેક ઠપકો પણ આપે એ છે શિક્ષક"

પ્રાચીન સમયથી જ શિક્ષકની ભૂમિકા ઘણી મહત્વની રહી છે. પરંતુ ટેકનોલોજિકલ પ્રગતિ સાથે એ એવા પ્રશ્નો સાંભળવા છે કે 'શિક્ષકની હવે જરૂર શું?' એ લોકો ને જણાવવાનું કે ટેકનોલોજી ફક્ત માહિતી આપે છે. જ્યારે શિક્ષક એ જ્ઞાન આપે છે. ટેકનોલોજી બાળકની વિચારવાની ક્ષમતાને ઓછી કરે છે જ્યારે શિક્ષક બાળકને વિવેચનાત્મક પ્રોત્સાહન આપે છે. બાળક જ્યારે શાળા એ આવે છે ત્યારે એક નાનકડું વિચાર બીજ લઈને આવે છે. શિક્ષક તે વિચારબીજ ને પાણી, ખાતર આપે છે અને સમય જતા તે વિચારબીજ મોટું વટવૃક્ષ બની જાય છે. શિક્ષક આવા અનેક વટવૃક્ષ તૈયાર કરે છે. અને સારાનરસાની સમજ બાળકમાં વિકસાવે છે. શું ટેકનોલોજી આ કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે? શિક્ષકની સરખામણી ટેકનોલોજી સાથે કરવી એ ખરી મૂર્ખતા છે.



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

શિક્ષણ પ્રદેશ માત્ર શાળાની ચાર દીવાલોમાં જ પુરો થતો, પરંતુ વિશાળ માનવ સમુદાયને સ્પર્શ કરે છે.

– નાના ભાઈ ભટ્ટ

શિક્ષણનો પ્રદેશ એ માત્ર શાળાની ચાર દીવાલોમાંજ પુરો - થતો નથી કારણ કે શિક્ષણ અને કેળવણી શાળાની ચાર દીવાલોમાં રહીને આપવામાં આવતુ હોય છે પરંતુ શિક્ષક દ્વારા જે વિદ્યાર્થીઓને જ્ઞાન આપવામાં આવે છે. તે જ્ઞાનનો વિકાસ વિદ્યાર્થીઓ દ્વારા ચાર દીવાલની બહાર જોવા મળે છે.

આ બધુ જ્ઞાન વિદ્યાર્થીઓને શિક્ષણદ્વારા પ્રાપ્ત થતુ હોય છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ પાછળ એટલે બધી મહેનત કરતા હોય છે. અને વિદ્યાર્થીઓને પણ તેટલીજ મહેનત કરવા માટે પ્રેરણા આપે છે. એના લીધે વિદ્યાર્થીઓ પોતાના જીવનમા સફળતા પ્રાપ્ત કરે છે. જેમા કોઈ વિદ્યાર્થી મોટો સાયન્ટીસ, તો કોઈ શિક્ષક, વકીલ, ડોક્ટર, આમ ઘણા વિદ્યાર્થીઓ પોતાના જીવનમા આગળ વધીને પોતાની સફળતા પ્રાપ્ત કરે છે.

આમ શિક્ષણ પ્રદેશમાત્ર ચાર દીવાલો માંજ થતો હોય પરંતુ જ્યારે ચાર દીવાલોમાંથી નીકળે ત્યારે વિદ્યાર્થી બહાર નીકળી પોતાની વિદ્યા અને કેળવણી દ્વારા ઉજાસનો એટલે કે સફળતાઓ ફેલાવે છે. અને તેઓ વિશાળ સમુદાયમાં પોતાનુ નામ આગળ વધારતો હોય છે. અને ઘણી ઉંચાઈઓ સ્પર્શ કરે છે.

વસાવા ઉર્મિલા. આઈ

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

'માત્ર પાંચ-સાત વર્ષની જ્ઞાનપ્રાપ્તિ એટલે કેળવણી એવી સમજ તો ગેરસમજ છે. કેળવણી તો જન્મથી મૃત્યુ પર્યન્ત ચાલનારી અખંડ સાધના છે.'

— દર્શના ઠાકર

જ્યારે આપણે શિક્ષણ મેળવતા હોઈએ છીએ ત્યારે તે શિક્ષણ માત્ર પાંચ-સાત વર્ષની જ્ઞાનપ્રાપ્તિ નથી હોતી પરંતુ કેળવણી એ જન્મથી લઈને મૃત્યુ સુધી ચાલતી પ્રક્રિયા છે. અને આવી કેળવણી આપણને શ્રેષ્ઠ શિક્ષક જ આપી શકે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીને એવી શિક્ષા આપે છે. કે જ્યા સુધી બાળક પોતાની પ્રગતિ સુધી ન પહોંચે ત્યા સુધીની બધી જ કેળવણી શિક્ષક તેના વિદ્યાર્થીને આપતો હોય છે. જે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ પાસે ઘણી મોટી અપેક્ષા અને આશાઓ રાખતો હોય છે. જેમકે પોતાનો વિદ્યાર્થી પોતાના જીવન દરમિયાન કોઈ ઊંચી પદવી હાંસલ કરી પોતાના જીવનમાં સારા વિચારોનો ઉમેરો કરી જીવનમાં શ્રેષ્ઠ માર્ગ પસંદ કરી તેને હાંસલ કરવા માટે મહેનત કરે. અને પોતાની પ્રગતિ કરે.

શિક્ષણ આજીવન ચાલનારી પ્રક્રિયા છે. જે આપણે શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકીએ છીએ. શિક્ષણ માત્ર ત્રણ કે પાંચ દિવસનુ નથી હોતુ. આ શિક્ષણ કેળવણી વિદ્યાર્થીને પોતાની મંઝિલ તરફ દોરનારુ હોઈ છે. તેમજ જીવન પર્યન્ત ચાલતી અખંડ સાધના છે. જીવનમા ડગલે ને પગલે આપણને જે શિક્ષણ મળ્યુ છે, એનો જ ઉપયોગ કરીને આપણે એક સારા નાગરિક અને સારા શિક્ષક કે વ્યક્તિ બની શકીએ છીએ.

વિનોબાજી એ કહ્યું છે. કે વિદ્યાર્થીઓને એવુ શિક્ષણ મળવુ જોઈએ કે શિક્ષણ મેળવીને એ સમર્થ બને દુનિયાની સેવા કરવા આગળ આવી શકે અને

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

એમણે સમાજ પાસેથી જે મેળવી લીધુ હોય, તેનાથી દસ ગણુ તેઓ બીજાને આપી શકે."

એમના કહ્યા મુજબ બીજાને દસ ગણુ આપવા માટે આજીવન શિક્ષણના ભેખધારી બીજા ને શિક્ષણની સેવા કરવી જોઈએ. આ માટે આજીવન વિદ્યાર્થી બનીને રહેવુ પડે અને સતત શીખતુ રહેવુ પડે. આવા તપ ની આરાધના કરવી પડે.

વસાવા ઉર્મિલા. આર

Page :
Date : / /202

શિક્ષણનું મધ્યબિંદુ વિદ્યાર્થી છે,
તેને બરાબર પારખી શકનાર
શિક્ષકની જરૂર છે.

– પુરુષોત્તમ માવળંકર

વિદ્યાર્થીને શિક્ષણનો મધ્યબિંદુ બતાવવામાં આવેલ છે. તથા વિદ્યાર્થીને તેની અંદર રહેલ ક્રિયતા પારખવાં વાળા શિક્ષકની જરૂરત છે એમ બતાવવામાં આવતું જોવા મળે છે.

તથા ઘણી-બધી શાળાઓ, કે સંસ્થામાં ચક્રિયતા ના હોશિયાર વિદ્યાર્થીઓની જોવામાં આવતી હોય છે, ના કારણે નબળા વિદ્યાર્થીઓમાં રહેલ 'ટેલેન્ટ' બહાર ન આવતું હોય છે તેમજ "પુરુષોત્તમ માવળંકર કહે છે દરેક વિદ્યાર્થી ધ્યાનમાં રાખી તેની ચક્રિયતા જાણી તેનાં ટેલેન્ટ ને સમજી તેના ઉત્સાહીત કરી આપવું શિક્ષકની જરૂરત છે." "પુરુષોત્તમ માવળંકર" લખ્યું છે.

આમાં શિક્ષકનું કાર્ય દરેક વિદ્યાર્થીની બહાર ક્ષિપ્રતા તથા તે શામાં રસ ધરાવે છે, તેઓ તેમનાં ચક્રિયતાને દુનિયા સામે લાવી તેમને તે કાબિલ બનાવવા કે તેઓ પોતાનો ચક્રિયતાઓ દુનિયા સામે લાવી પોતાને આગળ વધારી શકે;

પુરુષોત્તમ માવળંકર દ્વારા જણાવવામાં આવે છે "શિક્ષણ એક એવો વ્યવસાય છે જે અન્ય તમામ વ્યવસાયોનું સર્જન કરે છે.

એક શિક્ષક દ્વારા ...શાયપત્રિ અને બાળકોને સાહસિકો હાસ્ય કથાઓ, ...શબ્દની કરોડરજ્જુના આપી છે શિક્ષક ...બાલિકાઓને વાસ્તવિકતા સર્જક છે. શિક્ષક ...શકીને વિદ્યાર્થીઓને જીવી મદદ કરે છે ...માં મદદ કરવી શૈક્ષણિક નિષ્કર્ષ જોઈએ.

શિક્ષકે વિદ્યાર્થીઓનું ...નું આત્મવિશ્વાસ મનોબળ અને વધારી તેમને આગળ ...ધારવા જોઈએ.

શિક્ષક બાળમનોવિજ્ઞાન નો જાણકાર હોય ...એ જેના દ્વારા શિક્ષક બાળકને તેના અંદર ...હેલ 'ટેલેન્ટ' ને બહાર લાવવામાં મદદ ...ી શકે. બાળ મનોવિજ્ઞાન દ્વારા વિદ્યાર્થી ...અંદર રહેલ ઉત્સાહ અને રસ શોધાય છે. ...વી જાણકારી દ્વારા વિદ્યાર્થીનો મનોબળ ...ધારી તેને આગળ વધારવું શિક્ષકનું કાર્ય છે.

મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ વ્યક્તિની ...અવસ્થાનો ગાળો એ તેના જીવન ...ચણતરના પાયારૂપ હોવો જોઈએ. બાળપણના ...અનુભવો ઉછેર, તેવો વગેરે વ્યક્તિના વ્યક્તિત્વ ...વિકાસની શિક્ષક પાયાની ઈંટ સમાન છે. ...શિક્ષકે શિશુઅવસ્થાના વિકાસના લક્ષણો, ...તેમની જરૂરિયાત વિકાસકાર્ય, વિકાસના ...અવરોધકો, અનુકૂલનના પ્રશ્નો, હતાશા ...નિદાન બાળકને માર્ગદર્શન આપવું વગેરે ...જેવા પ્રશ્નોનો અભ્યાસ બાળ મનોવિજ્ઞાન ...દ્વારા કરવામાં આવે છે.

SAKHEE

Page :

Date : / /202

શિક્ષક બાળ-મનોવિજ્ઞાન જાણકારી રાખવી જોઈએ. જેથી વિદ્યાર્થીઓમાં રહેલ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ શોધી તેના નિવારણ માટેના ઉપાય યોજનાનું કાર્ય. બાળ-મનોવિજ્ઞાન દ્વારા શિક્ષણમાં થાય છે. જેથી શિક્ષક એ બાળ-મનોવિજ્ઞાન જાણકાર હોવો જોઈએ.

દિવાન મુઝમ્મીલ મુન્શીર

"શિક્ષકો કોઈપણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે."
- એ. પી. જે. અબ્દુલ કલામ

શિક્ષણમાં, શિક્ષક એ વ્યક્તિ છે જે વ્યક્તિનાં જીવનમાં ખુબ મહત્વની ભૂમિકા અદા કરે છે. સાચી સમજણ, વ્યક્તિમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવે છે. વ્યક્તિને પોતાનાં લક્ષ્યની ગતિ તરફ આગળ વધવા પ્રેરણા, માર્ગદર્શન આપે છે.
"શિક્ષણ એ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે જેનો ઉપયોગ વિશ્વને બદલવાની ક્ષમતા ધરાવે છે, શિક્ષકો એ કોઈપણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે."

"કોઈપણ જગ્યાએ ટોપ પર પહોંચવા માટે શક્તિની આવશ્યકતા છે, તે પછી માઉન્ટ એવરેસ્ટ હોય કે કેરિયર".
- એ.પી.જે. અબ્દુલકલામ.

શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરિયાત છે, એ નિઃસંદેહ છે, પરંતુ કોઈપણ યુગમાં જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે ચારિત્ર્ય એ પાયાનું પરિબળ છે. ખરેખર તો શિક્ષણનાં અને માનવજીવનનાં મુખ્ય હેતુ શ્રેષ્ઠતમ ચારિત્ર્ય નિર્માણ છે. અણઘડ પથ્થરમાંથી માનવને શ્રેષ્ઠતમ ચારિત્ર્યમૂર્તિમાં પરિવર્તન કરતી પ્રક્રિયા જ શિક્ષણ છે, પરંતુ આજના યુગના શિક્ષણ સામેની એક મોટી ફરિયાદ એ છે કે તે માત્ર અને માત્ર યાદશક્તિની પરીક્ષા કરે છે. જીવન જીવવા માટેનું વાસ્તવિક પ્રશિક્ષણ આપી શકતું નથી અને એટલે બાળકનાં જીવન ઘડતરનો પ્રશ્ન માતા માટે વધુ ને વધુ વિકરાળ બનતો જાય છે. આ જ પ્રશ્ન એક માતાએ મને આ રીતે વ્યક્ત કર્યો હતો. આવી મુશ્કેલીઓ લગભગ ઘણીબધી માતાઓ અનુભવે છે.
"શિસ્ત, ક્ષમા અને કર્તવ્યનિષ્ઠા" ના પ્રથમ અક્ષરનો શબ્દ એટલે શિક્ષક. એ પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવાં જોઈએ; રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વ્યવસ્થાની જવાબદારી શિક્ષકની છે.

Page :
Date : / /202

"નિરાશ થાવ ત્યારે આકાશ સામે
જુઓ. સંપૂર્ણ દુનિયાની શક્તિ
આપની મદદ કરવા માટે તત્પર છે.
પરંતુ આપે સપનું જોવું પડશે અને મહેનત કરવી પડશે."

- એ. પી. જે. અબ્દુલ કલામ

લેખક પુસ્તુત પંક્તિમાં કહે છે કે જ્યારે વ્યક્તિ નિરાશ, હતાશ થાય છે ત્યારે વ્યક્તિએ હાર માની હાથપર હાથ ધરી બેસી જવાની જરૂર નથી. વ્યક્તિમાં ઘણી બધી શક્તિઓ છે વ્યક્તિ ધારે તે કરી શકે છે. દૃઢ નિશ્ચય વ્યક્તિ કરી કાર્ય કરે.

બાળક સાથેનું શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર વિશાળ છે. શિક્ષણની પ્રક્રિયા વિદ્યાર્થીના કેન્દ્રસ્થાને છે. બાળકોના રસ, રુચિ, વલણો આધારિત વર્ગખંડની શિક્ષણની ગતિવિધિ હંમેશા સારા પરિણામો લાવે છે. એટલે જ શિક્ષણ સમાજનું વિશેષ મહત્વ છે. શિક્ષક બાળકોના પ્રેરણાસ્ત્રોત હોવા જરૂરી છે. ભૂતકાળમાં શિક્ષકોને ભરપુર આદર મળતો, આજે તો એ ભાવ સમાજ ભૂલી ગયો છે. જેમના માથે સમાજનું ભવિષ્ય છે તે હંમેશા આદરણીય જ હોય છે. આજે તમે જૂના શિક્ષકો અને હાલના શિક્ષકો જોવો તો તમને ઘણું પરિવર્તન લાગશે. ટેક્નોલોજી સાથે ભૌતિક સુવિધા વધતા બદલાવ આવ્યો છે. પણ શિક્ષણ અને વિદ્યાર્થી વચ્ચેનો આદર્શ સંબંધ - પરસ્પર વિશ્વાસ ક્યારેય બદલાશે નહીં.

શિક્ષણ દ્વારા સમાજમાં સદ્ભાવના સહકારભાવના સાંસ્કૃતિક વિવિધતાઓ માટે સન્માન, સહિષ્ણુતા અને સન્માનની ભાવના સમાજનું ઉપસ્થિત નથી. છતી સમસ્યાઓ. વિવાદો, અને તકરારોના નિરાકરણ શાંતિ માટે શિક્ષણ જરૂરી છે.

નામ:- પટેલ પૂનમબેન રમેશભાઈ

Scanned with CamScanner

Page :
Date : / /202

> "શિક્ષક પોતે શીખતો ના રહે,
> તો એ કદી શીખવી ના શકે."
>
> – રવીન્દ્રનાથ ટાગોર

એક વ્યક્તિ માટે શિક્ષણની જરૂરિયાત એટલી છે જેટલી એક છોડ માટે ખેડ, ખાતર અને પાણી છે. ખેડ, ખાતર અને પાણી વિના પણ છોડ અને વનસ્પતિ ઉગી નીકળતા હોય છે. અને વૃદ્ધિ પામતા હોય છે પણ ખેડ, ખાતર, પાણી અને માવજતથી જે છોડ વિકસે છે તે બીજા સામાન્ય છોડ અને વનસ્પતિ કરતા અલગ તરીકે આવે.

બાળકના જીવનઘડતરમાં ઉપયોગી તેવી બીજી બાબત તેનામાં ઉત્તમ સર્જનશક્તિનું નિર્માણ કરવું તે છે. આ વિશ્વમાં ઘણી બધી બુદ્ધિ પ્રતિભાઓ થઈ ગઈ છે તે દરેકે કંઈક સર્જન કર્યું છે અને આ વિશ્વને પોતાના મહાન સર્જન થી શણગાર્યું છે. દરેક બાળક માં પણ આ સર્જનતાના કોઈક ને કોઈક અંશો રહેલા જ છે. દરેક બાળકમાં આવી કંઈક ને કંઈક આગવી વિશિષ્ટતા રહેલી છે. માતા બાળકની ખુબ જ નજીક હોય છે તેથી ખુબ કાળજી પૂર્વક તથા ધ્યાન પૂર્વક જોવામાં આવે તો માતા પોતાના બાળક માં રહેલી આ વિશેષતા ને ઓળખી તેને બહાર લાવવામાં કે ખિલવવામાં મદદરૂપ થઈ શકે છે.

"“સમય” પણ શીખવે છે. અને “શિક્ષણ” પણ શીખવે છે. બંને માં ફર્ક ફક્ત એ છે કે “શિક્ષણ” શીખવાડીને પરીક્ષા લ્યે, અને “સમય” પરીક્ષા લઈને શીખવે છે."

કવિ કોઈ સારી કવિતા લખે ત્યારે, લેખક કોઈ સારું પુસ્તક લખે ત્યારે, વૈજ્ઞાનિક કોઈ નવી શોધ કરે ત્યારે અથવા તો કોઈપણ સર્જક પોતાનું

Page :
Date : / /202

મહાન સર્જન આ વિશ્વને આપે ત્યારે આપણને અનહદ આનંદ થાય છે. તેવી જ રીતે એક માતાનું બાળક કંઈક વિશિષ્ટતા દર્શાવતું હશે તો માતાને ખૂબ આનંદ થશે. તેથી, દરેક માતાને પોતાના બાળકની આ સર્જનાત્મકતાને યોગ્યતમ રીતે ઓળખી, અને તેની ખોજ વધવામાં મદદરૂપ થવું જોઈએ અને આ શક્તિને વિકસાવવા માટે તેને પૂરતું પ્રોત્સાહન તક અને તાલીમ મળતા રહે તે ખૂબ જ જરૂરી છે. બાળકનાં ઉછેર કે કેળવણી ખામી ભરેલાં હોય તો તેની સર્જન શક્તિ મુરઝાઈ જાય છે. મંદ પણ પડી જાય છે. તેથી આ બાબતે ખાસ ધ્યાન આપવું જરૂરી બની જાય છે.

"માત્ર કિનારે ઊભા રહી
પાણી જોવાથી તમે નદી પાર
નથી કરી શકતા"

- રવીન્દ્રનાથ ટાગોર

વિદ્યાર્થીઓનો વિકાસ શિક્ષકોના જ હાથમાં છે એવું ભાર દઈને પણ કહેવામાં આવે તો જરાય અતિશયોક્તિ જેવું નહીં લાગે, કારણ શિક્ષકો બીજ જ અદ્દશ્યતાના સાચા પાયા દર્શક છે. પ્રારંભમાં બાળકો એક ખીલતા પુષ્પ જેવા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો શરૂઆતમાં બાળકો પુષ્પની કળીરૂપ છે. શિક્ષકોનું એ કર્તવ્ય બને છે કે તેઓ કળીને પુષ્પમાં રૂપાંતરિત કરવા માટે બાગબાન (માળી) નું કાર્ય કરે. તેના વિકાસ આડે આવતા અંતરાયોને દૂર કરે. જ્ઞાન પ્રાપ્તિમાં આવતી અડચણોને શિક્ષકો જ સરળતાથી દૂર કરી શકે છે.

નામ:- પટેલ પુનમબેન રમેશભાઈ

Page :
Date : / /202

" શિક્ષકો પોતાની વાણીથી શીખવે તેના કરતા પોતાના જીવનથી શીખવે તેની ઘણી મોટી કિંમત છે. કેળવણીનું જીવનનું શિક્ષણ આપવાનું છે. ને એવું ઘડતર વાણીથી નહીં વર્તનથી થાય છે."

– નાનાભાઈ ભટ્ટ –

શિક્ષણથી બુદ્ધિ અને જીવનનું ઘડતર થાય છે. સારુ શિક્ષણ પ્રાપ્ત કરવું અત્યંત જરૂરી. વ્યક્તિનો સર્વાંગી વિકાસ શિક્ષણના કારણે થાય છે. શિક્ષણ હોય તો ગમે તે સિધ્ધી પ્રાપ્ત કરી શકાય છે. આજના યુગમાં શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિ આગળ નીકળી ગયા છે. શિક્ષણ વિનાનું જીવન પાંગળુ બની ગયા છે. નક્કી કરેલા લક્ષ્ય ને પ્રાપ્ત કરવા શિક્ષણ ખૂબ જ જરૂરી છે. સરકાર પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને શિક્ષણ નું મહત્વ સમજાવે છે.

' જે કોઈ માણસામે સારુ પુસ્તક ઘરે અને તે મેળવવા એ માટે સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા પણ કરવી પડે તો તે મને મંજૂર છે.

– સોક્રેટિસ –

તેઓ આદર્શ શિક્ષણ શાસ્ત્રી અને શિક્ષક હતા તેમણે આજીવન સુધી બાળ કેળવણી ની ચિંતા કરી હતી. તેણે ગરીબ બાળકોની હંમેશા ચિંતા કરી હતી. ગરીબ બાળકો સરળતાથી ભણી શકે તે માટે તેમણે દક્ષિણામૂર્તિમાં સુંદર વ્યવસ્થા કરી હતી.

Page :
Date : / /202

તેઓ આજીવન શિક્ષક રહ્યા હતા તેમને માન-મોભાની જરૂર ન હતી.

વર્તમાન શિક્ષણ-પધ્ધતિ શી હોઈ શકે લોક-ભારતી ગ્રામ વિદ્યાપીઠ અનુભવી દ્રષ્ટા ઉત્તમ શિક્ષક અને કેળવણી વિદ્યાર્થીઓ આવેના વ્યવહારનું અહી શિક્ષણ આપનાર શિક્ષકોને બાળકોને બનાવવા છે. ને શિક્ષણ પામતા બાળક ને માટે બનાવવા છે. શિક્ષક.

' દીકરીને કરિયાવરમાં સોનાના દાગીના નહી, પરંતુ સારા પુસ્તકો આપો,

– ગુણવંત શાહ –

શિક્ષક તરીકે મળ્યા છે. શિસ્ત અને નિયમપાલની અનોખી રીત આજે પણ અહી અમલી છે. શિક્ષકમાંથી કેળવણી કાર સ્નેહરશ્મિ આજીવન શિક્ષક બાળક પારખું મૂળ શંકર ભટ્ટ જેમાં કોઈ પણ શિક્ષક કે શિક્ષણ પ્રિય વ્યક્તિ જેવા શિક્ષણ વિદો ભાવનારની

' આપણું વાચન એજ આપણા જીવનનું પ્રતિબિંબ છે',

શિક્ષણ મૂળ કડવા હોય પણ તેનાફળ મીઠા હોય છે. શિક્ષણ એ આપણુ ઉજ્જવળ ભવિષ્ય છે. માનનીય વિશિષ્ઠ મહાનુભવો મારા શિક્ષકો આપણા સમાજમાં રતન જેવા હોઈએ છીએ





SAKHEE

Scanned with CamScanner

ઘણા સામાજિક મુદ્દાઓ કુદરત યોગ્ય શિક્ષણના અનુભવોને શિક્ષણના અભાવને લીધે બનાવવામાં આવી રહ્યા છે. જીવનમાં શિક્ષણ ના અભાવને કારણે યોગ્ય શિક્ષણ આપણા રોજિંદા જીવનમાં વ્યક્તિગત અને સામાજિક ધોરણોને મળવવામાં મદદ કરે છે.

આપણા બધાના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણ એ આવશ્યક સાધન છે. સારુ શિક્ષણ જીવનમાં ઘણા હેતુઓ પુરા પાડે છે. શિક્ષણનું આપણા જીવનમાં ઘણું મહત્વ છે. શિક્ષણ એ આપણું ભવિષ્ય છે. શિક્ષણ હોય તો તે સિદ્ધી પ્રાપ્ત કરી શકાય છે

પટેલ અપેક્ષાબેન જગદીશભાઈ



SAKHEE

Scanned with CamScanner

"શિક્ષકનો ધંધો પવિત્રમાં પવિત્ર છે."

– કાકા કાલેલકર.

ઉપરોક્ત વિધાનમાં કાકા સાહેબ કાલેલકરે શિક્ષકના વ્યવસાયને સર્વ શ્રેષ્ઠ ગણાવ્યો છે. સાચી વાત છે. શિક્ષકનો વ્યવસાય પવિત્ર જ છે કારણ કે શિક્ષક એક એવી વ્યક્તિ છે કે જે વ્યક્તિને અંધારા માંથી અજવાળામાં લાવવાનું કામ કરે છે. આજે જે પણ મહાન વ્યક્તિઓ છે, જેમકે ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, ડૉ. એ.પી.જે અબ્દુલ કલામ વગેરે જેવા વ્યક્તિ સારા શિક્ષકના કારણે આભારી છે. શિક્ષકનો વ્યવસાય જ એક એવો વ્યવસાય છે કે જે વ્યક્તિને સારા અને સાચા રસ્તા પર ચાલતા શીખવે છે. શિક્ષકના વ્યવસાયમાં જે માન, સન્માન મળે છે એવા માન-સન્માન બીજા કોઈ વ્યવસાયમાં મળતા નથી.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું છે કે "માતા-પિતા, ગુરુ પછી હવે, આ પ્રકારની આદર પ્રાપ્તિ પછી મને લાગે છે કે, વિશ્વમાં બીજો કોઈ એવો વ્યવસાય નથી જે સમાજમાં શિક્ષક કરતાં વધારે મહત્વનો છે."

શિક્ષક એક સુશિક્ષિત સામાજિક વ્યક્તિ છે. શિક્ષક અને સમાજએ એકબીજાના પૂરક પરિબળ છે. જેમને પાંગરતા કરવાની પવિત્ર ફરજ શિક્ષકની છે. શિક્ષકનો વ્યવસાય એ ધંધો નથી પણ સેવા છે. સૌ શિક્ષકો સમાન છે. પ્રાથમિક કે માધ્યમિક, મહાશાળાના વ્યાખ્યાતા કે યુનિવર્સિટીના કુલપતિ હોય સૌ શિક્ષકો છે અને તેમનાં હૃદય, ધર્મ, લક્ષ્ય અને નિષ્ઠા સમાન

SAKHEE

Scanned with CamScanner

બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકે તે સનિષ્ઠ શિક્ષક હોવાથી શિક્ષક નિયમીત, નિર્વ્યસની અને નિરાભિમાની હોવો જોઈએ.

શિક્ષકે શિક્ષણને ખૂબ ચાહવાનું છે. સાથે પોતાના વ્યવસાયને પ્રતિબદ્ધ રહેવાનું છે. શિક્ષક તો આજીવન વિદ્યાર્થી હોવા જોઈએ. તેમણે પોતાના વિષયોની માત્ર સૈદ્ધાંતિક અને વ્યવહારું વાતો જ નથી. પરંતુ તેમાં ભણાવવાની ચાલ ગુણ હોવી જોઈએ શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારી પ્રત્યે સભાન હોવો જોઈએ.

Vasava Daxa K.



SAKHEE

Scanned with CamScanner

"શિક્ષક એ સમાજનો ખરો સુધારક છે."

- રમણલાલ વ. દેસાઈ

આચાર્ય ચાણક્ય કહે છે કે, 'ફૂલોની મહેક, જે દિશામાં હવા વહે છે, તે જ દિશામાં ફેલાય છે. પરંતુ સારા વ્યક્તિના ગુણો ચારેય દિશાઓમાં એક સમાન ફેલાય છે.

જીવનમાં માતા-પિતા પછી કોઈ સ્થાન લઈ શકનાર વ્યક્તિ હોય તો શિક્ષક છે. આથી સમાજને શિક્ષક પ્રત્યે અનેક અપેક્ષાઓ રહેલી હોય છે. લોકો જાણે છે કે, સમાજમાં પડેલી કેટલીક બદીઓ આપોઆપ દૂર થઈ જશે નહી. તેને દૂર કરવા માટે આકાશમાંથી કોઈ ફરિશ્તાઓ પણ નહીં ઉતરે. તે દૂર થશે સમાજના જ લોકો દ્વારા. સમાજના લોકોને જગાડવાનું કામ તેમનામાં સમાજ પ્રત્યે ઉદ્દાત ભાવના કેળવવાનું કામ એક શિક્ષક જ સારી રીતે કરી શકે છે. આજે ડૉક્ટર, કલેક્ટર કે વકીલને લોકો પગે લાગતા નથી પરંતુ જો પોતાના શિક્ષક સામે મળ્યા હોય તો તેઓ હૃદયપૂર્વક તેમને વંદન કરે છે. જે દર્શાવે છે, સમાજમાં શિક્ષકનું માન સન્માન વધુ છે. આથી શિક્ષક પર પણ ફરજ બને છે કે તે પણ સમાજ માટે કંઈક કાર્યો કરી એક સાચા અર્થમાં નિઃસ્વાર્થ સમાજ સુધારક બને.

શિક્ષકના સમાજ સુધારાની વાત આવે એટલે પ્રથમ નામ સાવિત્રિબાઈ ફુલેનું આવે. તેમણે ભારતના પ્રથમ મહિલા શિક્ષક તરીકે એક અગ્રણી ભારતીય સમાજ સુધારક શિક્ષક અને લેખિકાએ મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેમના જીવનસાથી જ્યોતિરાવ ફુલે સાથે સાવિત્રીબાઈને તેમના યુગની સાચી સિદ્ધિઓમાંની એક તરીકે ઓળખવામાં આવે છે.

'શિક્ષકના વિકલ્પમાં ઈશ્વર જાતે જ આવવું પડે.'

- હેલન કેલર

સાવિત્રીબાઈ અને તેમના જીવનસાથી જ્યોતિરાવ ફુલે બાળ વિધવાઓને શિક્ષિત અને મુક્ત કરવાના તેમના પ્રયત્નોમાં મૂળ જ પ્રયત્નો કર્યાં. બાળલગ્ન અને સતીપ્રથા સામે લડ્યા અને વિધવા પુનર્લગ્નને સમર્થન આપ્યું. તેમણે મહારાષ્ટ્રમાં સામાજિક સુધારણાના ઉત્ક્રાંતિમાં મુખ્ય પાત્ર તરીકે ઓળખાય છે. આ પરથી કહી શકાય કે સમાજમાં સુધારા એક ખરો શિક્ષક જ કરી શકે.

" શિક્ષક અનંતકાળને પ્રભાવિત કરે છે,
તે ખુદ પણ જાણી શકતો નથી કે
તેનો પ્રભાવ ક્યાં સુધી પહોંચે છે."

- હેનરી એડમ્સ

વસાવા સુનિતાબેન અમૃતભાઈ

" શિક્ષક એ સંસ્કારની પરબ છે."

- રમણલાલ વ. દેસાઈ

શિક્ષણપ્રક્રિયામાંથી બાળકમાં સંસ્કારોનું સિંચન થાય એ વાત રમણલાલ. વ. દેસાઈ એ ઉપરોક્ત વિધાનમાં કરી છે.

આપણે સૌએ એ વાત સ્વીકારવી પડશે કે જે રીતે નિયમિત યોગ્ય પોષણક્ષમ ખોરાક મળવાથી બાળકનો યોગ્ય વિકાસ થાય છે. તંદુરસ્તી આવે છે. તેવી રીતે સમગ્રલક્ષી શિક્ષણપ્રક્રિયામાંથી બાળકમાં સંસ્કારોનું સિંચન થાય છે. વર્ગખંડમાં રોજ વિદ્યાર્થીઓને 'સાચું બોલો, પ્રમાણિક બનો, બહાદુર બનો એમ સીધો જ ઉપદેશ આપીએ તો બાળકોમાં તે ગુણ ન પણ વિકસે.' પણ ભાષાના પાઠ્યક્રમમાં એવા માનવમૂલ્યોનું જતન કરનારા પાઠ હોય, વાર્તા હોય, કાવ્યો હોય... જેમાંથી સહજપણે સંવેદના સંસ્કાર પ્રગટે! આવા પાઠ, કાવ્યો, વાર્તાઓ માત્ર પરીક્ષાલક્ષી તૈયારીનો ભાગ ન બનતાં તે જીવનકેન્દ્રી બને તો બાળકમાં સંસ્કારોનું સિંચન આપોઆપ થાય.

" શિક્ષક એટલે એ નહીં જે માત્ર કક્કો શીખવાડે,
પણ તે જે... સંસ્કારોને જીવનમાં કંડારે,
સ્વપ્નોને સજીવન બનાવે અને બંને વચ્ચે
સંતુલનનો પાઠ ભણાવે! "

- ડૉ. મિલિન્દ તપોધન

" મારો જન્મ મારા માતા - પિતાને આભારી છે,
પણ મારું જીવન મારા શિક્ષકને આભારી છે."

- એલેક્ઝાન્ડર

Scanned with CamScanner

Page :

Date : / /202

શિક્ષક પાસે માં સરસ્વતીની કૃપાથી વાણીમાં એટલી શક્તિ રહેલી હોય છે કે જે લોકોના માનસમાં સમાજ પ્રત્યેની ઉદાત્ત ભાવના જાગૃત કરી શકે છે. તેમજ લોકોને એકરૂપ કરી સમાજના દૂષણો દૂર કરી શકે છે. સમાજ આજે રાહ જોઈ રહ્યો છે એ શિક્ષકની કે જે સમાજ સુધારક તરીકે પોતાની સામાજિક ભૂમિકા ભજવે. એક સારો શિક્ષક જ માણસને સંસ્કારી એટલે સારા ગુણવાળો બનાવી શકે છે.

વસાવા સુનિતાબેન અમૃતભાઈ



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

"શિક્ષણ એટલે ભયથી મુક્ત એવી સમગ્રતામાં જીવતાં મનુષ્યનું નિર્માણ કરવું."

- કૃષ્ણમૂર્તિ

શિક્ષણ એ માનવ પ્રગતિનો પાયો છે. જે વ્યક્તિઓને તેમની સાચી ક્ષમતાઓ ઉઘાડવી અને વધુ સારી આવતીકાલને આકાર આપવા માટે સશક્ત બનાવે છે. આ વાત કૃષ્ણમૂર્તિ ઉપરોક્ત વિધાનમાં કહી છે.

શિક્ષણ એ એક ખૂબ જ ઉપયોગી અને મૂલ્યવાન પ્રક્રિયા છે. યુગોથી માનવજાત શિક્ષણનું મહત્વ સ્વીકારાયું છે. સભ્ય સમાજની તે અનિવાર્ય જરૂરિયાત છે. શિક્ષણ એ માનવના સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે. કેળવણી અજ્ઞાનરૂપી અંધાકારમાંથી માનવને જ્ઞાનપ્રકાશ તરફ ગમન કરવા પ્રેરે છે. કેળવણીએ સંસ્કાર શિલ્પ છે. માનવના જીવનમાં પરિવર્તન લાવી માનવના જીવનને ધૂપસળીની જેમ મહેકતી બનાવે છે.

"શિક્ષણ એ જીવનની તૈયારી નથી,
શિક્ષણ એ જીવન છે."

- જૉન ડેવી

શિક્ષણ વગરનો માનવ પશુ સમાન છે. શિક્ષણ જીવનનો આધારસ્તંભ છે. શિક્ષણ જ માનવનો સર્વાંગી વિકાસ કરી તેને વિદ્વાન, ચારિત્ર્યવાન અને બુદ્ધિમાન બનાવે છે. શિક્ષણ દ્વારા જ વ્યક્તિનો વૈયક્તિક, સાંવેગિક, શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક વિકાસ થાય છે. શિક્ષિત વ્યક્તિ દ્વારા શિક્ષિત તથા સમજુ સમાજનું નિર્માણ થાય છે.


SAKHEE
Scanned with CamScanner

" શીખવાની સુંદર વાત એ છે કે તેને તમારી પાસેથી કોઈ છીનવી શકે નહીં."

- બી. બી. કિંગ

શિક્ષણ માત્ર શાળાએ જવાનું અને ડિગ્રી મેળવવાનું નથી. તે તમારા જ્ઞાનને વિસ્તૃત કરવા અને જીવન વિશે સત્યને ગ્રહણ કરવા વિશે છે. શીખવાની પ્રક્રિયા ક્યારેય સમાપ્ત થતી નથી.

વસાવા સુનિતાબેન અમૃતભાઈ

SAKHEE

Scanned with CamScanner

“શિક્ષણ એ સૌથી શક્તિશાળી હથિયાર છે, જેનો ઉપયોગ તમે વિશ્વને બદલવા માટે કરી શકો છો.”
-નેલ્સન મંડેલા

આ સ્પર્ધાત્મક વિશ્વમાં, આપણે બધા શિક્ષણનું મહત્વ જાણીએ છીએ. શિક્ષણ આપણા જીવન અને વ્યક્તિત્વને ઘડવામાં મહત્વનો ભાગ ભજવે છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને પણ કહ્યું છે કે, 'વિશ્વને બદલવાની તાકાત શિક્ષણમાં રહેલી છે.'

સમાજમાં સારી સ્થિતિ અને નોકરી મેળવવા માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. શિક્ષણ આપણા જીવનમાં સફળ થવાના ઘણા રસ્તાઓ ખોલે છે. તે માત્ર આપણું વ્યક્તિત્વ જ સુધારતું નથી પણ માનસિક, આધ્યાત્મિક, બૌદ્ધિક રીતે પણ આપણને અપગ્રેડ કરે છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સફળતા મેળવવા માંગે છે, પરંતુ યોગ્ય શિક્ષણ મેળવીને જ સફળતા મેળવી શકાય છે. જીવનના ખૂબ જ પ્રારંભિક તબક્કે બાળક ડોક્ટર, વકીલ અથવા IAS અધિકારી બનવાનું સપનું જુએ છે. માતા-પિતા પણ તેમના બાળકોને ડોક્ટર, વકીલ અથવા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ તરીકે જોવા માંગે છે. આ ત્યારે જ શક્ય બની શકે જ્યારે બાળકને યોગ્ય શિક્ષણ મળે. આપણા સમાજમાં ઉચ્ચ અધિકારીઓ, ડોક્ટરો અને એન્જિનીયર બધાને આદર આપવામાં આવે છે. તેઓ તેમના શિક્ષણ માટે આદરણીય છે. 'શિક્ષણ એ માત્ર શાળામાં જવાનું નથી, તે આજીવન શીખવાની બાબત છે.' દરેક માણસના જીવનમાં શિક્ષણનું ખૂબ મહત્વપૂર્ણ સ્થાન છે. દરેક માણસનું જીવન શિક્ષણ પર નિર્ભર કરે છે. ભારત સાથે દુનિયાભરમાં ઘણા એવા માણસો છે જેમણે શિક્ષણ માટે તેમનું આખું જીવન આપી દીધું. તેમનામાંથી એક હતા દેશના પૂર્વ શિક્ષા મંત્રી મૌલાના અબુલ કલામ આઝાદ જેમની યાદમાં રાષ્ટ્રીય શિક્ષા દિવસ


SAKHEE
Scanned with CamScanner

Page :
Date : / /202

ઉજ્જવાળ છે. શિક્ષણ થી સફળતાની ચાવી છે અને ઉજ્જવળ ભવિષ્યનું દ્વાર છે.

'વિશ્વ એક પુસ્તક છે, અને જે લોકો પોતાને શિક્ષિત કરતા નથી તે ફક્ત એક પૃષ્ઠ વાંચે છે.

શિક્ષણ વડે જ્ઞાન અને સામર્થ્ય મળે છે, જે માણસને વિકાસના સાધનો આપે છે. જેનાથી વિશ્વમાં સામાજિક સુધાર અને પ્રગતિ મળે છે.

Name:- Kasa Favza S.



SAKHEE

Scanned with CamScanner

"શિક્ષણ કોઈ સમસ્યા નથી. શિક્ષણ એક તક છે."

-લિન્ડન બી જોહન્સન

શિક્ષણ વિશ્વને જોડી દે છે અને વિકાસને આગાહ કરે છે. શિક્ષણ દ્વારા માણસને વિચારશીલતા અને સમાજસેવાની પ્રેરણા મળે છે. શિક્ષણ દ્વારા વિશ્વને સમગ્રતાની દૃષ્ટિએ જોઈ શકાય છે.

આપણે બધા આપણા જીવનમાં શિક્ષણનું મૂલ્ય જાણીએ છીએ. એજ્યુકેશન શબ્દ લેટિન શબ્દ 'educare' પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે 'આપણને લાવવાં'. શિક્ષણ આપણને સમાજમાં ઉછેરે છે. સમાજમાં મોટા થવા માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. શિક્ષણનો અર્થ છે, 'જ્ઞાન મેળવવાની પ્રક્રિયા'. આપણે આપણા જીવનમાં શિક્ષણના મહત્વને નકારી શકીએ નહીં. શિક્ષણ વિનાનું જીવન સુકાન વિનાની હોડી જેવું છે. શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જે વ્યક્તિને તેની માનસિક શક્તિ વધારવામાં મદદ કરે છે. તેનાથી માણસનું વ્યક્તિત્વ પણ સુધરે છે.

મૂળભૂત રીતે આપણી શિક્ષણ વ્યવસ્થા બે વિભાગોમાં વહેંચાયેલી છે; ઔપચારિક શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ. શાળાઓ અને કોલેજોમાંથી મળતું શિક્ષણ ઔપચારિક શિક્ષણ છે. જ્યારે બીજી બાજુ, આપણું જીવન આપણને ઘણું શીખવે છે. તે અનૌપચારિક શિક્ષણ છે. ઔપચારિક શિક્ષણ અથવા શાળા શિક્ષણને ત્રણ વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે; પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ. શિક્ષણ આપણા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી આપણે બધાએ આપણા જીવનમાં શિક્ષણના મહત્વ વિશે જાગૃત રહેવું જોઈએ અને આપણા જીવનને અપગ્રેડ કરવા માટે તેને કમાવવાનું પ્રયાસ કરવો જોઈએ.



SAKHEE
Scanned with CamScanner

Page :

Date : / /202

"શિક્ષણ માણસિક બીજું શરીર છે."

– એરિસ્ટોટલ

શિક્ષણ એક પ્રક્રિયા છે જેમાં જ્ઞાન, કલા, કૌશલ્યો અને મૂલ્યોની પ્રાપ્તિ થાય છે. શિક્ષણની મહત્વપૂર્ણ ઉદ્દેશ્યોમાંથી એક છે કે વિદ્યાર્થીઓને સમગ્ર વિકાસ આપવામાં મદદ કરી શકે છે.

Name:- Kara Favza S.



SAKHEE

Scanned with CamScanner

> "વિદ્યાર્થીને પોતાના જ્ઞાનથી નહિ, સ્નેહથી પ્રભાવિત કરી શકે એ સાચો શિક્ષક."
>
> – જય વસાવડા

ઉપરોક્ત વિધાનમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેના પ્રકારનો સ્નેહ છે. તેની વાત જય વસાવડા દ્વારા કહેવામાં આવી છે. કેટલાક શિક્ષકો એવા હોય છે કે જે પોતાનું જ્ઞાન વિદ્યાર્થીઓને તો આપે જ છે પરંતુ તેની સાથે તે પ્રેમ અને સ્નેહથી અનુભવવાનો પ્રયાસ કરે છે. તેથી તે ખૂબ જ પ્રભાવિત થાય છે. જો શિક્ષક વિદ્યાર્થીઓ સાથે સંબંધ રાખવામાં આવે તો વિદ્યાર્થી શિક્ષકની બધી જ વાતોનું પાલન કરશે.

જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે "શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સ્નેહ સંબંધ એ શિક્ષણનું સર્વોત્તમ સાધન છે."

જ્ઞાન તો બધા જ શિક્ષકો પાસે હોય છે પરંતુ વિદ્યાર્થી સાથે કેવો સંબંધ રાખવામાં આવે તો વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે સ્નેહનો સંબંધ રાખે છે. વિદ્યાર્થી સાથે સ્નેહ અને પ્રેમથી વર્તવું એ પણ સારા શિક્ષકની એક કળા છે. એમ કહી શકાય વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો સંબંધ ખૂબ જ ખાસ છે. માતા-પિતા પછી શિક્ષકને બાળકો માટે ગુરુ ગણવામાં આવે છે. શિક્ષકો પણ બાળકોને ભવિષ્યમાં સુધારવામાં કોઈ કસર છોડતાં નથી. પરંતુ વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો સંબંધ હોતો નથી. જો શિક્ષકો ઈચ્છે તો

Page :

Date :    /    /202

માત્ર શાળામાં જ નહિ. પરંતુ પછીથી પણ તેઓ બાળક જીવનભરનું બંધન બનાવી શકે છે. જે શિક્ષક પોતાના જ્ઞાનથી નહિ. પરંતુ, પ્રેમથી સંબંધ રાખે તો જીવનકાળ સુધી તેમની વચ્ચેનો સંબંધ તૂટી શકે નહિ. આજ શિક્ષકો એવા પણ જોવા મળે છે કે જે વિદ્યાર્થીને વસ્તુ માટે રૂ ચપટી આપવાનાં હોય છે તેથી તે ઉતારો અનુભવ છે.

શિક્ષક દ્વારા વિદ્યાર્થીને જ્ઞાન, પ્રેમ આપે તેની સાથે તેમની પ્રશંસા કરવી પણ ખૂબ જ જરૂરી છે. જ્યારે બાળકો કોઈ ભૂલ કરે છે તો તેને ઠપકો ન આપવો જોઈએ. પરંતુ જો તેને પ્રેમ અને પ્રેમથી જો સમજાવવામાં આવે તો તેમને ખૂબ આનંદ પણ થશે અને ભૂલો સુધારશે બાદ તેમનામાં આત્મવિશ્વાસ પણ આવશે.

કેટલાક શિક્ષકોનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો હોય છે. આવી સ્થિતિમાં શિક્ષકો બાળકોને દંડ શિક્ષા આપવા લાગે છે. જેના કારણે બાળકો તેનાથી દૂર રહેવાનું પસંદ કરે છે તેથી જ જ્યારે બાળક ભૂલો કરે છે. ત્યારે તેને પ્રેમથી સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ. શિક્ષક જો વિદ્યાર્થી સાથે પ્રેમનો સંબંધ રાખશે તો તેનો મિત્ર બની શકશે.

Vasava Dacel K.

SAKHEE

Scanned with CamScanner

"શિક્ષણનું ઉચ્ચ નિષ્ઠાવાન શિક્ષકોથી થાય છે. અને શિક્ષકોને આપોઆપ સામાજિક દરજ્જો પ્રાપ્ત થાય છે."

- એચ. એમ. પટેલ.

" સ્વામી વિવેકાનંદે શિક્ષકો પાસેથી ત્રણ લાયકાતની અપેક્ષા રાખી છે."

(૧) શિક્ષક શાસ્ત્રનો મર્મજ્ઞ હોવો જોઈએ.
(૨) શિક્ષક પાપરહિત હોવો જોઈએ.
(૩) વિશુદ્ધ પ્રેમને ખાતર શિક્ષણ આપતો હોવો જોઈએ.

શિક્ષક આજીવન વિદ્યાર્થી છે. તે સતત શીખતો રહે છે. નવાં-નવાં સંશોધનો નૂતન એકે બીજામાં તાલ મેળવી શકે એવા શિક્ષકો પર હોય છે. કુત્તાઉભયનો ઉપયોગ કરે છે. આંતર રાષ્ટ્રીય સંબંધો પણ સુલભ બન્યા છે.

હવે શિક્ષકને હૃદયની આકૃતિ દોરી, લોહીનું પરિભ્રમણ સમજાવવાની આંટી જરૂર પડશે. કારણ કે હૃદયનું કાર્ય દર્શાવતી ફિલ્મ, ફિલ્મસ્ટ્રીપ મળે છે. આ બધાં શૈક્ષણિક ઉપયોગી ઉપકરણોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે તો આજનો શિક્ષક સાથેસાથ વર્ગને સ્વર્ગ બનાવી શકે તેમ છે.

આશા રાખીએ કે આવી નિષ્ઠાનું શિક્ષકોમાં ફરી અવતરણ થાય, તો પછી કોઠારી શિક્ષણપંચનું વિધાન પડે. "ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે."

મને યાદ આવે છે. એક નિષ્ઠાવાન શિક્ષકની સ્વરચિત ભાષામાં રચાયેલ અંતરની પ્રાર્થના.

નામ: ગોહિલ તૃપ્તિબેન. એમ.

SAKHEE

Scanned with CamScanner

Page :
Date :      /      /202

> “ જગતને નહિ ચાલે માત્ર શિક્ષકો વગર,
> શિક્ષક એ માનવજાતનો ચવાવ અગ્રણી છે.”
>
> – રમણલાલ વ. દેસાઈ.

શિક્ષક વગર જગતને ચાલી શકે નહિ શિક્ષક એ માનવજાતનો ચવાવ અગ્રણી છે. એ વાત ઉપરોક્ત વિધાનમાં રમણલાલ વ. દેસાઈ કહે છે.

શિક્ષકો આપણા સમાજનું એક મહત્વપૂર્ણ અને આવશ્યક અંગ છે. આજે આપણી વ્યક્તિગત કે વ્યવસાયિક રીતે જે કંઈ પણ છીએ, તે આપણા શિક્ષકોના નિઃસ્વાર્થ પ્રયાસો અને અસંખ્ય યોગદાન ને કારણે છે.

“શિક્ષણમાં પરિવર્તન લાવવામાં શિક્ષકોનું નેતૃત્વ” ખૂબ જ જરૂરી છે. આજના સમયમાં ગુણવત્તાસભર શિક્ષક અને શિક્ષણ ખૂબ જ આવશ્યક છે. જેના કારણે આજે આપણને સારા પરિણામો મળશે. સમાજમાં શિક્ષક મહત્વની ભૂમિકા ભજવે છે. અને હજારો વિદ્યાર્થીઓના જીવનને ઉજાગર કરે છે.

શિક્ષક બાળકના જીવનમાં માતા-પિતા પછી બીજા ક્રમે સૌથી મહત્વની વ્યક્તિ છે. શિક્ષકને માતાનું સ્થાન આપ્યું છે. કેમ કે તે આખું જીવન બાળકોને દિશામાં શિક્ષણ આપવામાં વિતાવે છે આજે વિશ્વના તમામ ગુરુને કરોડો સલામ છે.

શિક્ષકના માર્ગદર્શનથી શીખનારનો માર્ગ આનંદમય અને સરળ બને છે. શિક્ષકના ત્રણ શબ્દના અર્થ જોઈએ તો શિસ્ત, ક્ષમા, અને કરુણા છે. તે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડે છે. અને નવી પેઢીને વધુ સારુ વિશ્વ બનાવવા માટે શિક્ષિત કરવાની જવાબદારી ઉપાડે છે.

દુનિયાની કોઈ પણ વ્યવસાય કરતા શિક્ષણ દ્વારા ઘણા વિદ્યાર્થીઓમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. વર્ગખંડનો રાજા ગણાતો ટીચર એક સહાયકની ભૂમિકા ભજવે છે. તે પ્રમાણે શિક્ષણ ખૂબ જ જરૂરી છે.

"એક પુસ્તક, એક પેન, એક બાળક અને એક શિક્ષક વિશ્વને બદલી શકે"

નામઃ ગોહિલ તૃપ્તિબેન. એમ.

SAKHEE

Scanned with CamScanner

"શિક્ષણ માનવને આત્મવિશ્વાસું અને નિઃસ્વાર્થ બનાવે છે."

– ઋગ્વેદ

શિક્ષણ એ માનવીને આત્મનિર્ભર બનવામાં અને મુશ્કેલ કાર્યોને પૂર્ણ કરવા માટે તે માનવીના જીવનમાં આત્મવિશ્વાસ પેદા કરે છે. શિક્ષણ આપણી સાથે પડછાયાની જેમ જ રહે છે. અન્ય પરિબળોની સાથે સાથે આપણા સ્વાર્થ માટે પણ શિક્ષણ જરૂરી છે. અને તે શિક્ષણને આપણા જીવનમાં ઉતારવું જોઈએ.

શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન નથી. એ તો અક્ષર જ્ઞાનની વિશેષ છે. વાંચવું લખવું અને ગણવું એ તો શિક્ષણની અત્યંત મર્યાદિત છે. શિક્ષણ વ્યક્તિમાં રહેલી શક્તિઓને ખીલવવી અને કેળવણી પ્રક્રિયા શિક્ષણ અને આજીવન ચાલતી પ્રક્રિયા છે. વ્યક્તિ જે કંઈ જુએ છે, સાંભળે છે, વાંચે છે તેની કોઈક અસર વ્યક્તિ પર પડતી હોય છે. શાળા કૉલેજમાં શિક્ષણની તક આપણને મળતી હોય છે, તેનો લાભ લેવો જોઈએ શિક્ષણએ માનવીના અસ્તિત્વ સાથે જોડાયેલું છે. વ્યક્તિની માનસિક શક્તિઓ જેવી કે બુદ્ધિ તર્ક કલ્પના સ્મૃતિ અર્થગ્રહણ તુલના નિષ્કર્ષ વગેરે શિક્ષણ શીખવા અને સતત શીખતા રહેવા એક બળ પુરુ પાડે છે. માનવી એક સામાજિક પ્રાણી છે. એ સમાજમાં રહી સમાજ દ્વારા પોતાના પરિવાર માટે અને સમાજનાં જે અનેકવિધ ઘટકો સાથે તે સંકળાયેલો હોય છે. આમ શિક્ષણ એ માનવીના જીવનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

SAKHEE

Scanned with CamScanner

Page :

Date : / /202

દરેક વ્યક્તિને શિક્ષણ મેળવવાનો અધિકાર છે શિક્ષણ થી વ્યક્તિનો જીવનમાં આગળ વધે છે. શિક્ષિત વ્યક્તિની છાયામાં દરેકને જ્ઞાન મળે છે. જ્ઞાનથી મોટી કોઈ શક્તિ નથી. શિક્ષણ એ છે કે માણસને તેના બંધનો માંથી મુક્ત કરે છે. અને જીવનના દરેક વળાંક પર વિસ્તરે છે. શિક્ષણ એ જીવનની તૈયારી નથી
શિક્ષણ એ જ જીવન છે!

શિક્ષણ લોકો પોતાના સ્વાર્થ પૂરા કરવા માટે લાગે છે. શિક્ષણ જીવનની મહત્વપૂર્ણ આપે છે.

નામ :- વસાવા અનિતા જીન એસ.
નં :- 45

> શિક્ષકના શિક્ષણકાર્ય અને વર્તનની અસર વિદ્યાર્થીના મન પર અનંતકાળ સુધી રહે તો જ એ સફળ શિક્ષક
>
> - હેન્રી એડમ્સ

સામાન્ય રીતે શિક્ષણકાળ દરમિયાન અનેક શિક્ષકો આપણા જીવનમાં આવતા હોય છે. તેમાના કેટલાંક શિક્ષકો એવા હોય છે, જેમનો વર્તન, વ્યવહાર અને વાણી આપણા માનસ પટ પર એક વિશેષ અસર છોડી જાય છે.

અમુક શિક્ષકો એવા હોય છે, જે પોતાના વિચારો અને જ્ઞાન દ્વારા શિક્ષક વિદ્યાર્થીના પથ દર્શક બનીને વિદ્યાર્થીઓની રાહ ચિંધતા હોય છે. અને એ શિક્ષક પ્રત્યે તે વિદ્યાર્થીના આદર સન્માનનીય બની જાય છે. અને જે વિદ્યાર્થી આવા શિક્ષકના ગુણો પોતાનામાં ઉતારીને જ્યારે આગળ વધે છે, અને સફળ વ્યક્તિની સાથે સારી વ્યક્તિ પણ બને ત્યારે તે શિક્ષક સફળ શિક્ષક ગણાય છે.

ઉ.દા. : સાવિત્રીબાઈ ફૂલે ભારતીય સમાજ સુધારક શિક્ષણવિદ અને કવિયત્રી હતા. તેમને ભારતના પ્રથમ મહિલા શિક્ષક માનવામાં આવે છે. તેમણે શિક્ષણના ક્ષેત્રમાં ઉલ્લેખનીય કાર્ય કર્યું છે. પોતાના શિક્ષણકાર્ય દ્વારા અનેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમને આગળ વધારવામાં મદદરૂપ થયા છે.

SAKHEE

Scanned with CamScanner

શિક્ષકોએ પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન રહી અથવા સભાન થઈને વિદ્યાર્થીઓના જીવન ઘડતરનું કાર્ય કરવાનું છે. માત્ર વ્યાખ્યાન કે માહિતી આપી દેવાની નથી.

" શિક્ષક એટલે જ્ઞાનનો વધારો કરનાર,
ગુરુ એટલે જ્ઞાન આપી અજ્ઞાન દૂર કરનાર, જીવનમાં શોધ હંમેશા સારા શિક્ષક અને સારા ગુરુની રાખો."

અને જો શિક્ષક કે ગુરુ સારા ન મળે તો આપણે ત્યાં ભણેલા મોટે એક આ કહેવત વપરાય છે.
" ભણ્યા પણ ગણ્યા નહીં"
આવા લોકોએ શિક્ષક કે ગુરુ શોધ્યા તો ખરા પણ ખરા શિક્ષક ન શોધ્યા. અથવા તો સારા ગુરુ ન શોધ્યા.

આમ શિક્ષકો હંમેશા શ્રેષ્ઠ હોવા જોઈએ કે જેના ગુણો વિદ્યાર્થીઓ પોતાનામાં ઉતારીને આગળ વધે.

નામ: વસાવા મોનિકાબેન કાલીદાસભાઈ

"જંગલો કેમ રળવાં તે નહીં પણ દરેક કોળિયાને વધુ મીઠાં કેમ બનાવવાં? તેની કેળવણી આપવાનું કામ શિક્ષકનું છે"

– જેમ્સ એન્જલ

શિક્ષકો એ કોઈ પણ વિદ્યાર્થીઓ માટે આદર્શ હોય છે. દરેક શિક્ષકની છાપ કોઈને કોઈ કારણોસર વિદ્યાર્થીના મન ઉપર પડતી હોય છે. સારા શિક્ષકોની છાપ સારી પડે છે. અને ખરાબ શિક્ષકોની છાપ ખરાબ પડે છે.

શિક્ષક તરીકે શિક્ષકે માત્ર બાળકને પુસ્તકનું જ્ઞાન આપવાનું નથી પરંતુ તેને પોતાના જીવનની કેટલીક બાબતો શીખવવાનું હોય છે. પુસ્તકનું જ્ઞાન આપીને વિદ્યાર્થીને આર્થિક રીતે સધ્ધર તો બનાવી શકાય પરંતુ તેની આવક- આવક તેને મળેલી સંપત્તિને કેવી રીતે વાપરવી અને તેમાં લોકો કેવી રીતે ખુશ રહેવાનું તેની સમજ પણ શિક્ષક વિદ્યાર્થીને આપવાની હોય છે.

દા.ત. : કોઈ વ્યક્તિ પાસે વધારે સંપત્તિ હોય તો તે વિવિધ સારા કામો કરી શકે છે જેમકે ગરીબ બાળકો માટે મફત શિક્ષણની સુવિધા કરી શકે છે.

આવી શિક્ષક વિદ્યાર્થીની કેળવણી એવી રીતે કરવાની હોય છે કે જેના દ્વારા વિદ્યાર્થી પોતાની આખી જિંદગી સુખ -અને

Page :

Date : / /202

શાંતીથી વિતાવી શકે. તે પોતે તો સારી રીતે રહે પરંતુ એની સાથે-સાથે બીજાને પણ ખુશ રાખી શકે. અને પોતાની ખુશી બીજાને ખુશ રાખવામાં અનુભવે.

અને જ્યારે વિદ્યાર્થી સારી રીતે બીજાની દયા ભાવના પામે ત્યારે તે કેળવણી પામેલો વ્યક્તિ કહેવાય. અને આ મહત્વનું કામ શિક્ષક કરવાનું હોય છે.

નામ: વસાવા મોનિકાબેન કાળીદાસ ભાઈ

Page :
Date : / /202

॥ શિક્ષકથી મોટો બીજો કોઈ કલાકાર નથી
સર્જક નથી કારણ કે શિક્ષકે જીવતા
ઓબ્જેક્ટ સાથે કામ કરવાનું છે. ॥

— જય આકો —

શિક્ષકો કોઈપણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે.
[વિ]શ્વમાં બીજો કોઈ એવો વ્યવસાય નથી જે સમાજમાં
[શિ]ક્ષક કરતાં વધારે મહત્વ હોય છે. સાચો શિક્ષક
[વર્]ગની દિવાલો ઓળંગી શિક્ષક શબ્દની જગ્યાને ઓળંગમાં
[...] આવતો હોય છે. શિક્ષક માત્ર એક એવો વ્યવસાય છે
[જે] તમામ વ્યવસાયોનું સર્જન કરે છે. શિક્ષક અને સડક
[...] સરખા પોતે ત્યાંના ત્યાં રહે પણ બીજાને અનેક
[મં]જીલ સુધી પહોંચાડે છે. માતા ગુરુ છે. પિતા પણ
[ગુરુ] છે. એક પુસ્તક એક પેન એક બાળક અને
[એ]ક શિક્ષક વિશ્વને બદલી શકે છે. શિક્ષક એ
[સફ]ળતાની ચાવી છે. અને ઉજ્જવળ ભવિષ્યનું દ્વાર છે.

॥ શિક્ષક એવા વ્યક્તિ હોય જે કોઈ વ્યક્તિને
અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. ॥

શિક્ષક એ બધાજ માટે એક મહત્વનો ભાગ
[ભજ]વે છે. એ આજીવન બધાના જીવનમાં આવતું
[...] વિચાર અને વિસ્તાર દ્વારાજ આગળ વધવાની
[...] આપે છે. શિક્ષકના એ તેનો અંત આવતો
[ન]થી. શિક્ષકો વિદ્યાર્થી માટે આગળ વધવાની
[...]ણ જીવનશૈલી વિશે ખૂબ અગત્યનું છે.

SAKHEE

Scanned with CamScanner

શિક્ષક એ કંઈ શીખવતો નથી. તે તો એવા પ્રશ્નો પેદા કરે છે જેમાં વિદ્યાર્થી શીખે છે. શિક્ષક અભ્યાસી હોવો જોઈએ. શિક્ષક એ શીલવાન, અને કરુણાવાન હોવો જોઈએ. શિક્ષક એ વાણી દ્વારા શીખવતો નથી એ આચાર દ્વારા છે. સાચો શિક્ષક વાણી વર્તન અને વિચારથી હોવો જોઈએ. સાચો શિક્ષક સાચો સર્જક છે. શિક્ષક સાચો સંત છે. સમાજરૂપી દરિયા કિનારે દીવાદાંડી એટલે શિક્ષક જે રસ્તો ભૂલેલાને બતાવે છે. શિક્ષક આદર્શવાદી, સમાનવાદી અને માનવતાવાદી હોવો જોઈએ.

શિક્ષણ પરિવર્તન પામે તો જ સમાજ પરિવર્તન પામે અને એ માટે શિક્ષકનું પરિવર્તન સૌથી પહેલી જરૂરિયાત છે.

શિક્ષણથી બુદ્ધિ અને જીવનનું ઘડતર થાય છે. આજે શિક્ષણ પૂરું કરવું અત્યંત જરૂરી વ્યક્તિનો સર્વાંગી વિકાસ શિક્ષણ ના કારણે થાય છે. શિક્ષણ ધ્યેય તો નમે તે સિદ્ધી પ્રાપ્ત કરી શકાય છે.

પટેલ ઉન્નતિબહેન ઈશ્વરભાઈ

Page :
Date : / /202

" हमने स्कूल में जो सीखा है वह सब भूलने के बाद जो याद रहता है वही शिक्षा है।
ज्ञान का निवेश सर्वोत्तम भुगतान करता है।"

: बेंजामिन फ्रैंकलिन

अर्थात्
जो आपने सीखा है उसे भूल जाने के बाद जो रह जाता है वो शिक्षा है। ज्ञान में किये गए निवेश से सबसे उत्तम लाभ प्राप्त होता है।

शिक्षा ही जीवन का सार है। यह उज्जवल भविष्य के लिए आवश्यक यंत्र होने के साथ ही देश के विकास और प्रगति में भी बहुत महत्वपूर्ण भूमिका निभाती है। उस तरह शिक्षा व्यक्तियों के साथ ही राष्ट्र के उज्जवल भविष्य का निर्माण करती है।
अच्छी शिक्षा जीवन में बहुत से उद्देश्यों को प्रदान करती है जैसे व्यक्तिगत उन्नति को बढ़ावा, सामाजिक स्तर में बढ़ावा, सामाजिक स्वास्थ्य में सुधार, आर्थिक प्रगति, राष्ट्र की सफलता में बहुत बड़ा योगदान देती हैं।
शिक्षा केवल पुस्तकीय ज्ञान या मौखिक रूप से सुने - सुनाये जाने वाली प्रक्रिया नहीं है बल्कि शिक्षा व्यवहारिक तौर पर अभ्यास की वह श्रृंखला है जिसके द्वारा निरंतर जीवन पर्यन्त सीखने सिखाने, करके देखने अर्थात शिक्षित प्रशिक्षित व प्रशिक्षण की अनंत प्रक्रिया है।
शिक्षा का सीधा सम्बन्ध शिक्षक या सिखाने वाले अर्थात् ज्ञान प्रदान करने वाले के कुशलता तथा उनके वाणी के प्रभाव से है जिससे सीखने वाले के मस्तिष्क में क्रांति, जिज्ञासा व रुचि पैदा कर दे। फलस्वरूप और अधिक सीखने हेतु प्रेरित हों। शिक्षा का मूल उद्देश्य केवल किताबी ज्ञान ही नहीं है बल्कि व्यक्ति का संपूर्ण विकास

व्यावहारिक रूप से अमल में लाने व सामाजिक तौर राष्ट्रीय विकास के स्तर को ऊँचा उठाने से है।

...नुष्य का सद्गुण व चरित्र उसकी विभिन्न प्रवृत्तियों को समाविष्ट करता है। सद्गुण अर्थात उचित वैचारिक शक्ति ...का निर्माण अनुचित व अनैतिक कार्य के प्रति सचेतना ...ना व उत्तम भले कार्यों से सुसज्जित परिपक्व बनना है।

"शिक्षा सबसे शक्तिशाली हथियार है, जिससे आप दुनिया को बदल सकते हैं।
शिक्षा का सही उद्देश्य तथ्यों का नहीं, बल्कि मूल्यों का ज्ञान होना है।
शिक्षा वह नींव है जिस पर हम अपने भविष्य का निर्माण ...ते है।
दुनिया की खूबसूरती आँखो से नहीं ज्ञान से देखी जा ...कती है।
शिक्षा का कार्य गहराई से और गंभीर रूप से सोचना सीखना है। बुद्धिमत्ता के साथ चरित्र - यही सच्ची शिक्षा का लक्ष्य है।"

शिक्षा आपको हर स्तर पर काम करने वाले व्यक्ति का सम्मान करना सीखाती है।
शिक्षा आपको हर उम्र के व्यक्ति का सम्मान करना सीखाती है।

"शिक्षा केवल कागज के कुछ टुकड़े नहिं आपके चरित्र को दर्शाती है।"

एक बुजुर्ग व्यक्ति ने कहा है
" Education is not the amount of information ...at it put in the human brain.
It must have man making, character

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

aking and life building assimilation of Ideas. Then only by means of that education omething can be gained in the world.

Most probably students are totally ignoring bout it.

"What is real education?
What is knowledge?

See, knowledge is an Ocean. In which we e nearly one or two drops to get the nowledge, we must have constant contact with innumeral personality because when we approach a person that must approach every ne as if a he or she were important personality in the world.

Name :- Mishra Pooja Mohan

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

" प्रत्येक इंसान जीनियस है, लेकिन यदि आप मछली में
ड़ चढ़ने की योग्यता देखेंगे तो वह मछली जिन्दगी
भर स्वयं को मूर्ख समझती रहेगी।
इसलिए एक अच्छा शिक्षक वही है जो अपने प्रत्येक छात्र
खूबी को पहचान सके।

ए. पी. जे अब्दुल कलाम

र्थात :-

एक अच्छा शिक्षक वहीं है जो अपने विद्यार्थी की खूबी जानकर उसे निखार सकें।

माता - पिता के बाद गुरु को ही सबसे ऊपर माना गया है अर्थात् शिक्षक उस कुम्हार के समान है जो मिट्टी रूपी विद्यार्थी को एक बरतन का आकार देकर एक योग्य व उपयोगी पात्र बना देता है। गुरु किसी भी छात्र को ऐसी शिक्षा देकर एक बेहतर मनुष्य बना देता है। एक शिक्षक ही विद्यार्थियों को समाज के प्रति उसके उत्तरदायित्वों से अवगत कराता है। एक शिक्षक का मुख्य काम यह है कि वह अपने विद्यार्थी को वर्तमान और भविष्य को ध्यान रखकर शिक्षा दें। शिक्षा मे परंपरा और नवीनता का समावेश होना चाहिए। वो विद्यार्थी को केवल किताबी ज्ञान तक ही सीमित न रखें बल्कि उसे जीवन के व्यवहारिक ज्ञान की भी शिक्षा दे। विद्यार्थी तो एक गीली मिट्टी के समान होता है शिक्षक उसे जैसा ढालेगा वैसा ढल जाएगा। यहाँ पर शिक्षक कि भूमिका अत्यंत महत्वपूर्ण हो जाती है। नैतिक मूल्यों की जो शिक्षा वो विद्यार्थी को देगा। उसका प्रभाव विद्यार्थी पर जीवन पर्यन्त बना रहेगा। यहीं से उसके चरित्र निर्माण की प्रक्रिया आरंभ होगी। अतः नैतिक मूल्यों के उत्थान मे शिक्षक की भूमिका अत्यन्त महत्वपूर्ण है।

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

"एक सही शिक्षक छात्र का जीवन बदल सकता है।"

एक सही शिक्षक के मायने बिल्कुल अलग हैं, उन्हें समझना [illegible]गा कि वे छात्र के दूसरे माता - पिता हैं। एक छात्र की [illegible]ठनाइयों को समझने और सुलझाने के बजाय उसे हीन [illegible]वना से भरने वाले सही मायनो मे शिक्षक नहीं हो [illegible]कते हैं। किसी बच्चे की अनूठी प्रतिभा को कम [illegible]के बिना उसका सम्मान करने वाला होता है असली [illegible]क्षक।

एक सही शिक्षक या गाइड छात्र के जीवन को अंधेरे [illegible] उजियारे की ओर ले जाने मे सक्षम है बशर्ते वह [illegible]च्छुक हो। एक सही शिक्षक अपने छात्रों की हर [illegible]तिभा को सम्मान करता है और उन्हे एक समान [illegible]जरों से देखता है।
[illegible]ह पंक्ति कितनी साधारण है कि "हर बच्चा खास है, [illegible]किन उसका यथार्थ हर कोई नहीं समझ सकता। किसी [illegible]च्चे को सिर्फ और सिर्फ कक्षा मे मिले अंको से आंकना [illegible]ल्कुल भी न्याय संगत नहीं है।
[illegible]केसी 30 छात्रो की कक्षा में कोई फिजिक्स का मास्टर [illegible], किसी को विश्वस्तरीय पेंटिंग बनाने आती है, किसी की [illegible]आवाज सुरीली है तो कोई बेहतरीन कहानियां लिखता है।

[illegible]क पल के लिए अगर उन्हें उनके ही रुचि वाले क्षेत्रो मे [illegible]भिभावक एवं शिक्षक जाने के लिए प्रेरित करें तो सोचिए [illegible] कितना कमाल कर रहे होंगे। लेकिन वास्तविकता बिल्कुल [illegible]अलग है।

"पैशन को प्रोफेशन बनाना सफलता की कुंजी है।"

Name :- Mishra Pooja Mohan

"શિક્ષણ એક ખુબ જ આદર્શ વ્યવસાય છે. તે
ક્તિના ચરિત્ર અને ભવિષ્યને આકાર આપે છે. જો
ને એક ટીચર તરીકે જોવામાં આવે તો મારા માટે
સન્માન છે."

- એપીજે અબ્દુલ કલામ

બધા વ્યવસાય કરતાં શિક્ષકના વ્યવસાયને પવિત્ર
નવામાં આવે છે. તેનું કારણ કે તે દેશના ભાવિક નાગરિકો
યાર કરે છે. તેમના જ હાથમાં જ દેશનું ભવિષ્ય હોય છે.
ક્ષક એટલે શિસ્ત- ક્ષમાને કરુણાનો ત્રિવેણી સંગમ
થી જ સમાજમાં તેમને માનથી જોવામાં આવે છે.

શિક્ષક જ્ઞાનથી સજ્જ હોવો જોઈએ. ની નવી શિક્ષણ
તીમાં જે શબ્દ ઉપર ભાર મુકાય છે. તે શિક્ષક તેનાથી
જ્જતાથી સજ્જ હોવો જોઈએ. હસતો ચહેરો, સૌમ્ય
વાજ સાથે સાદગી પૂર્ણ વસ્ત્ર પરિધાન સાથે બાળકોનો
ર્ગદર્શક હોવો જોઈએ. બાળક ઘરના કે તેના આસપાસના
તાવરણ ઉપરાંત જીવનનું ભાથું શિક્ષક પાસેથી
ળવતી હોવાથી શિક્ષકે ઘણી ચિવટ રાખવી જરૂરી છે.

શિક્ષણ ઉપરાંત ભારતીય સંસ્કૃતિ તહેવારો અને
અભ્યાસિક પ્રવૃત્તિ સાથે વિદ્યાર્થીઓ સોળે કલાએ
લી શકે તેવી તાકાત ધરાવતો હોવો જોઈએ. બાળકો
થી વધુ અનુકરણ શિક્ષકનું કરતા હોવાથી શિક્ષકે
ર્ગખંડમાં તેનું કાર્યની આચરણમાં ઘણું ધ્યાન રાખવું
છે.

"શિક્ષણ માનવીને આત્મવિશ્વાસુ અને નિઃસ્વાર્થ
નાવે છે." (ઋગ્વેદ)

શિક્ષક વિદ્યાર્થીઓના જીવનનિર્વાહ માટે તેમને ઉત્તમ
ક્ષણ આપે તેવો હોવો જોઈએ. આજે શિક્ષણ વર્ગખંડની

Scanned with CamScanner

દિવાલીમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં ...ારી ચુક્યુ છે.

"એક માતા સો શિક્ષકની ગરજ સારે છે, એટલે જ ...ની 'માસ્તર' કહેવાય છે."

આ વ્યવસાયમાં પણ વિકાસની હરણફાળ તેના ...ધનના ક્રમિક ફેરફાર થાય છે. જેમાં માસ્તર, શિક્ષક, ...ર, સર, આવી ગયુ છે. વર્ષો પહેલા એ ગુરુસ્થાને ...ગુરુ કહેવાતા હતાં. મા-બાપનું કાર્ય જ્યાં પૂર્ણ થાય ...ાંથી શિક્ષકનું કાર્ય આરંભ થાય છે. તેથી શિક્ષક ...ના કાર્યોમાં સંપૂર્ણ સજ્જ અને સજ્જતાવાળો હોવો ...જોઈએ.

"માનવીને ચારિત્ર્યવાન અને જાતને ઉપયોગી બનાવે ...ે જ શિક્ષણ કહેવાય." – યાજ્ઞવલ્ક્ય

આપણા પૌરાણિક શાસ્ત્રમાં 'ગુરુ જેવા જ્ઞાન નહીં' ...વાત કરી છે. આજના શિક્ષકમાં શક્તિ, પવિત્રતા, પ્રેમ, ...ન, શાંતિ અને આનંદ જેવા ગુણો હશે તો જ તે ...ાળકોનો આદર્શ બની શકશે. વેદમાં પણ એક જગ્યા ...એ શિક્ષકને "ગાતુવિદ" કહ્યો છે, ગાતુ એટલે માર્ગ, ...ન અને વિદ એટલે તેને જાણનાર.

"ગુરુ વગર તમે કેટલા પણ સફળ રહો, પણ સર્વશ્રેષ્ઠ ...ી બની શકતા."

બાળકના કે વ્યક્તિના શરીર, મન અને આત્મમાં ...જે કંઈ છે તે બધુ બહાર આણવું એને હું શિક્ષણ ...હું.

– મહાત્મા ગાંધીજી

SAKHEE
Scanned with CamScanner

Page :
Date : / /202

શિસ્ત, ક્ષમા અને કર્તવ્યનિષ્ઠાની પ્રથમ અક્ષરનો શબ્દ
લી શિક્ષક. આજના સમયમાં શિક્ષણ પડકારરૂપ છે,
ણ કે રાષ્ટ્રની સામાજિક અને આર્થિક સ્વાસ્થ્યની
જવાબદારી તેમના શિરે છે. તેથી શિક્ષકે વિદ્યાર્થીઓ
ે ફિલોસોફર અને ગાઈડની ભૂમિકા ભજવે
આજનું શિક્ષણ શૈક્ષણિક વ્યવસાય જ છે.

વસાવા સુનિતાબેન સાઉલભાઈ

SAKHEE

Scanned with CamScanner

"શિક્ષક એ નથી જે વિદ્યાર્થીના મનમાં ડર જગાવે,
પરંતુ શિક્ષક એ છે જે તેને આવતીકાલના પડકારો
માટે તૈયાર કરે છે."

-સ્વામી વિવેકાનંદ

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ ખૂબ જ ખાસ
માતા-પિતા પછી શિક્ષકને બાળકો માટે બીજા ગુરુ
માનવામાં આવે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને ભવિષ્યના
પડકારો માટે તૈયાર કરે છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ
વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ. એ વાત ઉપરોક્ત
વાક્યમાં કરી છે.

શિક્ષક નીતિવાન, સદાચારી અને સદ્ગુણી હોવો
જોઈએ. ઘર બાદ બાળકો શાળામાં મહત્તમ સમય પસાર
કરે છે. શિક્ષકે બાળકો સાથે કડક વ્યવહાર કરવો જરૂરી
પરંતુ બાળકો સાથે ગાઢ સંબંધ બાંધવા માટે શિક્ષકે
તેમનાં મિત્ર બનવું પડશે. આવી સ્થિતિમાં, બાળકો
તમારાથી ડર્યા વિના તેમનાં વિચારો તમારી સમક્ષ
રજૂ કરી શકે છે.

"જેનાથી ચારિત્ર્ય ઘડાય, માનસિક શક્તિ ખીલે,
બુદ્ધિનો વિકાસ થાય અને જેના વડે મનુષ્ય પોતાના
પગ ઉપર ઊભો રહી શકે તેવી કેળવણીની આજે
આવશ્યકતા છે."

દરેક બાળક એક અથવા બીજા ક્ષેત્રમાં પ્રતિભા
શાળી છે. આવી સ્થિતિમાં, બાળકની પ્રતિભાને ઓળખીને
શિક્ષક બાળકોને યોગ્ય રીતે માર્ગદર્શન પણ આપી
શકે છે. શિક્ષકને ગીત-ગાતા રમતા-રમાડતા અને
શિક્ષણની વિવિધ પદ્ધતિઓ શિક્ષણ કાર્ય કરાવતા
આવડતું જ જોઈએ. આજના નોલેજના યુગમાં શિક્ષકે

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

...ત અપડેટ રહેવું પડે છે.

"શિક્ષક એ નથી જે વિદ્યાર્થીના મગજમાં તથ્યોની ...બરદસ્તીથી નાખે. પરંતુ વાસ્તવિક શિક્ષક તો ...છે કે જે આવનાર પડકારો માટે તૈયાર કરે."

– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ

શિક્ષણ એ આત્મ સાક્ષાત્કાર છે, દરેક બાળક ...ગતી રીતે વૃદ્ધિ પામે છે. અને માણસે પોતાને શીખવવું ... જોઈએ અને શિક્ષકની ફરજ તેના માર્ગમાં આવતી ...મુશ્કેલીઓને દૂર કરવી અને સફળતા અને તકો તરફ ...માર્ગદર્શન આપવું જોઈએ.

સ્વામી વિવેકાનંદજી માનતા હતા કે પુસ્તક શિક્ષણની ...ક્ષ હતા અને માનતા હતા કે શિક્ષણ પુસ્તક અધ્યયનથી ...શીખવાનું નથી. શિક્ષણ એ જીવન નિર્માણની પ્રક્રિયા ..., માનવ નિર્માણની પ્રક્રિયા છે, વિચારોનું જોડાણ છે ...અને પાત્ર નિર્માણ છે.

શિક્ષણ, બાળકની જરૂરિયાત, રસ અને માંગ પ્રમાણે ...ુ જોઈએ. શિક્ષણ રાષ્ટ્રીય જરૂરિયાતો, સમસ્યાઓ, ...કાંક્ષાઓ અને દેશના વિકાસમાં સામાન્ય ભૂમિકા ...ર હોવું જોઈએ.

સ્વામી વિવેકાનંદજી કહેતા હતા એક શિક્ષકે મિત્ર, ...ફિલસૂફ... અન્યાની અને માર્ગદર્શકની જેમ કાર્ય કરવું જોઈએ.

વસાવા સુનિતાબેન સાઉસભાઈ

SAKHEE
Scanned with CamScanner

Page : 1
Date : 31 / 08 / 2023

> "જે વ્યક્તિ અઘરી બાબતોને સહેલી બનાવે છે તે શિક્ષક છે."
>
> – એમર્સન

આદર્શ શિક્ષકને માટે જ્ઞાન તો આવશ્યક જ છે. પણ એ પૂરતું નથી. એ જ્ઞાન પચાવવા, સરળ બનાવવા, શિષ્યોના મનમાં ઉતારવા મહેનત કરવી જોઈએ, ઉદ્યમ કરવો જોઈએ, શ્રમ કરવો જોઈએ. જ્ઞાન ઉપરાંત કર્મ અનિવાર્ય છે, વર્ગમાં જતા પહેલા તેની તૈયારી કરવી જોઈએ, તાલીમ લેવી જોઈએ, પ્રયોગ કરવા જોઈએ, શિક્ષક ભણાવતાં પણ શીખવું જોઈએ. જ્ઞાન અને કર્મનો મેળ થાય તો શિક્ષણ જામે. પરંતુ એ જ્ઞાન અને કર્મ પૂરતાં નથી. ત્રીજું જોઈએ છે ભક્તિ. ભક્તિ એ રાજમાર્ગ છે. તે ઘણાંખરાં માણસોનો ઉદ્ધાર કરતી છે. તે જ્ઞાન અને કર્મની ખોટ પણ પૂરી દે છે, તે મુક્તિનું દ્વાર અને સાધનાની કૂંચી છે. અને શિક્ષકને માટે ભક્તિ એટલે પ્રેમ, હેત, ભાવના. ભાવના એટલે દરેક વિદ્યાર્થી માટે લાગણી, માન, કદર.

શિક્ષકોનું ચારિત્ર્ય અણીશુદ્ધ હોવું જોઈએ. એ પોતાના વિષયમાં એકદમ પ્રવીણ હશે તો ચાલશે. પણ અશુદ્ધ ચારિત્ર્ય કદાપી ચલાવી ન લેવાય. આદર્શ શિક્ષક વિદ્યાર્થીના અભ્યાસમાં જ નહિ પણ એના આખાય જીવનમાં રસ લે અને એના હૃદયમાં ઊતરવા પ્રયત્ન કરે તે જરૂરી છે. એવા શિક્ષક સાથે વિદ્યાર્થીની નિકટતા વધે છે.

શિક્ષક પોતાની લાયકાત અને જ્ઞાન વધારવા હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. એ જ રીતે પૂરી તૈયારી કર્યા વિના વર્ગ લેનાર શિક્ષક વિદ્યાર્થીઓનો અમૂલ્ય સમય બગાડે છે. વળી, દરેક વિદ્યાર્થીની ખામિયત તપાસી તેને જ રીતે એના વિષયમાં સૂઝ પડે અને રસ ઉત્પન્ન થાય તેવા ઉપાય સતત

આપવા જેવા મેદાન. કેટલાક શિક્ષકો વિદ્યાર્થીના પ્રશ્નોથી મૂંઝાયા છે. સારા શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની તક આપે છે. તેની જ્ઞાન મેળવવાની ઉત્સુકતાને જવાબો આપી કરે છે, તેનું સમાધાન કરે છે. આવા થોડા વિદ્યાર્થીને પણ જે શિક્ષક પોતાના વ્યક્તિત્વમાં અને વર્ગખંડમાં આકાર કરેશે તો શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના આત્મીય અને માન પૂરક નાતો પુનઃ સ્થાપતા વાર નહીં લાગે.

"શિક્ષક તે નથી જે વિદ્યાર્થીના મગજમાં
તથ્યોને બળજબરીથી નાખે, પણ
વાસ્તવિક શિક્ષક તે છે જે તેને ભવિષ્યના
પડકારો માટે તૈયાર કરે."
– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

શિક્ષક તો શીખનારને ઘર, સમાજ અને વ્યવસાયનાં ક્ષેત્રે જે જ્ઞાન પ્રાપ્ત થયું હોય કે જે સંસ્કારો લાધ્યા હોય તે તમામને સૂક્ષ્મ રીતે વ્યાપકરણે ઉકેલથી એવા સંસ્કારે છે. કે જેને લીધે શિખાઉ વિદ્યાર્થી પહેલાંના ખાંડા અને નાના ચોકઠાંમાંથી જ્ઞાન-વિજ્ઞાનના વિશાળ પટ ઉપરથી વિહરતો થઈ જાય છે. આ ઉપરાંત શિક્ષકની વિશેષતા એ છે કે તેની પાસે શિક્ષણ લેવા આવનાર વર્ગમાં નથી હોતો કોઈ મતિભેદ કે બુદ્ધિવત્તી શક્તિ દાખવનારનો ભેદ.

શિક્ષક વિશે સુવાક્ય સાથે મારી વાણીને વિરામ આપીશ.

"જેના હૃદયમાં
બાળક આવીને તેજ
સાચા શિક્ષક"
– સ્વામી વિવેકાનંદ

Vasava Nilam. M

"શિક્ષણનું કામ અધ્યયનને અનુકૂળ
એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું છે."
- ગુણવંત શાહ

શિક્ષણનું કામ અધ્યયનને અનુકૂળ બનાવવાના મહત્વ શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકાઓને માન્યતા આપી શૈક્ષણિક પ્રક્રિયાઓને વધારે પ્રભાવશાળી બનાવી શકે છે. આવશ્યકતાઓ અને ક્ષમતાઓની માનવીની સમજનાર પંડિતો, સંસ્થા ઘડા અને શિક્ષકોએ સહયોગ આપી અધ્યયનને આધારભૂત મંડળીકરણ અને સામગ્રી વિકસાવવું જોઈએ. પ્રોજેક્ટ આધારિત અધ્યયન, વિભાગીય અનુશાસન અને સમૃદ્ધ શૈક્ષણિક સામગ્રીના ઉપયોગ રચનાત્મક અને યથાસંભવ શિક્ષણ માટે મહત્વપૂર્ણ છે.

શિક્ષણનું કામ અધ્યયનને અનુકૂળ બનાવવાની અગત્યતા આજની સમાજમાં અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે. એવી પરિસ્થિતિઓમાં, શિક્ષકોનું કામ વધુ મુશ્કેલ અને મહત્વપૂર્ણ બન્યું છે. શિક્ષણના ઉદ્દેશ માત્ર જ્ઞાન અને માર્ગદર્શન આપવાના નથી, પરંતુ વિદ્યાર્થીઓને જીવનમાં સફળતાની રીતમાં પણ મદદ કરવી જોઈએ. શિક્ષકોના આ કામ સમાજની નિર્માણશીલતામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે, કારણ કે તેમની માર્ગદર્શનમાંથી વિદ્યાર્થીઓને આપેલી શિક્ષા તેમના આગામી જીવનમાં મહત્વપૂર્ણ હોય છે. આ રીતે, શિક્ષણનું કામ અધ્યયનને અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરવાનું સમાજ અને રાષ્ટ્રના મુખ્ય ધ્યેય બન્યું છે.

"સર્જનાત્મકતા એ ભવિષ્યમાં સફળતાની
ચાવી છે. પ્રાથમિક શિક્ષણ
શિક્ષકો બાળકોમાં રચનાત્મકતા
લાવી શકે છે."
- એપીજે અબ્દુલ કલામ

SAKHEE

Scanned with CamScanner

Date : 31 / 06 / 2023

શિક્ષકનું કામ અધ્યાયાયનને અનુકૂળ બનાવવું, આધુનિક સમાજની વિકાસપૂર્ણ આવશ્યકતા છે. શિક્ષણ એ સમાજની આવશ્યકતાઓની પૂર્તિ અને વ્યક્તિગત વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદાયકું છે. શિક્ષણનું ઉદ્દેશ વિવિધ ક્ષેત્રોમાં પ્રૌદ્યોગિકી, વિજ્ઞાન, સાહિત્ય, કલા, સંસ્કૃતિ અને નૈતિકતાનું વિકાસ કરવું છે.

શિક્ષણ સમાજની સામાજિક અને આર્થિક સ્થિતિને સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. અશિક્ષિતતાની સમસ્યાઓ સુધારવામાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. શિક્ષકો બાળકોને જ્ઞાન અને મૂલ્યો આપી, તેમનું વ્યક્તિગત અને સામાજિક વિકાસ સાધે છે.

આધુનિક યુગમાં, શિક્ષણનું કામ અધ્યાયાયનને અનુકૂળ બનાવવાની સારી પ્રણાલી અને અનુકૂળ શિક્ષણની સાધનાનું નિર્માણ કરવું જરૂરી છે. વિવિધ શિક્ષણકાર્યક્રમો, શિક્ષક - શિક્ષિકાઓનું યોગદાન, સામાજિક અને શૈક્ષણિક પ્રગતિને મહત્વ આપવું છે.

શિક્ષણનું કામ અધ્યાયનને અનુકૂળ બનાવવાથી માત્ર શિક્ષણની સારવાર નહી, પરંતુ વ્યક્તિનું સમગ્ર વિકાસ થાય છે, જે સમાજની સારવારની ગુણવત્તામાં વૃદ્ધિ આપે છે.

Vasava Nilam. M

Page :
Date : / /202

"બાળકમાંથી શ્રેષ્ઠ નાગરિક બનાવી શકે તે જ સાચો શિક્ષક"

– અબ્દુલ કલામ

પ્રાચીન કાળમાં ઋષિસંસ્કૃતિ પ્રચલિત હતી. બાળક ગુરુને ઘરે રહીને વિદ્યા મેળવતો. તેને વિદ્યાભ્યાસની સાથે અનેક પ્રવૃત્તિઓ કરવી પડતી હતી. તે ગુરુપત્ની બતાવે તે કામો કરતા. જંગલમાં લાકડાં લેવા જવું, ગાયો ચરાવવી અને ભિક્ષા માગી લાવવી વગેરે. ગુરુઓ તેમના પોતાના વહાલા દીકરાની જેમ રાખતા. આશ્રમમાં ઘણાં વિદ્યાર્થી એકસાથે રહેતા અને ગુરુની આજ્ઞાનું પાલન કરતા. આથી બાળક વિદ્યાની સાથે જીવનલક્ષી શિક્ષણ મેળવે. આમ બાળકને વ્યવહારું જ્ઞાન મળતું. "સાચી કેળવણી વિદ્યાર્થીને આદર્શ 'માનવ' બનાવે છે." પરિક્ષામાં ઊંચી ટકાવારી મેળવીએ સાચું શિક્ષણ નથી. તે ફક્ત કોરા કાગળનો નમુનો છે. સાચો શિક્ષક વિદ્યાર્થીને બધી જ પરિસ્થિતિ સામે ટકી રહેવા માટે સક્ષમ બનાવે છે. વિદ્યાર્થીમાંથી તે સારા નાગરિક બનવાની દિશામાં શિક્ષણ આપે છે. વિદ્યાર્થીના જીવનમાં અભ્યાસ સાથે પ્રવૃત્તિઓ દ્વારા નવા નવા અનુભવોથી કંઈક શીખે છે. નાગરિક તરીકેની ફરજોનું પાલન કરતા શીખે છે. શિક્ષકનું કાર્ય બાળકના જીવનમાં ઘડતર કરી શ્રેષ્ઠ નાગરિક બનાવતી અનેક પ્રવૃતિઓ સામે ટકી રહેવા શિખવે છે.

વૃક્ષો વગરની ધરતીની આપણે કલ્પના કરીએ તો ? ધરતી પર જેમ વૃક્ષોની માનવજીવન જીવવા જરૂરી છે તેમ વિદ્યાર્થી જીવન માટે સાચા શિક્ષકએ હવા અને પાણી જેટલાં જ મહત્વના છે. શિક્ષક આપણાં મિત્રો છે, સ્વજનો છે, માતા-પિતા છે. શિક્ષક આપણને સ્વપનારૂપી ઘરના ઘડતર માટેની કેળવણી આપે છે. શિક્ષકોની સંગાથ રહીને વિદ્યાર્થીઓ વૃક્ષોની જેમ જ શિલ્પકારનું કાર્ય કરે છે સંગ જેવો જ રંગની ભાવના સર્જાય છે.

SAKHEE

વિદ્યાર્થીના જીવનમા શિક્ષકનો મહિમા વધારવા 5 સપ્ટેમ્બરના દિવસે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. સાચો શિક્ષક બાળકને નિ:સ્વાર્થ ભાવે જીવનને જીવતા શીખવે છે અને તેના ઘડતરમાં સારા-ખોટાની સમજ આપે છે તે બાળકને એક શ્રેષ્ઠ નાગરિક બનાવે છે.

"ગુરુનો બહુ આભાર જગતમાં ગુરુનો બહુ આભાર."

ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય.
બલિહારી ગુરુ આપકી જીવન દીયો બતાય.

Patel Yamini M
Roll No :- 42

SAKHEE

Scanned with CamScanner

## આદર્શ શિક્ષમાં પરિણમે તેજ સાચું શિક્ષણ

- પ્રભાશંકર ત્રિવેદી

વિદ્યાર્થીના જીવનમાં શિક્ષક ખુબ મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષક વિદ્યાર્થીના ગુણો, દુર્ગુણોને શોધી તેને સાચા માર્ગે જવાનો રસ્તો બતાવે છે. તે વિદ્યાર્થીને સાચા-ખોટાની સમજ આપે છે. જીવનમાં પ્રથમ શિક્ષકરૂપે મમ્મીનું સ્થાન છે માતા-પિતા સૌપ્રથમ બાળકના જીવન દરમિયાન શિક્ષણ આપે છે અને વિદ્યા બાળકને ઘણીબધી સમજ સાથે શાળાએ જાય છે. ત્યાં બીજા બાળકો સાથે સંપથી રહેવું, જમવું, લખવું વગેરે શીખે છે. સતત મહેનત દ્વારા તે શ્રેષ્ઠ વિદ્યાર્થી બનવા પ્રયત્નો કરે છે. શાળામાં તે ઘણાં શિક્ષકોની સાથે વાતચીત અને સાથે સાથે સારા ગુણો અને નિયમોને અનુસરતા રહેતો જાય છે. શિક્ષક એ વિદ્યારૂપી જ્ઞાનનો ખજાનો છે અને આ ખજાનાનો અંત અશક્ય છે. જીવનકાળ દરમિયાન વિદ્યાર્થી કંઈક નવીન શીખવાની ઈચ્છાને લીધે આગળ વધે છે. મહેનત કરતો રહે છે. વિદ્યારૂપી સમજ તે પુસ્તકોનું વાંચન કરી મેળવે છે. પુસ્તકો પાસેથી ઘણું શીખવા મળે છે. પરંતુ તેની સાચી સમજ તો આપણને શિક્ષક જ આપે છે. શિક્ષક એ વિદ્યાર્થીના જીવનમાં સૂર્યના કિરણોરૂપી વિદ્યાર્થી તેની અંતરશક્તિને જગાડે છે અને વિદ્યાર્થીના જીવનમાં પ્રકાશ ફેલાવે છે આ પ્રકાશને વિદ્યારૂપી છે. વિદ્યાર્થી તરીકે શિક્ષક પાસેથી ગુણો, સંસ્કારો મેળવે છે. ઘણીબધી વિકટ પરિસ્થિતિમાં શિક્ષક વિદ્યાર્થીને જીવન જીવવા માટે તૈયાર કરે છે

આવનારી પરિક્ષામાં પાસ થવાની તૈયારી સાથે અને કદી પણ હાર ન માનવા માટેની શક્તિરૂપી વિદ્યા વિદ્યાર્થીના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. શિક્ષક એ જીવન જીવવાનો પાયો પૂરો પાડે છે જેના દ્વારા આપણે પોતાની કલ્પનારૂપી સપનાઓને હકીકતમાં સાબિત કરવા માટેનો રસ્તો બતાવે છે.

Page :

Date : / /202

શિક્ષક વિદ્યાર્થીને શિક્ષણમાં રહેતા આદર્શોનું પાલન કરતા શીખવે છે. વિદ્યાર્થીને સારા નાગરિક બનવાની રસ્તો બનાવે છે. જેનાથી વિદ્યાર્થી તેના જીવનમાં મહેનત દ્વારા પોતાના લક્ષ્ય સુધી પહોંચે અને સિદ્ધિ મેળવે છે. શિક્ષક એટલે વિદ્યાર્થીની અંદર રહેલી છુપી શક્તિઓને બહાર લાવે છે અને સાચો પથદર્શક બને છે. શિક્ષકનું કાર્ય સૂર્યના કિરણોરૂપી વિદ્યાને વિદ્યાર્થીના જીવનમાં પ્રકાશ ફેલાવવાનું છે. વિદ્યારૂપી ઈશ્વરનું પ્રતિબિંબ મળવું અનંત છે

PATEL YAMINI M

ROLL NO - 42

SAKHEE

Scanned with CamScanner

"જે વ્યક્તિ અઘરી બાબતોને સહેલી બનાવે છે તે શિક્ષક છે."

- એમર્સન

આદર્શ શિક્ષકને માટે જ્ઞાન તો આવશ્યક જ છે. પણ એ પૂરતું નથી. એ જ્ઞાન પચાવવા, સરળ બનાવવા, શિષ્યોના મનમાં ઉતારવા મહેનત કરવી જોઈએ, ઉદ્યમ કરવો જોઈએ શ્રમ કરવો જોઈએ. જ્ઞાન ઉપરાંત કર્મ અનિવાર્ય છે. વર્ગમાં જતાં પહેલા તેની તૈયારી કરવી જોઈએ, તાલીમ લેવી જોઈએ, પ્રયોગ કરવા જોઈએ, શિક્ષકે ભણાવતાં પણ શીખવું જોઈએ. જ્ઞાન અને કર્મનો મેળ થાય તો શિક્ષણ જામે.

સમાજ અને વિદ્યાર્થીના ઘડતર માટે કેટલાક અનિવાર્ય લક્ષણો જરૂરી છે. જેમ કે, શિક્ષકોનું ચારિત્ર્ય અતી શુદ્ધ હોવુ જોઈએ. આદર્શ શિક્ષક વિદ્યાર્થીના અભ્યાસમાં જ નહિ પણ એના આચાર્ય જીવનમાં રસ લે અને એના હૃદયમાં જીતવા પ્રયત્ન કરે તે જરૂરી છે. એવા શિક્ષક સાથે વિદ્યાર્થીની નિકટતા વધે છે. શિક્ષકે પોતાની લાયકાત અને જ્ઞાન વધારવા હંમેશા પ્રયત્નશીલ રહેવુ જોઈએ. હરેક વિદ્યાર્થીની ખાસિયત તપાસી તેમાં જે રીતે એના વિષયમાં સૂઝ પડે અને રસ ઉત્પન્ન થાય તેવા ઉપાય સતત શોધતા રહેવા જોઈએ. કેટલાક શિક્ષકો વિદ્યાર્થીના પ્રશ્નોથી મુંઝાય છે. સારો શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની તક આપે છે. તેની જ્ઞાન મેળવવાની જિજ્ઞાસુતાને જવાબો આપી ઠારે છે, તેનું સમાધાન કરે છે.

'જે માં ના માર સુધી જઈને ભણાવે તે માસ્તર.'

SAKHEE

Scanned with CamScanner

Page :

Date : / /202

માં જેવુ વાત્સલ્ય, મા જેવો પ્રેમ અને માં જેવુ વર્તન જે શિક્ષકનું હોય તેને માસ્તર કહી શકાય... આજના યુગમાં શિક્ષક સ્ત્રી હોય કે પુરુષ... શિક્ષક શિક્ષક હંમેશા આદર્શ હોવા જોઈએ. આજના યુગમાં માત્ર ડીગ્રી ધારી શિક્ષકો નહિ પણ પ્રેમ, લાગણી અને સહાનુભૂતિથી છલકાતાં હૃદયવાળા શિક્ષકોની આવશ્યકતા છે.

અવનવી વાતો, નવી ફિલ્મ, નવુ પુસ્તક, નવી શિક્ષણની પ્રયુક્તિ, નવી શિક્ષણની એપ, શિક્ષણની વેબ-સાઈટ્સ. વગેરેથી જાણકાર સતત અપડેટ રહેતો હોય એવા શિક્ષકને. વિદ્યાર્થીઓ હૃદય-હૃદયનાં વંદન પાઠવતા હોય છે.

આદર્શ શિક્ષક એક વહેતી નદી જેવાં છે. જેના મનમાં કોઈ નાતજાતના ભેદભાવ નથી. જેના સ્વભાવમાં પ્રવાહિતા છે. સર્વને સમાવી શકે તેવું વિશાળ હૃદય છે. સર્વને સમાનભાવે અને નિઃસ્વાર્થ ભાવે વહેંચવાની નદીવૃત્તિ છે.

– Vasava Priyanka

Page :
Date : / /202

"શ્રેષ્ઠ શિક્ષકો હૃદયથી શીખવે છે, પુસ્તકથી નહી"

– જેન વૌરેન

કોઈ પણ વ્યક્તિના મનમાં શિક્ષકની છાપ હંમેશા સારી હોય છે. શિક્ષક વિશે કહેતા પહેલા શિક્ષક શબ્દને સમજવાનો પ્રયાસ કરીએ. કોઈ માણસ એમ નહિ કહી શકે કે મારા જીવનમાં એક પણ શિક્ષક નહોતા. જો શિક્ષકની સરળ વ્યાખ્યા આપવી હોય તો એટલુ જ કહેવાય કે જીવનમાં જે કંઈક નવુ શીખવે એ જ સાચા શિક્ષક.

એક શિક્ષકની સાચી પરીક્ષા વિદ્યાર્થી સામે જ થાય છે અને આ પરીક્ષા વિદ્યાર્થીના પરિણામ દ્વારા થતી નથી પણ વિદ્યાર્થી પોતાના જીવનમાં કેટલા સત્યવાન અને કર્મનિષ્ઠ બને છે. તેના પરથી થાય છે. આજના વિદ્યાર્થીઓ ખૂબ આધુનિક બની ગયા છે. અને જીવનના દરેક તબક્કે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તેની સામે શિક્ષકોને જોવા જઈએ તો આજના શિક્ષકો પ્રચલિત પદ્ધતિ પ્રમાણે જ શિક્ષણ આપે છે અને કાર્ય કરે છે. શિક્ષક વિદ્યાર્થીઓની નજરમાં સારા હોય તે ખૂબ જરૂરી છે.

વિદ્યાર્થીઓને મજબૂત કરવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક જ્યારે શિક્ષણ આપતા હોય છે. ત્યારે તેઓ સામાન્ય વ્યક્તિ કરતા કંઈક વિશેષ હોય છે. જે રીતે એક સાધક સાધના કરીને પરમાત્માની પ્રાપ્તિ કરે છે. તે જ રીતે શિક્ષક વિદ્યાર્થીઓને સાધના કરાવીને ધ્યેય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

કોઈપણ શિક્ષક ગમે તેટલા ગંભીર હોય પણ તેઓની અંદર સરળતા અને પ્રમાણિકતા જેવા ગુણો હોય જ છે. તેથી જ ભારતના ભવિષ્યનો આધાર આજના વિદ્યાર્થીઓ પર રહેલો છે. અને વિદ્યાર્થીઓનો આધાર શિક્ષક પર રહેલો છે. વિદ્યાર્થી શિક્ષકને કેટલો પસંદ કરે છે, તેનો આધાર શિક્ષકના વ્યક્તિત્વ પર રહેલો છે. શિક્ષકો તપસ્વી કરતા કંઈ ઓછાં તો નથી જ. તેથી શિક્ષક ચાહે તો દેશને મહાન બનાવી શકે છે.

સરસ્વતી માતાનાં સાધક બનવું એ કંઈ જેવી તેવી વાત તો નથી જ અને સૌથી મહાન કાર્ય આ જ છે. તેથી જ શિક્ષકોને પ્રણામ કરવાનું મન થાય છે.

"સૌથી શ્રેષ્ઠ શિક્ષકો એ હોય છે જે વિદ્યાર્થીને માત્ર યાદ રાખવાની નહીં પણ તેની સાથે તેની વિચારવાની ક્ષમતાઓ પણ વિકસિત કરે છે."

- Vasava Priyanka

SAKHEE

Scanned with CamScanner

> "એક પૂર્ણ શિક્ષક એટલે હરતી ફરતી લાયબ્રેરી તેનું વાંચન - મનન - ચિંતન એટલું બધું પ્રૌઢ હોય કે જાણે એનું મસ્તિષ્ક બહુ વિશાળ જ્ઞાનાલય હોય એવી પ્રતીતિ થયા કરે..."
>
> -સ્વામી સચ્ચિદાનંદજી

સારું ભણાવવું હોય તો સારા વિદ્યાર્થી સાથ કેળવવા જ પડે. ક્યારેક તો વિદ્યાર્થી પાસેથી પણ એને કંઈક શીખવા મળે છે, એ માટે દૃષ્ટિ અને સૂઝ જોઈએ.

સાચો શિક્ષક ક્યારેય અધૂરા જ્ઞાન કે પૂર્ણ તૈયારી વિના વર્ગમાં નહીં જ જાય. શિક્ષક આવવાથી વિદ્યાર્થીઓનો માનસ સમય ન બગડે એ જોવાની તેની જવાબદારી વધે છે. શિક્ષક વર્ગમાં પ્રવેશે ત્યારે એના Posture માં જ એવો આત્મવિશ્વાસ પ્રતિબિંબિત થતો હોય કે વિદ્યાર્થીઓ ભણવા માટે એકદમ સજાગ બની જાય, જ્ઞાનના આદાન-પ્રદાન માટેનું વાતાવરણ સર્જાય જાય. સાચો શિક્ષક વિદ્યાર્થીની હાજરી પણ જાતે જ લેશે. કારણ કે એને ખબર છે કે હાજરી લેતી વખતે વિદ્યાર્થીને એ નખશિખ ચકાસી લે છે. પણ એની સાથે સધાતું સાયુજ્ય બહુ મહત્ત્વનું છે.

એક આત્મીયતાનો માહોલ ઊભો થઈ જાય છે. પ્રસન્નતાના એ વાતાવરણ ભણવું અને ભણાવવું બહુ સરળ થઈ શકે છે. ને ગેરશિસ્તના પ્રશ્ન જ ઊભા થતા નથી.

કવિ શ્રી ઉમાશંકર જોશીએ કહ્યું છે
" માણસનાં ચૈતન્યને બહાર લાવે એ જે ખરો શિક્ષક છે."

શિક્ષકનો વ્યવસાય જ એવો ઉમદા છે કે દુનિયાના કોઈ ખૂણે તમે જાવ વિદ્યાર્થી ત્યાંથી તમારા આશીર્વાદ લેવા આવી જ પહોંચે છે.

'ગુરુ દેવો ભવ' એ ભારતીય સંસ્કૃતિ છે. અને એ જ શિક્ષકની મહામૂલી મૂડી છે. પણ વિદ્યાર્થીનું એ માન અને પ્રેમ મેળવવા શિક્ષક સામર્થ્ય મેળવવું પડે.

કાકા સાહેબ કાલેલકરે કહ્યું છે, 'વિદ્યાર્થીની ભૂમિકા પર આવીને જે વૃત્તિમાં હોય તે ભૂમિકા અને વૃત્તિ સુધી પહોંચવાની તીવ્ર ઉત્કટતા હોય ત્યારે જ સફળ શિક્ષક બનાય.' વિદ્યાર્થીને શિક્ષક મિત્ર કરતાંય વધુ નિકટ લાગે તે જ તેની સફળતા. વિદ્યાર્થીમાં જિજ્ઞાસાની જ્યોત પ્રગટાવી સંશોધન વૃત્તિ શિક્ષક જ ખીલવી શકે.

શિક્ષકનું વાંચન ગુણવત્તાસભર હશે તો તેનામાં સદ્વિચારો આવશે. નૈતિક મૂલ્યોનું ધોરણ ઊંચું લાવી શકશે. અધઃપતન તરફ જતાં બચાવી શકાશે. બાળકોને જે તે વિષય સમજાવવા માટે અનેક ઉદાહરણો, ક્રીડાપ્રવૃત્તિનું જ્ઞાન પીરસી શકશે. મુદ્દા રસપ્રદ બનાવી શકશે. શિક્ષણકાર્ય અસરકારક બનાવશે.

સારું પુસ્તક શિક્ષક કે કોઈપણ વ્યક્તિ માટે સાચો મિત્ર છે. પુસ્તક શિક્ષક માટે રાહબર અને માર્ગદર્શક બને છે. શિક્ષક વિદ્યાર્થી અને પોતાનો પણ વિકાસ કરી શકે તેવું સક્ષમ પાત્ર છે.

– વસાવા સંધ્યા

Scanned with CamScanner

> "शिक्षक कभी साधारण नहीं होता, प्रलय और निर्माण उनकी गोद में पलते हैं।"
> — चाणक्य

શિક્ષકનાં સામર્થ્યનું બીજ તેની નિષ્ઠામાં પડેલું છે. હરિશ્ચંદ્રનું નાટક માત્ર એક વખત જોઈ. તેર વર્ષની ઉંમરના મોહનદાસ કરમચંદ ગાંધીએ જોયું અને "હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધાં કાં ન થાય"? એ ધૂન ચાલી અને તે મહાત્મા ગાંધીજીનો જીવનમંત્ર બની ગઈ.

સત્ય એ જ પરમેશ્વર. શિક્ષક નિષ્ઠાએ પણ આ પ્રમાણે દરેક શિક્ષક માટે સહજ સાધ્ય છે. સરળતાથી અને સહજતાથી તેમનું પાલન બધા જ શિક્ષકો સમર્થ શિક્ષકો સક્ષમ પણ બની શકે છે.

ઉમાશંકર જોશીની પંક્તિ છે -
બાળકને મુઈ જે રીઝે, રીઝે બાળક મુઈ જેને;
સ્નેહલ સરલ, વત્સલ મૂરત, કોટિ-કોટિ શીશ નમે તેને.

દરેક વિદ્યાર્થીનો પ્રથમ આદર્શ એ તેનો શિક્ષક હોય છે. શાળા કક્ષાએ પાંગરતું અધ્યયન અનુભવ વિકસતું રહે છે. બાળકો માટેની સાચી પ્રેમ અને વાત્સલ્ય, નાનાં બાળકોની બાલસહજ તોફાન - મસ્તી પ્રત્યે સહિષ્ણુતા, બાળકોના ગુણવત્તા સુધારી - બહેતર અને ઉન્નત જીવન વિકાસ માટેની કાળજી અને તેમના માનવીય સશક્તિકરણ અંગેની સભાન નિસ્બતને વિદ્યાર્થીનિષ્ઠા કહી શકાય. શિક્ષકની અસહિષ્ણુતા અને આક્રમકતા વિદ્યાર્થીના સમગ્ર જીવન વિકાસ પર વિઘાતક અસર ઊભી કરે છે.

Page :

Date : / /202

કોઈ પણ સમાજમાં શિક્ષકનું સ્થાન વિશિષ્ટ અને મોભાદાર હોય છે. સમાજ તેની પાસે મોટી આકાંક્ષા રાખે છે. સમાજની નવી પેઢીનું ઘડતર કરવાની મહત્ત્વની જવાબદારી શિરે છે. સમાજની આ આદર્શ અપેક્ષાને સંતોષવી એ શિક્ષકનું પરમ કર્તવ્ય બની રહે છે.

કોઈ પણ વ્યવસાયમાં સફળ થવા માટે વ્યવસાય નિષ્ઠા અનિવાર્ય છે. તેમાં બે બાબતોનો સમાવેશ થાય છે. (૧) વ્યવસાય માટેનું ગૌરવ. (૨) વ્યવસાયિક વિકાસ માટેની ઇચ્છા શક્તિ.

અદૃશ્ય આંતરિક પ્રેરણા કે વ્યવસાય માટેના પ્રેમને કારણે જોડાયા હોય અથવા પરિસ્થિતિ કે સંજોગોને આધીન શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો હોય, પરંતુ શિક્ષક બન્યા પછી તેણે શિક્ષકને સંપૂર્ણ ગૌરવ અનુભવીને અપનાવવો જોઈએ.

સાંપ્રત સમયમાં મૂલ્યોના હ્રાસના સંદર્ભમાં શિક્ષકની મૂલ્યનિષ્ઠા તાકીદની અને મહત્ત્વની બની જાય છે. મૂલ્યો એ રડારની જેમ કાર્ય કરે છે. અને વ્યક્તિ-વ્યક્તિએ તેમજ સમાજે-સમાજે ભિન્ન હોવા છતાં માનવીને અનુસરવા માટેના માર્ગનો દિશાનિર્દેશ કરતાં રહે છે.

શિક્ષક માટે સંસ્કૃતમાં આચાર્ય શબ્દ છે. आचरति इति आचार्य :। એક મણ શિખામણ કરતાં અધોળ આચરણ વધારે છે. શિક્ષકનો વ્યવસાય આ દૃષ્ટિએ પવિત્ર વ્યવસાય છે.

– વસાવા સંધ્યા.

"શિક્ષણ એ અંધકારથી પ્રકાશ તરફનું ચળવળ છે."

~ એલન બ્લૂમ

શિક્ષણ એ એક એવો શબ્દ છે જે પોતામાં એક સંપૂર્ણ સિદ્ધાંત ધરાવે છે. તે ધૂળમાંથી ઉછેરવાનો માર્ગ છે, તે એક માધ્યમ છે જે અભણને સાક્ષરમાં પરિવર્તિત કરે છે. શિક્ષણ એ એક એવી પદ્ધતિ છે. જેમ કોઈ વ્યક્તિ શીખે છે તો તેનું જીવન કેવી રીતે જીવવું તે શીખવે છે. વ્યવસ્થિત જીવનના મૂળભૂત સિદ્ધાંતો પણ શીખે છે. હા, એજ્યુકેશન 7 મૂળાક્ષરોનો એક શબ્દ એક ખ્યાલ ધરાવે છે જેણે આપણને સંસ્કારી બનાવ્યા છે.

આપણે બધા જાણીએ છીએ કે આપણે મનુષ્યો આપણી શક્તિથી નહીં પણ આપણા મનથી પૃથ્વી પરના સૌથી મજબૂત અને શક્તિશાળી પ્રાણી છીએ. હા, તેના કારણે આપણે જમીન, પાણી, સમુદ્ર, સરોવરો, જંગલો, આકાશ અને અંતરિક્ષને પણ નિયંત્રિત કર્યું છે.

મનુષ્યો માટે કંઈપણ અશક્ય નથી કારણ કે તેઓએ પૃથ્વી ગ્રહ પર કબજો કરી લીધો છે અને તેના પર અસ્તિત્વમાં છે તે દરેક અને દરેક વસ્તુ પર તેનું નિયંત્રણ છે. માનવીએ જ્યારે તેઓ ભટકતા હતા ત્યારથી વસ્તુઓમાં નવીનતા લાવવાનું શરૂ કર્યું, તેણે પૈડા જેવા ચક્રની શોધ કરી, પછી ગાડાની પછી ખેતરમાં ખેડાણ કરવાનું શરૂ કર્યું અને બધી મુસાફરી કરીને માનવી આ સ્થાને પહોંચ્યો છે જ્યાં વ્યક્તિ વિશ્વના એક ભાગથી બીજા સાથે જોડાઈ શકે છે. આ વિષય તેની સાથે મળતો આવે છે. હા, એક

ચળવળ જે અંધકારમાંથી પ્રકાશ તરફ લાવે છે. માત્ર શિક્ષણને કારણે જ આપણે સર્વોચ્ચ છીએ. શિક્ષણ એ જ કારણ છે કે આપણને અંધકારથી પ્રકાશ તરફ લઈ ગયા. મનુષ્યનો ઈતિહાસ છે. ઘણા ઉદાહરણોનો સ્ત્રોત છે કે આ સાબિત કરી શકે છે કે શિક્ષણ કોઈને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જઈ શકે છે.

આપણે ભૂતકાળના સમયથી જોઈ શકીએ છીએ કે ઇતિહાસમાં જે પણ આવિષ્કારો અને સીમાચિહ્નો થયા છે તે બધા શિક્ષિત વ્યક્તિઓ અને સમાજના કારણે હતા. બધા સફળ અને વિકસિત દેશો ત્યાં હોવા માટે છે કારણ કે, તેઓએ તેમના સમાજમાં શિક્ષણનો સમાવેશ કર્યો છે. જેણે તેમને અંધકારમાંથી પ્રકાશમાં લઈ ગયા છે.

શિક્ષણ સામાજિક મુલ્યો અને સિદ્ધાંતોનું નિર્માણ કરે છે જે સફળતા, વૃદ્ધિ અને સમાનતાનો પ્રકાશ ઉત્પન્ન કરે છે. અને સામાજિક દૂષણો, સાંપ્રદાયિક બંધનોને અલગ પાડે છે. જે વધતા અને વધતા અટકાવે છે. શિક્ષણથી વ્યક્તિ તેનો પરિવાર, તેનું વતન, તેનું શહેર, તેનું રાજ્ય અને પછી દેશનો વિકાસ થાય છે. શિક્ષણ એ માધ્યમ છે જે કોઈને અનંત અંધકારમાંથી અનંત પ્રકાશ તરફ લઈ જાય છે.

શિક્ષણ એ એક માર્ગ છે, જે આપણને મૂર્ખમાંથી તેજ તરફ લઈ જાય છે અને જેના દ્વારા આપણે સમગ્ર વિશ્વમાં જ્ઞાન અને ઝગમગાટ મેળવ્યા છે

— સુકલ સામીયા ગુલામ

SAKHEE

Scanned with CamScanner

શિક્ષણ એ એક વાસણ ભરવાનું નથી પરંતુ આગનું પ્રકાશ છે.

~ વિલિયમ બટલર યેટ્સ

શિક્ષણનું કાર્ય વ્યક્તિને સઘન વિચારવાનું અને વિવેચનાત્મક રીતે વિચારવાનું શીખવવાનું છે. બુદ્ધિમત્તા + ચારિત્ર્ય - એ જ સાચા શિક્ષણનું લક્ષ્ય છે. હાલની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાની અને તેને વધુ વ્યવહાર-ક્ષમતા અને સરેરાશ વિદ્યાર્થી માટે સરળ સુલભ બનાવવાની મૂળભૂત જરૂરિયાત છે. વર્તમાન પ્રણાલીએ ઘણા શીખનારાઓમાં શિક્ષણની ગુણવત્તા પ્રત્યે ઉત્સુકતા અને ઉત્સાહ વધારવો જોઈએ. ઓછા-બુદ્ધિશાળી વિદ્યાર્થીઓની ઓળખ કરવી જોઈએ અને તેમની સાથે વિશેષ વ્યવહાર કરવો જોઈએ અને તેમની સાથે વિશેષ વ્યવહાર કરવો જોઈએ જેથી કરીને ઉચ્ચ ધોરણો સુધી પહોંચી શકાય અને ઝડપી શીખનારાઓની જેમ સમાન તકો પ્રાપ્ત કરી શકાય.

યુ.એસ. માં એક કોન્ફરન્સમાં મુખ્ય વક્તા વિલિયમ બટલર યેટ્સ કહે છે કે, " શિક્ષણ એ બાલદીઓ ભરવાનું નથી પરંતુ અગ્નિનું પ્રકાશ છે. શિક્ષણના તમામ સ્તરે શિક્ષક તરીકે આપણે જેની આશા રાખીએ છીએ કે અમારા વિદ્યાર્થીઓને સમજવા મળશે નહિ. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ અને ઉદ્દેશ્યબુદ્ધિ વિચાર શક્તિ વધારવાનો છે. શિક્ષણ અને યોગ્ય તાલીમ આપીને તેમનામાં વધુ કૌશલ્યો શીખવીને સ્વ-રોજગારકર્તા બનવા માટે સંબંધિત ક્ષેત્રો અથવા વિસ્તારો, તે પ્રમાણે દાખવો જોઈએ. શિક્ષણનો વર્તમાન અભ્યાસક્રમ વિદ્યાર્થીઓનું ઊંચું સ્તર વર્તમાન શિક્ષણનું ધોરણ પહોંચાડવા લાવવા અને તેમને વધુ લક્ષ્યો સુધી

SAKHEE

Scanned with CamScanner

Page :

Date : / /202

સિસ્ટમ બદલવી જોઈએ.

વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં એવું જોવા મળે છે કે વિભતીય વિદ્યાર્થીઓને સમાન વ્યવસ્થા હેઠળ વવાનો પ્રયાસ કરી રહી છે. આ સિસ્ટમમાં, ઓછા સ્ટી વિદ્યાર્થીઓ ઉચ્ચ તેજસ્વી વિદ્યાર્થી સાથે સ્પર્ધા કરી શકતા નથી અને હાલની કાર્યાંકર શિક્ષણ પ્રણાલી લાભ લઈ શકતા નથી. આમ, શૈક્ષણિક રીતે ઘાત વિદ્યાર્થીઓની જરૂરિયાતને પરિપૂર્ણ કરવા માટે ર્તમાન શિક્ષણ પ્રણાલી બદલવી જોઈએ અને ઘડવી જોઈએ.

ઉપરોક્ત કારણોના આધારે એવી ભલામણ કરવામાં આવે છે કે વર્તમાન શિક્ષણ પ્રણાલીને પરિપૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓની કુશળતા હોવી જોઈએ.

~ સુકલ સામીયા ગુલામ

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

બાળોતિયું બનશો તો કહેવાઇ જશો. ઉત્તમ એ છે કે વહેતા રહો, કારણ કે વહેતું પાણી જ શુદ્ધ રહે છે.
– દલાઇ લામા

આપણે આ પંક્તિને કેટલાક પ્રશ્નો દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ. પાણી કેમ મેલું થતું નથી? કારણ કે તે વહે છે. પાણી બધાંને શુદ્ધ કેમ કરે છે? કારણ કે તે વહે છે. પાણીના માર્ગમાં અડચણો આવે તોય તે પોતાની મંઝિલ કેમ પામે છે? કારણ કે તે વહે છે. પાણીના એક ટીપાંમાંથી ઝરણું, ઝરણામાંથી નદી, નદીમાંથી મહાનદી અને મહાનદીમાંથી સાગર કેમ બને છે? કારણ કે તે વહે છે.

આપણે પણ આપણા જીવનમાં અનેક મુશ્કેલીનો સામનો કરવો જોઇએ. અને કેટલીક વખત આપણે અમુક વાતોને ભૂલી જવી જોઇએ. કેટલીક વખત આપણે એક ને એક વાતને યાદ કરીને હતાશ રહેતા હોઇએ છીએ. તેથી આપણે આપણા મનને ખુશી મળે તેવી વાતોને હંમેશા યાદ કરીને રાખવી જોઇએ અને જે વાતો આપણને દુઃખ આપે તેવી વાતોને આપણા મનમાંથી વહેતી કરી દેવી જોઇએ. અને આગળ વધવું જોઇએ.

– કડીવાલા નિલોફરબાનું એસ.
S.Y.B.Ed

ઉંમર શરીર સાથે નહીં, પણ મન સાથે જોડાયેલી વસ્તુ છે.

-ટોલ્સટોય.

આપણી ઉંમરનો અંદાજ આપણે આપણા શરીરના કદના આધારે નક્કી કરીએ છીએ. પરંતુ કેટલા લોકોની ઉંમર તો વધારે હોય, કેટલાક લોકોના શરીર તો વધી ગયા હોય પરંતુ તેમના મનની ઉંમર કોઇ માપી શકતું નથી. આપણે જ્યાં સુધી સત્ય અને કર્મ સુધી ન આવીએ ત્યાં સુધી આપણું મનની કોઇ ઉંમર જ નથી હોતી.

એક બુદ્ધ હતા. તેમની પાસે લગભગ 70 વર્ષના એક ભિક્ષુક આવ્યા. ત્યારે બુદ્ધે તેમને પુછ્યું: તમારી ઉંમર કેટલી છે? ભિક્ષુકે કહ્યું: ચાર વર્ષ. બુદ્ધને આશ્ચર્ય થયું. આવું બોલવાનું કારણ જાણવા પૂછ્યું: ભિક્ષુ, આવું કેમ? તમારી ઉંમર તો ઘણી બધી લાગે છે? ત્યારે ભિક્ષુએ કહ્યું: ભગવાન, ચાર વર્ષથી જ હું જીવન અને જગતની સમજણ પામ્યો છું તેથી મારી ઉંમર ચાર વર્ષ છે.. બાકીનો સમય હું જીવિત હતો પણ નિંદ્રાધીન અવસ્થા જેવી જ અવસ્થામાં જીવ્યો છું. ત્યારબાદ બુદ્ધે પણ કહ્યું; હા, તમારી વાત બિલકુલ સાચી છે.

આ પરથી આપણે જ વિચારીએ કે આપણી ઉંમર કેટલી હશે? શરીરના કદ તો વધી ગયા પરંતુ શું સાચું જીવન કઇ રીતે જીવવું તે અંગે આપણે સમજી શક્યા ખરા? આપણા જીવનનું ધ્યેય શું છે? તે જાણી શક્યા ખરા?

-કડીવાલા નિલોફરબાનું એસ.

S.Y.B.Ed

Page :
Date : / /202

> સાચી અનુભૂતિ સુધી પહોંચવું હોય તો તર્ક અને વિચારોને શમી જવા દો.
>
> – ઓશો.

આપણે હંમેશા પરિસ્થિતિમાં જેવું વાતાવરણ હોય છે તેવા જ વિચારો પણ કરીએ છીએ અને તેવા જ નિર્ણયો પણ લઈએ છીએ જેના કારણે આપણને હંમેશા પસ્તાવો થાય છે. આ પંક્તિને સમજાવવા માટે હું એક વાર્તા કહું:

એકવાર ભગવાન બુદ્ધે આનંદ નામના શિષ્યને નદીમાંથી પીવાનું પાણી ભરી લાવવાનું કહ્યું. આનંદ પાણી લેવા ગયો ત્યારે પાણી ડહોળું હતું, કારણ કે પશુઓ હમણાં જ તેમાંથી બહાર નીકળ્યાં હતાં. આનંદ પાછો આવ્યો ત્યારે બુદ્ધે ફરીવાર પાણી લેવા મોકલ્યો. આ વખતે પણ એ જ સ્થિતિ હતી. આનંદે કારણ આપ્યું. ભગવાન બુદ્ધે કહ્યું: આનંદ, થોડી વાર નદીકિનારે બેસજે. પછી પાણી લેતો આવજે. આનંદે એ સૂચના મુજબ તે ત્યાં થોડીવાર ઊભો રહ્યો. થોડીવારમાં બધો જ કહોળ પાણીમાં બેસી ગયો.

એ જ રીતે મન પણ નદી જેવું છે. કુવિચારોના પશુઓ આપણા મનમાં આવે છે એટલે આપણું મન ગંદુ થઈ જાય છે અને તે પરિસ્થિતિમાં લીધેલા વિચારો અને નિર્ણયો અયોગ્ય સાબિત થાય છે. તેથી આપણા મનને સૌપ્રથમ શાંત કરીને મનને ચોખ્ખું બનાવવું અને થોડીવાર પછી જ બધા વિચારો અને તર્ક કરવા જોઈએ. જે આ પરિસ્થિતિમાં કરેલા તર્ક અને વિચારો એ આપણને સાચી અનુભૂતિ કરાવે છે.

– કડીવાલા નિલોફરબાનું એસ.

S.Y. B.Ed.

"સારા શિક્ષકને વિદ્યાર્થીઓ પ્રત્યે સ્નેહ હોવો જોઈએ અને 'ભણાવવું' ગમવું જોઈએ વિદ્યાર્થીને નવું-નવું શીખવાની પ્રેરણા આપવી એનામાં સર્જકતાના હોવાં પ્રગટાવવા - એ શિક્ષકનું ધ્યેય હોવું જોઈએ. વિદ્યાર્થીને આજીવન સ્વયંશિક્ષિત બનવાની કોશિશ કરવી જોઈએ."

– એ.પી.જે અબ્દુલ કલામ

2005 માં રચવામાં આવેલ નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (એન.સી.એફ.) માં શિક્ષક પાસેથી વિવિધ અપેક્ષાઓ રાખવામાં આવી છે. જેને શરૂઆતમાં તબક્કે તેમ જ સતત તાલીમ દ્વારા જ આ અપેક્ષાઓ સંતોષી શકાય. રાષ્ટ્રીય સ્તરે શાળામાં શિક્ષકોની ક્ષમતાના મહત્ત્વ પરનો ભાર કોઈ પણ રીતે વધુ પડતો ન ગણી શકાય. એ વાત સ્પષ્ટ છે. કે વિદ્યાર્થીઓની સિદ્ધિઓની ગુણવત્તા અને પ્રમાણનો આધાર શિક્ષક ક્ષમતા, સંવેદનશીલતા અને શિક્ષકના પ્રોત્સાહના પર છે. એ પણ સુવિદિત બાબત છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને સિદ્ધિઓની પ્રાપ્તિ માટે અભ્યાસલક્ષી વાતાવરણ અને શિક્ષકનું શૈક્ષણિક અને વ્યવસાયીક સ્તર

Page :
Date : / /202

આવશ્યક ઘટકો છે. એ શૈક્ષણિક સજ્જતા
કેળવવા માટેનો સમયગાળો પોતાના વિષયનું
જ્ઞાનની ગુણવત્તા વિવિધ પરિસ્થિતિઓમાં
શિક્ષણ માટે જરૂરી અધ્યાપન કૌશલ્યોનું
જ્ઞાન, વ્યવસાય પ્રત્યેની નિષ્ઠાની કક્ષા,
સાંપ્રત સમસ્યાઓ અને મુદ્દાઓ પ્રત્યેની
સંવેદનશીલતા અને શિક્ષકની ઘડતર
વર્ગખંડમાં અભ્યાસક્રમના હેતુઓ સિદ્ધ
કરવા માટે અતિ આવશ્યક બાબત છે.
શિક્ષકની ગુણવત્તા પર માં અનેક
બાબતોનો સમાવેશ થાય છે. જેમ- કે -
શિક્ષકનું સમાજમાં સ્થાન, આર્થિક વળતર
કેવી પરિસ્થિતિઓમાં તેઓ કાર્ય કરે છે.
તે અને તેઓનું શૈક્ષણિક અને વ્યાવસાયિક
શિક્ષણ શિક્ષક તાલીમ પદ્ધતિ પાસેથી
એવી અપેક્ષાઓ રાખવામાં આવે છે.
કે પોતાના પ્રારંભિક અને સતત
ચાલતા, વ્યાવસાયિક વિકાસ માટે
કાર્યક્રમો દ્વારા દેશની શાળાઓ ચલાવવા
માટે પુરતી સંખ્યામાં સમર્થ શિક્ષકો
પ્રાપ્ત બનાવે છે. આ પ્રારંભિક શિક્ષકપ શિક્ષણ
નવા દાખલ થયેલ ઉમેદવારોને આ
વ્યવસાયની સમજ છે. અને ભાવિ શિક્ષકમાં
મહત્વાકાંક્ષા. પાયાગત જ્ઞાન અધ્યાપન ક્ષમતા
અને માનવીય વલણોનું આરોપણ કરે છે.

વસાવા નિશા

"ભ્રષ્ટાચાર નિર્મૂળ કરવામાં ફક્ત ત્રણ જ જણ ઉપયોગી થાય: પિતા, માતા, અને પ્રાથમિક શાળાના શિક્ષક"

- એ.પી.જે અબ્દુલ કલામ

શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરિયાત છે, એ નિઃસંદેહ છે, પરંતુ કોઈ પણ યુગમાં જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે ચારિત્ર્ય એ પાયાનું પરિબળ છે. ખરેખર તો શિક્ષણનો અને માનવજીવનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણ છે. અણઘડ પથ્થરમાંથી માનવને શ્રેષ્ઠતમ ચારિત્ર્યમૂર્તિમાં પરિવર્તન કરતી પ્રક્રિયા જ શિક્ષણ છે. પરંતુ આજના યુગના શિક્ષણ સામેની એક મોટી ફરિયાદ એ છે કે તે માત્ર અને માત્ર યાદશક્તિની પરીક્ષા કરે છે. જીવન જીવવા માટેનું વાસ્તવિક પ્રશિક્ષણ આપી શકતું નથી. અને એટલે બાળકનાં જીવનઘડતરનાં પ્રશ્નો માતા માટે વધુ ને વધુ વિકરાળ બનતાં જાય છે. આ જ પ્રશ્નો એક માતાએ મને આ રીતે વ્યક્ત કર્યો હતો: 'અમે પતિ-પત્ની બંને અમારા બાળકોને રોજ સાંજે ત્રીસ મિનિટ અમારી સાથે બેસાડીએ છીએ અને જીવનલક્ષી ઉપદેશ પીરસીએ. અમારા બાળકને વાતો કહીએ છીએ. છતાં જ્યારે અમે વાતો કરતાં હોઈએ છીએ.

Page :
Date : / /202

ત્યારે એ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળે છે અને સમજે પણ છે. પરંતુ પછી ગમે ત્યારે મારી સાથે તે ગમે તેમ વર્તે છે. કહ્યું માનતો નથી. ખૂબ બરાડા પાડે છે. અને પોતાને જ કરવું હોય તે જ કરે છે. આવી જ મુશ્કેલીઓ લગભગ ઘણીબધી માતાઓ અનુભવે છે. પોતાના બાળકો પોતાના કહ્યાં મુજબ ચાલતા નથી. હોવા તેનું એક કારણ માતા-પિતાની પોતાની પરિપક્વતાનો અભાવ પણ હોઈ શકે. જ્યાં સુધી આપણે આપણા બાળકોને ચારિત્ર્યને ઉન્નત ન બનાવી શકીએ. ત્યાં સુધી આપણો પુસ્તકોમાં મેં લખેલું બાળકને ઉપદેશી ચોથી શિખામણોથી કે સૂચનાઓથી કશું શીખવી શકાય નહિ, એ માત્રને માત્ર જે કંઈ પણ શીખે તે આપણા ચારિત્ર્યથી શીખે છે. મને યાદ છે. એક દિવસ અમારી સામે રહેતા એક બહેન પોતાના બાળકને શાળાએ લઈ જતા હોય ત્યારે એ બાળક હંમેશા ભર-ભરથી રડે. એવામાં એક દિવસ એ ખૂબ ધમપછાડા કરવા માંડ્યા અને પોતાની માતાના કાબૂ બહાર જઈ રસ્તા પર આળોટવા માંડ્યું ત્યારે માતાને ખૂબ શરમ આવી. તેથી માતાએ બાળકને કહ્યું; ચાલ આજે ચોપાટી જઈએ શાળાએ નથી જવું.

- વસાવા નિશા

SAKHEE

વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓ, સદ્વૃત્તિઓ અને રુચિઓને પ્રગટ કરવાનું, વિકસાવવાનું અને યોગ્ય માર્ગે વાળવાનું કામ કેળવણીનું છે.

– નાનાભાઈ ભટ્ટ

વિદ્યાર્થીમાં રહેલા સારા ગુણોને બહાર કાઢવાનું, તેને ખીલવવાનું તેને સાચા માર્ગે વાળવાનું જે કામ શિક્ષકનું છે. સૌપ્રથમ તો શિક્ષકે વિદ્યાર્થીને ઓળખવાનો છે. તેને ઓળખવાનો છે. અને તેની રુચિ શું છે. તેનામાં કયા સારા ગુણો છે. તેની શું આવડત છે. તેની શું રુચિ છે. તેના સારા કામને પ્રોત્સાહિત કરીને તેને બહાર કાઢવાનું છે. પ્રગટ કરવાનો છે. એ જ કામ શિક્ષકનું છે.

શિક્ષણની વ્યાખ્યા જણાવી છે. "વ્યક્તિની અંદર જે કંઈ પડેલ છે તેને બહાર કાઢવું અને ખીલવવું" તે અર્થમાં શિક્ષણ. અર્થાત શિક્ષક વિદ્યાર્થીમાં રહેલી આવડત, સદ્વૃત્તિઓ ઉપરથી ધૂળ હટાવીને તેને પ્રગટ કરવાની છે. તેને વિકસાવવાનું છે.

પરંતુ આ વાક્યમાં એક શબ્દ છે. "યોગ્યમાર્ગે" આ શબ્દ બહુ જ અગત્યનો છે. કારણ કે એવા ઘણા બધા ઉદાહરણો છે. જેમાં આવડત હોય, હોશિયાર હોય છે, ગુનાઓ કરવામાં શામેલ હોય છે. પરંતુ જો તેને યોગ્ય માર્ગની જાણકારી ન હોય તો યોગ્ય માર્ગે ઓળખી શકતો નથી. સક્ષમ હોય તો તે ખોટા માર્ગે પણ જઈ શકે છે. તે ખૂબ અગત્યનું બનીને દેશ, સમાજ, ઘણું નુકસાન પહોંચાડી શકે છે.

"Education is the Manifestation of the Perfection Already Existing in the men."

– SWAMI VIVEKANAND

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

સ્વામી વિવેકાનંદ પણ એ સમજાવતાં સંપન્ન કરે છે. કે વ્યક્તિમાં રહેલા ગુણોને બહાર કાઢવાનું કામ જ શિક્ષકનું છે. આ પ્રક્રિયાને જ "શિક્ષણ" કહેવામાં આવે છે. " શિક્ષણ એ માનવોમાં પહેલેથી રહેલા પૂર્ણતાનું પ્રગટીકરણ છે."

ગાંધીજી એ પણ આ જ કહ્યું છે: વ્યક્તિમાં રહેલા સારા ગુણોને ઓળખવાનું, પારખવાનું અને તેને ખીલવવાનું કામ શિક્ષકનું છે.

" વ્યક્તિના શરીર, મન અને આત્મામાં રહેલા ઉત્તમ અંશોનું આવિષ્કરણ એટલે શિક્ષણ "

– ગાંધીજી

- નિર્મલસિંહ. જી. ગોહિલ

SAKHEE

Scanned with CamScanner

विद्वत्त्वं दक्षता शीलं संक्रान्तिरनुशीलनम्।
शिक्षकस्य गुणाः सप्त सचेतस्त्वं प्रसन्नता॥

અર્થાત્‌:-

શીખવું, કાર્યક્ષમતા, પાત્ર, પરિવર્તન અને અભ્યાસ, ચેતના અને પ્રસન્નતા એ શિક્ષકના સાત ગુણો છે.

આ શ્લોકમાં શિક્ષક ના ગુણો વિશેની વાત કરી છે. એટલે કે આદર્શ શિક્ષકમાં આ સાત(7) ગુણો હોવા અનિવાર્ય છે. નહિ તો તે શિક્ષક બનવા યોગ્ય થી. જેવી રીતે કે કોઈ વૃક્ષ આપણને ઓક્સિજન આપે, છાયડો આપે, ફળ આપે, લાકડા આપે, જમીનનું ધોવાણ અટકાવે, વરસાદ લાવે, વાતાવરણ શુદ્ધ રાખે, પક્ષીઓને આશરો આપે. તો જેવી રીતે કોઈ વૃક્ષમાં આટલા બધા ગુણો છે. આવી બધી રીતે ઉપયોગી છે. તેવી જ રીતે શિક્ષક માં પણ આ બધા ગુણો હોવા અનિવાર્ય છે. અને આ ગુણો થી તે સમાજ, રાષ્ટ્ર, દેશને ઉપયોગ માં આવી શકે છે.

શિક્ષક એ ભુવન વિધાતા છે.
— વિનોબા ભાવે.

- શિક્ષક હંમેશા શીખતો રહેતો હોવો જોઈએ. તે હંમેશા કાર્યશીલ હોય છે. તેની જ્ઞાનવૃત્તિ હંમેશા Active mode પર હોય છે. તે અભ્યાસુ હોવો જોઈએ. શિક્ષક જ સાચા અર્થમાં વ્યક્તિનો નિર્માતા છે. તેજ દેશ, સમાજ કે રાષ્ટ્ર નું ભવિષ્ય નક્કી કરતો હોય છે. અને ભારત દેશની ગુરુ-શિષ્ય પરંપરા પણ આમાં સમાવિષ્ટ છે. શિક્ષક માટે અર્થશાસ્ત્રી ચાણક્ય એ કહ્યું છે.

॥ शिक्षक कभी साधारण नहीं होता प्रलय और निर्माण उसकी गोद में पलते हैं।
— चाणक्य


SAKHEE

Scanned with CamScanner

Page :

Date : / /202

ભારતમાં અનેક ઉદાહરણો મળી આવે છે આ અર્થમાં શિક્ષકની ભૂમિકા ભજવવામાં નિપુણ હોય તથા આપણી ભારતીય સંસ્કૃતિમાં છે. જેમકે ચાણક્ય, પરશુરામ, દ્રોણાચાર્ય, આચાર્ય નાગાર્જુન, આદિ શંકરાચાર્ય જેવા મહાન શિક્ષકો આપણા દેશમાં થઈ ગયા.

આ શિક્ષકો એ સાચા અર્થમાં ગુરુનું ઉદાહરણ છે. આ ગુરુઓ શિક્ષકમાં જે ગુણોની જરૂરત હોય તે બધાજ ગુણોને આત્મસાત કરીને જીવન જીવ્યા છે. એને સાચા અર્થમાં ગુરુ અથવા શિક્ષક જનની સમગ્ર વૃદ્ધિ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

- નિર્મલસિંહ. યુ. ગોહિલ

Scanned with CamScanner

Page :

Date : 21 /08 /2023

"શિક્ષક પોતે શીખતો ન રહે, તો એ શીખવી ન શકે."

— રવીન્દ્રનાથ ટાગોર.

કવિ રવીન્દ્રનાથ ટાગોર આ કાવ્યપંક્તિમાં શિક્ષક પોતે સતત અભ્યાસ ન કરે તો એ બીજાને શીખવી શકતો નથી. આ વાતનો નિર્દેશ કરે છે.

બધા વ્યવસાય કરતાં શિક્ષકના વ્યવસાયને પવિત્ર ગણવામાં આવે છે. તેનું કારણ કે તે દેશના ભાવિ નાગરિકો તૈયાર કરે છે. તેના જ હાથમાં જ દેશનું ભવિષ્ય હોય છે. શિક્ષકનો પણ ધર્મ હોય છે. તેના રહેન સહનને આસરૂપવી બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકે છે. પહેલા અને આજે પણ ભલે કે ભિન્ન થાય છે કે શિક્ષક કેવો હોવો જોઈએ. આ વાત પણ સાચી છે. જેના હાથમાં ભાવિ દેશ તૈયાર કરવાનો હોય તે ભણેલો તો ન જ હોવો જોઈએ.

'સાચી દૃષ્ટિએ શિક્ષક એ જે શીખતો રહે અને શીખવતો રહે, સમતાની સાથે સમભાવવાન હોય, કલાકાર અને કર્તવ્યનિષ્ઠ હોય.

- Shishi Tandel.

નવી નવી પરિસ્થિતિનો સામનો કરવા માટે શિક્ષકે સતત અભ્યાસ કરવો પડે છે. આજના ટેકનોલોજી યુગમાં શિક્ષકે સતત અપડેટ રહેવું પડે. આજના આધુનિક યુગમાં શિક્ષણમાં પણ ટેકનોલોજીનો વ્યાપ ઘણો વધ્યો છે. આજે શિક્ષણ કાર્ય ઓનલાઈન થઈ ગયું છે. આ બધા નવા નવા પડકારોનો સામનો કરવા શિક્ષકએ પોતે સતત શીખવું પડે છે જેથી એ તેના વિદ્યાર્થીઓને તેના જેવી શક્તિ આપી શકે અને તેમને શીખવી શકે.

Page :

Date : / /202

શિક્ષક જ્ઞાનનો ~~ભંડ~~ ભંડાર હોવો જોઈએ. બધા જ જ્ઞાનનું જ્ઞાન અને તેના વિષયોની માહિતી શિક્ષક પાસે હોવી જોઈએ. આ માટે શિક્ષકએ વિવિધ ગ્રંથ પુસ્તકો, વર્તમાનપત્રો, નવી નીતિ વગેરેનો સતત અભ્યાસ કરવું પડે. જેથી તેના આધારે તે બીજાને માહિતી આપી શકે અને શીખવી શકે.

'કહેવાય છે કે દેશનું ભાવિ વર્ગખંડમાં ઘડાય રહ્યું છે. દેશના ભાવિ નાગરિકોના ઘડતરમાં તેનું આગવું યોગદાન હોય છે. ભલેને કોઈપણ દેશની પ્રગતિ શિક્ષણ આયોજનની ભૌતિક સુવિધા ગમે તેટલી આપવાથી જ થઈ શકે છે પરંતુ જ્યારે શિક્ષક પોતે જ શીખતો ન હોય તો કઈ રીતે વિદ્યાર્થીને શીખવી શકે. વિદ્યાર્થીઓનું યોગ્ય ઘડતર કઈ રીતે કરી શકે. આવા શિક્ષકના કારણે એક ડોક્ટર બનતો વિદ્યાર્થી ડોક્ટર બની શકતો નથી. એક એન્જિનિયરીંગ બનતો વિદ્યાર્થી એન્જિનિયરીંગ બની શકતો નથી. તેના કારણે દેશનું ભાવિ ખોરવાઈ જાય છે.

"શિક્ષક એ જ્ઞાનની ગંગોત્રી છે!!"

શિક્ષકએ શીખવા માટે જ્ઞાનનો ભંડોળ બનવું પડે છે. જ્ઞાનનું ભંડોળ એ પુસ્તકો, વાંચવાથી પ્રાપ્ત થાય છે અને જ્ઞાનનો ફેલાવો વિદ્યાર્થીઓ આપવો જોઈએ. જેથી તેઓનો યોગ્ય વિકાસ થઈ શકે.

- Patel Sagar Hasmukhbhai
- F.Y. B.Ed.
- Accountancy and ~~Eco~~ Economic

"ગુરુને અનુકૂળ હોય એવું વર્તન રાખવું"
- ચાણક્ય

ગુરુ સાથે વિદ્યાર્થીઓને સહાનુભૂતિ રાખવી, શાળામાં અને ઘરમાં પ્રેમથી વાત કરવી, વિદ્યાર્થીઓના જીવનમાં તમારી ભૂમિકાને સમજો, માર્ગદર્શન શોધો. વર્ગખંડનું યોગ્ય અને નિશ્ચિતપણે સંચાલન કરો. મદદ માટે પૂછો અને તમારી ભૂલોમાંથી શીખો.

ગુરુની આંખ શિષ્યની શાખ છે. ગુરુની વાણી શિષ્યની લહાણી છે. ગુરુનું મુખ શિષ્યનું સુખ છે, ગુરુનો હાથ શિષ્યનો સાથ છે. ગુરુનું મસ્તક શિષ્યનું પુસ્તક છે.

" માણસના પરિવર્તન માટેના સામૂહિક યજ્ઞ એટલે જ આપણી શિક્ષણવ્યવસ્થા "
- નરેન્દ્ર મોદી

ગુરુ-શિષ્યના સંબંધ માતા-પુત્ર, પિતા-પુત્ર અને સખા જેવો હોઇએ, માઁ જેવી રીતે પુત્રને પ્રેમ કરે તેવી રીતે ગુરુ શિષ્ય સાથે પ્રેમથી વર્તન કરે. પિતા જેવી રીતે કઠોર બનીને એક પુત્રને દંડ કરે તેમ ગુરુએ પણ પ્રસંગોપાત કઠોર બનીને પોતાના શિષ્યને શિક્ષા કરવી જરૂરી છે અને જેમ સાચો મિત્ર આપણને સારાનરસાની સલાહ આપે છે તેમ ઉત્તમ ગુરુ પણ પોતાના શિષ્યને જ્ઞાન આપે છે.

→ પ્રાચીનકાળમાં ભારતમાં સાંદિપની, વશિષ્ઠ, દ્રોણાચાર્ય, અને રામ કૃષ્ણ પરમહંસ જેવા યશસ્વી ગુરુ અને કૃષ્ણ, રામ, અર્જુન, એકલવ્ય અને વિવેકાનંદ જેવાં આજ્ઞાંકિત શિષ્યો હતા. જેઓએ ગુરુની આજ્ઞાને માથે ચઢાવી તેમના આદેશને પૂર્ણ કરીને ગુરુ-શિષ્ય

SAKHEE

Scanned with CamScanner

પરંપરાને વિશ્વ સમક્ષ ઉજાગર કરી છે.

માનવી ભલે ૨૧મી સદીમાં પહોંચ્યો હોય, પરંતુ આજ આપણી વર્ષો જૂની ગુરુ-શિષ્ય પરંપરા એના વતન ક્યાંય જોવા મળતી નથી.

જ્યારે શિષ્યત્વની વાત આવે છે, ત્યારે શિક્ષકના મૂલ્યો અને ઉપદેશોને મૂર્ત બનાવવું આવશ્યક છે. આદરણીય, સચેત, અને પ્રતિબદ્ધ બનીને, શિષ્યો તેમનું સમર્પણ દર્શાવે છે, અને તેમના શિક્ષક દ્વારા આપવામાં આવેલ શાણપણનું સન્માન કરે છે. તેમના ઉપદેશોને આગળ ધપાવવા અને તેમને ગર્વ કરાવવાની આ એક સુંદર રીત છે.

રાવળ મયુર ભરતભાઈ.

Page :

Date : / /202

> આપણી શિક્ષણવ્યવસ્થા
> બાળકને ચશ્મા આપે છે.
> પણ દ્રષ્ટિ નથી આપતી
>
> - અનિલ જોશી.

ઉપરોક્ત વિધાનમા અનિલ જોશીએ ઓછા શબ્દોમા વધુ અર્થસભર વાત કરી છે કે આપણી શિક્ષણ વ્યવસ્થાએ બાળકને ચશ્મા આપે છે. પણ દ્રષ્ટિ આપી નથી.

શિક્ષણનો ખરો અર્થ થાય છે કે મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરીને વર્તન અને જીવનને બદલવાના પ્રયત્નો કરવા. પરંતુ આજના યુગનુ જો નિરિક્ષણ કરવામા આવે તો જણાશે કે બાળકો ફક્ત પરિક્ષામા પાસ થવાના હેતુથી અભ્યાસ કરતા હોય છે. પરંતુ તેમનુ વ્યવહાર વર્તન એ અભણ વ્યક્તિ કરતા પણ ખરાબ જોવા મળે છે.

મુનિ ઉદયવલ્લભ કહ્યુ છે કે

> ભણતર માટે પરિક્ષા હોવાને બદલે
> આજે પરિક્ષા માટે ભણતર થયુ છે.
> સાધન સાધ્ય બની ગયું છે.

ઉપરોક્ત વિધાનમા સમજાવ્યુ છે કે જ્યારે કોઇ વિધાર્થી એવા હોય છે કે હમણા ભણવાની જરૂર શુ છે.? હું તો ઘણો હોશીયાર છુ, જ્યારે પરિક્ષાનો સમય આવે છે તેના ત્રણ દિવસ પહેલા વાંચીને પરિક્ષા પાસ કરીને પહેલા નંબર પણ આવે છે પરંતુ જ્યારે તે વિધાર્થીને તે ભણતર શુ ~~ફાદ~~ ફાયદો થાય છે એને સમજાતુ નથી.

જ્યારે એ વિધાર્થી આગળ વધે છે. અને તેના પુર્વજ્ઞાનની જરૂર પડે છે ત્યારે તેને કઇ સમજાતુ નથી. અને તે ત્યારે પોતાના કામ પુર્ણ કરવામા નિસફલ થઇ જાય છે

Page :
Date : / /202

જ્યારે ગણિતના વિષયમા જ્યારે ગણિતનો સુત્ર ગોઠવાડવામા આવે છે. ત્યારે તે સમજી જાય છે. અને લખીને પરીક્ષામા માર્ક પણ લાવે છે. પરંતુ જ્યારે વ્યવહારમા તે સુત્રની જરૂર ઊભી થાય છે. ત્યારે વિદ્યાર્થીને તે સમજાતુ નથી. તો શુ આવા શિક્ષણની કોઇ અર્થ ખરો?

વિદ્યાર્થી પરીક્ષા પુર્વે બધા પુસ્તકો વાંચીને સરસ માર્ક લાવે છે. પરંતુ વ્યવહારમાં તે જ્ઞાનનો ઉપયોગ લેવા આવડતો નથી. તેથી જ કહેવાયુ છે કે આજની શિક્ષણવ્યવસ્થા બાળકોને પરથમા તો આપે છે પરંતુ બાળકોને દૃષ્ટિ આપતી નથી.

નામ:- રાઠવા ફાઈકાઇ

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : 31/08/2023

"જે કેળવે તે કેળવણી ને શીખવે તે શિક્ષણ"

- રવિશંકર મહારાજ.

આમીર ખાન "Three Idiot" માં કહે છે, ચાબુક ના ડર થી સરકસનો સિંહ પણ ખેલાળીને કરતબ બતાવે છે. તો આપણે તેને "Well trained", કહીશુ "Well educate" નહીં. trained હોવું અને educate હોવું તેમાં ફેર છે. જે બીકોનું સાન ભયયુક્ત છે. તે કેળવણી નથી. કેળવણી સમસ્ત જીવનને કેળવવાની સાધના અથવા કળા છે. જે દ્વારા સંપૂર્ણ વ્યક્તિત્વ કેળવાય છે. જે માનવને માનવતાથી મંડિત કરે છે. અંદરની દિવ્યતાને બહાર લાવે છે. કેળવણી એ નર માંથી નારાયણ. બનવાનો, પુરુષ માંથી પુરુષોત્તમ પદે પહોંચવાનો સેતુ છે. ભગવાન શંકરાચાર્ય આ વિદ્યા - કેળવણીને વર્ણવે છે. કેળવણી લીધા પછી અસત્યમાંથી નિવૃત્ત થવાનું તેમ શંકરાચાર્ય કહે છે. આજે ચારે બાજુ અસત્યો છે, ભ્રષ્ટાચાર છે, ષડયંત્રો છે જીવન માં ડગલે ને પગલે અસત્ય છે. આપણે અસત્યોથી અસત્ પદાર્થોમાંથી મન ઉપરામ કરવાનું છે. સત્ય ની સત્તાને ઓળખીને સમગ્ર જીવનને સત્યમય કરવાનું છે. આ કેળવણી નો ખરી વ્યાખ્યા છે. માનવ અનિતી, દાનવતા, રાવણત્વ થી બચે અને માનવતા થી મંડિત બની મુક્ત શ્વાસ લે તે કેળવણીનું કે વિદ્યાનું મહાન લક્ષ્ય હોવું જોઈએ. કેળવાયેલો પોતે માયાના બંધનોથી મુક્ત થાય છે. અશાંતિમાંથી શાંતિ માં પ્રતિષ્ઠિત બને છે. અને બીજા ઇતરો ને બંધનમાંથી મુક્તિ અપાવે છે, ત્રસ્ત જીવો ને શીતળ છાયા પ્રદાન કરાવે છે, કરમાયેલા વેરાન જીવોના જીવન માં હરિયાળી ક્રાંતિ આણી છે. માનવ બલિદાન અને સમર્પણ માટે શક્તિ રેડવા બહાર આવે તે કેળવણી નું કામ છે.

ચિન્મય. એમ. જાની.
F.Y. B.Ed. Roll No-52


SAKHEE

Scanned with CamScanner

"ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર
ગુરુર્સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ"

" આ જીવન માટે મારા માતા-પિતાનો ઋણી છું. પણ
ા જીવને સારું બનાવવા માટે મારા શિક્ષકોનો
ઋણી છું."

" માતા પિતાની પ્રતિમા છે મારા ગુરુ, આ કળયુગ
ં ઈશ્વર નો અંશ છે મારા ગુરુ" શિક્ષક એક મીણબત્તી ની
વા હોય છે. જે પોતે બળી ને બીજાને ઉજાશ આપે છે.
ાતા પિતા થી પણ ઊંચુ માન હોય છે. આખી દુનિયા માં
શિક્ષકોનું સન્માન હોય છે."

સત્ય અને ન્યાયના રસ્તા પર ચાલવું શિક્ષક જ
ાપણ ને શીખવાડે છે. જીવનની કઠિનાઈઓ સાથે લડવું
ાપણને શિક્ષક જ શીખવાડે છે. આ ગુરુ વગર
 મ કેટલાં સફર રહો પણ સર્વશ્રેષ્ઠ બની શકતા
નથી.

"હું આજે જે કંઈ પણ છું તેમાં મારા ગુરુનો સૌથી
ટો હાથ છે.

આપણા સમાજમાં વાસ્તવિક શિલ્પકાર શિક્ષક હોય છે.
બનાવે આપણને માણસ અને આપે સાચા ની સમજ
ાના એ નિર્માતા ઓને અમે કરીએ વંદન. શિક્ષક એવા
ક્તિ હોય છે જે કોઈ વ્યક્તિ ને અંધારા માંથી પ્રકાશ
રફ લઈ જાય છે. સંસારમાં ગુરુ જ એવા હોય છે જે પોતાના
્યોની સફળતા ઈચ્છા રાખે છે.

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

"શિક્ષણ કોઈ સમસ્યા નથી.
શિક્ષણ એક તક છે."

— લિન્ડન. બી. જોહ્નસન.

શિક્ષણ કોઈ સમસ્યા નથી. શિક્ષણ એક તક છે. શિક્ષણ એ આઝાદીના સોનેરી દરવાજાને ખોલવાની ચાવી છે. શીખવાથી મન ક્યારેય થાકી જતું નથી. શિક્ષણ મન ભરવા માટેનું પાત્ર નથી, પરંતુ શિક્ષણ જીવન પ્રગટાવવા માટેનો અગ્નિ છે.

શિક્ષણ માત્ર શાળાએ જવાનું અને ડિગ્રી મેળવવાનું નથી. તે તમારા જ્ઞાનને વિસ્તૃત કરવા માટે અને જીવન વિશે સત્યને ગ્રહણ કરવા વિશે છે.

શિક્ષણના મૂળ કડવા હોય છે, પરંતુ ફળ મીઠા હોય છે. શિક્ષણ એ તથ્યો શીખવવાનું નથી, પરંતુ વિચારવા માટે મનની તાલીમ છે. શિક્ષણ એ વ્યક્તિગત વિકાસનું મહાન એન્જિન છે. શિક્ષણનો હેતુ ખાલી મનને ખુલ્લા મનથી બદલવાનો છે.

શિક્ષણ એ અંધકારથી પ્રકાશની ચળવળ છે. શિક્ષણ મનને ભરવા માટે નથી, તે કલ્પનાને પ્રકાશિત કરવા માટે છે. શિક્ષણ એ છે કે શાળામાં જે શીખ્યા છે તે ભૂલી ગયા પછી શું રહે છે. - આલ્બર્ટ આઈન્સ્ટાઈન.

શીખવું એ એક ખજાનો છે જે તેના માલિકને દરેક જગ્યાએ અનુસરશે. ભવિષ્યની આગાહી કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે તે બનાવવાનું છે. - પીટર ડ્રકર.

SAKHEE

Scanned with CamScanner

Page :

Date : / /202

શિક્ષણ માત્ર મગજ ને ભણાવવા માટે જ નથી. તે સમગ્ર અસ્તિત્વ ને પોષવા માટે છે.

પ્રજાપતિ મનિષા. એમ.

Scanned with CamScanner

Page: 1
Date: 31/08/2023

" મારી દૃષ્ટિએ શિક્ષક એટલે
શીખતો રહે અને શીખવતો રહે
ક્ષમતાવાનની સાથે ક્ષમાવાન હોય
કલાકાર અને કર્તવ્યનિષ્ઠ હોય. "

- શિશિર ટંડેલ

શિક્ષક એ શીખવતો અને શિક્ષણકાર્ય માર્ગદર્શનમાં રહેતો એવી જ ક્ષમતાવાન વ્યક્તિ છે, જે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરે છે. તે આપેલી કર્તવ્ય નિષ્ઠાથી પૂર્ણ રીતે નિભાવે છે.

" શિક્ષક એટલે જ્ઞાનનું પ્રવાહ. કર્તવ્ય નિષ્ઠા અને કલાકારીની મૂર્તિ તે સાથે જીવનની મૂળભૂત શિક્ષા છે, જે તેમને શિક્ષાર્થીઓને સોંપે છે. તેમની નિષ્ઠા અને કુશળતા તેમના શિક્ષાર્થીઓને ક્ષમતાવાન બનાવે છે. જે સમાજની નિર્માણની મૂળમાં આધારીત છે. તે એક કલાકાર રીતે વિદ્યાર્થીઓને મુખ્ય અને લાભદાયક પ્રશ્નોમાં વિચારણી અને તેમની રુચિને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ રીતે શિક્ષક આવશ્યક તે આગામી પેઢીને માર્ગદર્શિત અને પ્રેરિત કરે છે."

" શિક્ષક: જ્ઞાનનો સ્ત્રોત અને સમાજનો નિર્માતા. "

શિક્ષક એવી વ્યક્તિ છે. જે સમાજની મૂળભૂત આવશ્યકતાઓને પૂરી પાડી, વિકાસને મૂકે છે. તેમની વિશેષતા છે કે તે શીખવવાનું અને શીખવવાની કળાને માસ્ટર કરેલી છે. શિક્ષક વિદ્યાર્થીને પ્રેરિત કરે, તેમ કે તેમની રુચિને વિકસાવે છે. આ પ્રકારે તે શિક્ષાનો પ્રેમ અને માનવીય મૂલ્યોનો પાલન કરે છે.



SAKHEE

Scanned with CamScanner

શિક્ષકની કાર્યો માતૃભાષાની માન્યતા, શિક્ષાની ક્ષમતા અને વિદ્યાર્થીની રુચિઓને સમજવામાં આવે છે. તેમનું કર્તવ્ય છે કે વિદ્યાર્થીને નૈતિક મૂલ્યોની પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ આપવું. શિક્ષક વિદ્યાર્થીને માનવીય મૂલ્યો અને સામાજિક જવાબદારીઓની જાણકારી આપે છે. જે તેને જીવનમાં શિક્ષણાત્મક અને નૈતિક મૂલ્યોનો સંચાલન કરવામાં મદદ કરે છે.

શિક્ષક નાનાં વયના વિદ્યાર્થીઓની જીવનમાં માર્ગદર્શન આપે છે. જે તેમની ભવિષ્યને પ્રકારે મોટું અને સતત બનાવે છે તેમ રીતે. શિક્ષક સમાજના મૂળ મૂલ્યોની રક્ષણ અને વૃદ્ધિનો એક મહત્વપૂર્ણ અંગ છે.

Name : parmar vanitaben m.

Page :
Date :   /   /202

> "શિક્ષકનું મહાન મિશન છે
> તરુણ મગજને પ્રજ્વલિત કરવાનું."

— એ.પી.જે. અબ્દુલ કલામ

વ્યક્તિના જીવનમાં શિક્ષણનું સૌથી વધુ મહત્વ છે. વ્યક્તિના જીવનને શણગારવા માટે શિક્ષક એક મોટી અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે વ્યક્તિને સફળતા પ્રાપ્ત કરવા માટે ઘણી મદદ કરે છે. તે વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્ય ના સ્તર, વિશ્વાસ અને આત્મવિશ્વાસને વધારવાનું કામ કરે છે. બાળક જ્યારે શાળાએ જવા લાગે છે ત્યારે તેના જીવનમાં એક શિક્ષક પણ અગત્યની ભૂમિકા ભજવે છે. એક શિક્ષક જ ઈશ્વરના રૂપમાં બાળકની મદદ કરે છે અને બાળકના જીવનને ઘડે છે.

શિક્ષક એ ઘણા વિદ્યાર્થીઓનું જીવન ઉજાગર કરે છે. શિક્ષકોને ગુરુ માનવામાં આવે છે. કારણ કે તેઓ વિદ્યાર્થીઓના વૃદ્ધિ કરે છે. શાળાઓમાં શિક્ષક તરફથી આપણને જીવનમાં ઘણી બધી વાતો શીખવા મળે છે. સારો શિક્ષક ઘણા વિદ્યાર્થીઓના જીવનમાં સારા વિચારનું સિંચન કરે છે.

> "શિક્ષક એવા વ્યક્તિ હોય છે જે
> કોઈપણ વ્યક્તિને અંધારામાંથી
> પ્રકાશ તરફ લઈ જાય છે."

શિક્ષણ કોરી પાટીમાં સુંદર અક્ષરો રૂપી કેળવણી કરીને વ્યક્તિની જિંદગીને નવો વળાંક આપવા મદદ કરે. નાના ભૂલકા સામે ભૂલકો બની લાગણી વસાવીને અમૂલ્ય જીવનનું મૂલ્ય સમજાવે.

SAKHEE

Page :
Date : / /202

શિક્ષક વિદ્યાર્થીને 'શાબાશ', 'વાહ' જેવા શબ્દો કહીને આત્મપ્રેરિત કરી સિદ્ધિ હાંસલ કરવાની પ્રેરણા આપે છે.

શિક્ષક વ્યક્તિના ચરિત્ર અને ભવિષ્યને આકાર આપવાનું કાર્ય કરે છે. શિક્ષક એવી એક કડી છે. કે એક નાનકડા બાળકને સમાજમાં અને જીવનમાં કેવી રીતે આગળ વધવું, વિદ્યાર્થીને સાચું - ખોટું અને સારુ - ખરાબની ઓળખ કરાવવા માટે બાળકની અંદર રહેલી શક્તિઓને વિકસિત કરવાની આંતરિક શક્તિને વિકસિત કરે છે. એક માણસના જીવનમાં સૌથી વધારે મહત્ત્વ શિક્ષકનું છે. કારણ કે શિક્ષક જ વિદ્યાર્થીના જ્ઞાનનું એકમાત્ર સહાયક સામગ્રી છે.

વ્યક્તિને રોટલી કેમ રળવી તે નહીં પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો ? તેની કેળવણી આપવાનું કામ શિક્ષકનું છે.

આમ, મહાન શિક્ષક સમજણ, નિર્દેશન અને પ્રેરણા આપે છે, અને બાળકોના ભવિષ્યને ઉજ્વળ બનાવાનું કામ કરે છે.

Ahir Mohini A.



Scanned with CamScanner

## "વર્ગને સ્વર્ગ બનાવે તે શિક્ષક"

વર્ગમાં શિક્ષકની ભૂમિકા કેન્દ્ર, ફિલોસોફર, અને માર્ગદર્શકની વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે. શિક્ષક આ ત્રણેય ભૂમિકા વર્ગમાં ભજવે છે અને વર્ગને સ્વર્ગ બનાવવામાં પ્રયત્ન કરે છે. તેઓ માત્ર શૈક્ષણિક કૌશલ્યો જ નહીં પરંતુ બહુવિધ કૌશલ્યોના વિકાસમાં પણ મદદ કરે છે. તેઓ ઉદાહરણો, વાસ્તવિક જીવનના દૃશ્યો વર્ગોની મદદથી વિષયોને સમજાવવા માટે વાસ્તવિક જીવનના જોડાણો કરે છે. શિક્ષકો જ્ઞાન, સારા મૂલ્યો, પરંપરા, આધુનિક સમયના પડકારો અને તેમને દૂર કરવાની રીતો આપીને શીખવાની મજા બનાવે છે. આમ, શિક્ષકોનો પ્રભાવ વર્ગખંડને બહાર વિસ્તરે છે. તેઓ માત્ર શાળાના શિક્ષકની ગુણવત્તામાં સુધારો કરતા નથી પરંતુ તેમના વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડે છે તેઓ નવી પેઢીઓને વધુ સારી દુનિયા બનાવવા માટે શિક્ષિત કરવાની જવાબદારી ઉપાડે છે. એક મહાન શિક્ષક જ્ઞાન પ્રાપ્તિનો ફેલાવો કરવા માટે હૃદયને ઉત્તેજન આપે છે. અન્ય કોઈ પણ વ્યવસાયની તુલનામાં શિક્ષકો પાસે સૌથી મહત્વપૂર્ણ કામ છે. તેઓ તેમના શિક્ષક દ્વારા ઘણા વિદ્યાર્થીઓને જીવનમાં પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. અને સમાજને અસર કરે છે.

SAKHEE

Scanned with CamScanner

Page :

Date : / /202

આદર્શ શિક્ષક ખરી નિષ્ઠાથી તથા ઉત્સાહથી પોતાના કર્તવ્યનું પાલન કરે છે પોતાના વિષયની પૂર્વ તૈયારી કરીને જ વર્ગમાં જાય છે. વિદ્યાર્થીઓને ભણવામાં રસ પડે અને વિદ્યાર્થીઓ સારી રીતે ભણી શકે તેની પૂરતી કાળજી રાખે છે. તે અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન અને હોશિયાર વિદ્યાર્થીઓને આગળ વધવાનું પ્રોત્સાહન આપે છે.

- પટેલ રીંકલ આર

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

"શિક્ષણ એ વ્યક્તિગત વિકાસનું મહાન એન્જીન છે."

– નેલ્સન મંડેલા

શિક્ષણ એ એક આવશ્યક સાધન છે, જે વ્યક્તિના જીવનમાં સર્વાંગી વિકાસ માટે સૌથી મહત્વપૂર્ણ છે. સુખી જીવન જીવવા અને વિશ્વએ આપણને જે સારી વસ્તુઓ ઓફર કરી છે. તેનો આનંદ માણવા માટે શિક્ષણ હોવું જરૂરી છે.

શિક્ષણ સાચા અને ખોટા વચ્ચેના ભેદની વ્યક્તિની સમજણ વધારે છે. શિક્ષણ વ્યક્તિને આર્થિક અને સામાજિક બંને રીતે સ્વતંત્ર બનાવવામાં મોટી ભૂમિકા ભજવે છે. જેમ વ્યક્તિને આજના વિશ્વમાં રહેવા માટે પૈસાનું મહત્વ છે. તેમ કારકિર્દીના વધુ સારા વિકલ્પો પસંદ કરવા માટે વ્યક્તિનું શિક્ષિત હોવું વધુ મહત્વનું છે. શિક્ષણએ વ્યક્તિને આત્મનિર્ભર બનાવે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ અમુક ચોક્કસ નિર્ણય સમજદારીપૂર્વક લઈ શકે છે.

શિક્ષણ થકી વ્યક્તિ વધુ વિકાસ પામે છે. અને સાથે સાથે ગુણવત્તા પણ સુધરે છે. વિદ્યાર્થીના જીવનમાં શિક્ષણએ સૌથી મહત્વની પાસું છે. તે ઓક્સિજન જેવું જ છે. કારણ કે વ્યક્તિને સ્પર્ધાત્મક વિશ્વમાં ટકી રહેવા માટે જરૂરી જ્ઞાન અને કુશળતા આપે છે. શિક્ષણના વિના જીવનમાં સફળતા મળી શકતી નથી. વ્યક્તિને આ આધુનિક વિશ્વમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો શિક્ષણ મેળવવું ખૂબ જ જરૂરી છે.

શિક્ષણએ વ્યક્તિને સમાજમાં પોતાના વિચારો અને અભિપ્રાયો વ્યક્ત કરવાનો આત્મવિશ્વાસ આપે છે. શિક્ષણ વ્યક્તિનું મન ખોલે છે. અને તેને સફળતા અને સમૃદ્ધિના વિવિધ માર્ગો બનાવે છે. શિક્ષણ વ્યક્તિના જીવનમાં આવતા વિવિધ પડકારો સામે સામનો કરવા મદદ કરે છે. શિક્ષણ વ્યક્તિના જીવનને સફળ બનાવવામાં મદદ કરે છે.

"ક્ષણે ક્ષણને ઉજવાળે તે શિક્ષણ"

નામ : આહિર મોહિની



Scanned with CamScanner

Page :
Date : / /202

" Education is one thing no one can take away from you."

- Elin Nordegreen.

The above quote is of a well known model of swedish. She beleives in humanity so, she served as an nanny.

The quote starting lines describes the significane of education in one's life. Education is one thing no one can take away from you. All the material things in the world can be taken away but, education is the thing which can't. Material things like Gold, Silver, Goods etc. can be taken away or can be stolen but, education is an immaterial.

When we educate other it increase our knowledge and leads us towards the path of success. If we spent or give money to others our wealth will be

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

decreasing but when we give education to other it increases.

In this way, we can conclude that when we have education and knowledge of something it can't be taken away from us. In the materialistic world education is one thing which can't be stolen or taken away from us.

Name :- MISHRA SHALU

SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

"શિક્ષણ એ જીવનની તૈયારી નથી.
શિક્ષણ એ જ જીવન છે."

— જોન ડેવીડ

ઉપરોક્ત વિધાનમાં ડેવીડ કહે છે. શિક્ષક એ જીવનની તૈયારી નથી પરંતુ શિક્ષણ એ જ જીવન છે.

શિક્ષણ પ્રક્રિયાનો આરંભ એ માતાના ગર્ભથી શરૂ થાય છે. અને કબર સુધી ચાલુ રહે છે. એટલે કે મૃત્યુ સુધી ચાલતી પ્રક્રિયા છે. એ માટે ઉત્તમ ઉદાહરણ એટલે કે અભિમન્યુ કે જેણે પોતાના માતા સુભદ્રા ના ગર્ભમાં સાત કોઠા નો જ્ઞાન શિખ્યો હતો. અને પોતાના અંતિમ શ્વાસ સુધી ને શિખતો રહીયો છે.

એટલે જ શિક્ષણ ને જીવન જીવવાની તૈયારી કહેવું એ તદ્દન ખોટું છે. માનવી ક્ષણે ને પળે શિખતો રહે છે. અને પોતાના અંતિમ શ્વાસ સુધી શિખતો રહે છે.

વિનોબા ભાવે એ કહ્યું છે કે " શિક્ષક હોય છે તે વિદ્યાર્થી પણ હોય છે."

જે શિક્ષક કે જેને પ્રાચીન સમય થી સન્માનીય વ્યક્તિ છે. તે આજીવન વિદ્યાર્થી રહે છે. પછી બીજા માનવની વાત શું કરવી ?

Page :

Date : / /202

તેથી જ ડેવીડે કહ્યું છે કે શિક્ષણ
એ જીવન જીવવાની તૈયારી નથી
પરંતુ શિક્ષણ એ જ જીવન
છે.

વઆલા અનિતાબેન મુકુંદદાસભાઈ
રોલ નં - 46

"અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવનારને ગુરુ કહેવામાં આવે છે."

– સ્કંદપુરાણ.

શિક્ષણ વ્યવસ્થાએ સમાજનું હૃદય છે. હૃદય શુદ્ધ, શક્તિશાળી અને ભાવપૂર્ણ હોય તો સમાજ નિરોગી, સમર્થ અને દિવ્ય બને, ધ્યેયલક્ષી, ગુણાકાંક્ષી અને તેજસ્વી રહે અને પ્રગતિના પંથે આગળ વધતો રહે.

આજે શિક્ષણનું પ્રમાણપત્ર લઈને બહાર નીકળતો યુવાન શિક્ષિત થયેલો લાગે છે ખરો? ધ્યેયશુન્ય જીવન, તીવ્ર ભોગલાલસા અને તે માટે વિત્તમેળવવા મારેલાં વલખાં-બસ, આનાથી વિશેષ કંઈ આજના શિક્ષિતોના જીવનમાં જોવા મળે છે ખરું? સત્તા, સંપત્તિ અને શક્તિ જેનામાં છે તે નિર્બળ, અબુધનું શોષણ કરીને દેશની પાયમાલી થવા દઈને પણ વધુ ઊંચુ ઊઠવા લગાતાર ઉદ્યમ કરતો રહે છે. જે નોકરીએ લાગેલો છે તેની વૃત્તિ "ઓછું કામ અને વધુમાં વધુ દામ" માટેની જોવા મળે છે. તેના માટે કૃતજ્ઞતા અને પ્રામાણિકતા જેવા શબ્દો હાસ્યાસ્પદ બની ગયેલા છે. કર્મ દેવો ભવ- આની કલ્પના નથી. યોગ કર્મસુ કૌશલમ આનો વિચાર નથી.

આજના યુવાન પાસે છે બહુધા તકલાદી દેહ, એમાં કાંપતું ચંચળ મન, સંકુચિત દ્રષ્ટિ, કાવાદાવામાં રાચતી બુદ્ધિ, અર્થ મેળવવા આંધળી દોટ, ભોગાશક્તિ અને સ્વાર્થપરાયણતા.



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

આજના યુવાન પાસે નથી મા-બાપ માટેનો આદર, સમાજ પ્રત્યેની ફરજ, મિત્ર-કુટુંબ માટેની લાગણી અને દેશદાઝ, પ્રકૃતિ પરંપરા માટેનો પ્રેમ, સંસ્કૃતિ માટેનું ગૌરવ અને જીવન પ્રત્યેનો વિધાયક દૃષ્ટિકોણ.

નિષ્કર્ષ :- શિક્ષણથી ફક્ત પુસ્તકનું જ્ઞાન ન મળતા તેનાથી તેનો આંતરિક અને બાહ્યવિકાસ પણ થવો જોઇએ.

નામ :- મિસ્ત્રી જિજ્ઞાસા એમ.
રોલ નંબર :- 10



SAKHEE

Scanned with CamScanner

Page :
Date : / /202

> "આ જીવન માટે મારા માતા-પિતાનો ઋણી છું,
> પણ આ જીવનને સારું બનાવવા
> માટે મારા શિક્ષકનો ઋણી છું."

શિક્ષકને બાળકના જીવનમાં માતા-પિતા પછી બીજા નંબરની સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ માનવામાં આવે છે. શિક્ષકોને માતા સમાન સ્થાન આપવામાં આવે છે. કારણ કે તેઓ તેમનું આખું જીવન વિદ્યાર્થીઓને ઘડતર માટે સમર્પિત કરે છે.

~~શિક્ષકનું~~ વિદ્યાર્થી ના જીવનમાં શિક્ષકનું આગવું સ્થાન હોય છે. કારણ કે જીવન માં કંઈક કરી બતાવવાની ક્ષમતા અને શિક્ષણ આપણને એક શિક્ષક પાસેથી મળેલી હોય છે. સંપૂર્ણ ભણતર દરમિયાન આપણને ઘણા શિક્ષકો મળ્યા હોય છે, પણ કોઈક એવા શિક્ષક પણ હોય છે. આપણને સૌથી પ્રિય હોય છે. માં પછી એક શિક્ષક નો કોઈ પણ વ્યક્તિ ના જીવન માં વધુ પ્રભાવ જોવા મળે છે. શિક્ષકો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડે છે. તેઓ નવી પેઢીઓને વધુ સારી દુનિયા બનાવવા માટે શિક્ષિત કરવાની જવાબદારી ઉપાડે છે. એક મહાન શિક્ષક જ્ઞાન પ્રત્યેનો જુસ્સો અને માનવતા માટે તે જ્ઞાનનો ફેલાવો કરવા માટે હૃદયને ઉત્તેજન આપે છે. અન્ય કોઈ પણ વ્યવસાયની તુલનામાં શિક્ષકો પાસે સૌથી મહત્વપૂર્ણ કામ છે. તેઓ તેમના શિક્ષકો દ્વારા ઘણા વિદ્યાર્થીઓના જીવનમાં

SAKHEE

Scanned with CamScanner

પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. આદર્શ શિક્ષક માત્ર આદર્શ વિદ્યાર્થીઓ જ નહિ, ભવિષ્યના આદર્શ નાગરિકોને ઘડી શકે છે. આદર્શ શિક્ષક જ આદર્શ નાગરિકોને ઘડી શકે.

" ભણ્યા જ નહી માત્ર, ઊંનુ ગુર્જર ભણાવ્યાં તમે;
તમે જ ગુરુ, શિષ્ય હું, શિર સહૈવ એવા નમે.

— નિરંજન ભગત

—પટેલ રીંકલ આર.



SAKHEE

Scanned with CamScanner